सत्यमेव जयते
Government of India



# 1000 કિમી.

## ભારતીય મેટ્રો નેટવર્કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 1000 કિલોમીટરનું ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે

## પ્રધાનમંત્રી મોદીએ દિલ્હીમાં લોકોને નવા મેટ્રો પ્રોજેક્ટ અને નમો ભારતની ભેટ આપી

2002 માં વાજપેયીજી દ્વારા દિલ્હીમાં આધુનિક મેટ્રોની શરૂઆત સાથે શરૂ થયેલી યાત્રા મોદીજીના નેતૃત્વમાં દેશવ્યાપી 1000 કિલોમીટરના માઇલસ્ટોન સુધી પહોંચી ગઈ છે

## અમારી પાસે હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક છે

### કિલોમીટર ઉમેર્યા

3X

હવે 10000 કિમી.

248 કિમી. 2014 માં

### રાજ્ય સંકલિત

હવે 11 રાજ્યો - 23 શહેરો

5 રાજ્યો - 5 શહેરો 2014 માં

### દરરોજ મુસાફરી કરતા મુસાફરો

2.5X ગણા થી વધુ વધારો

હવે 1 કરોડથી વધુ

28 લાખ 2014 માં

### દરરોજ મેટ્રો ટ્રેન દ્વારા કુલ અંતર

3X

હવે 2.75 લાખ કિ.મી.

86000 કિમી. 2014 માં

cbc 44101/13/0011/2425

05 SUNDAY
JANUARY-2025
વર્ષ-14 । અંક-049 । વિક્રમ સંવત-2081 । પોષ સુદ-06 ।
પાના-12 । કિંમત 3/- । અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express Ahmedabad
RNI No.GUJGUJ/2011/40654

## હાડ થીજવતી ઠંડી ઉ.ભારતમાં વિઝિબિલિટી ‘0’ : ટ્રેન-ફ્લાઈટને અસર

દિલ્હી | ઉત્તર પ્રદેશ અને બિહાર સહિત ઉત્તર ભારતમાં ધુમ્મસ અને કોલ્ડવેવનો પણ પ્રકોપ વધી જાય છે. ઉત્તર ભારતમાં હાલમાં કડકડતી ઠંડી પડી રહી છે. ઠંડીના કારણે જનજીવન મુશ્કેલ બની રહ્યું છે. ધુમ્મસના કારણે ઝીરો વિઝિબિલિટી નોંધાઈ રહી છે, જેના કારણે હવાઈ અને રેલ ટ્રાફિક પ્રભાવિત થઈ રહ્યો છે.શનિવારે સવારે દિલ્હીના IGI એરપોર્ટ પર વિઝિબિલિટી શૂન્ય થઈ ગઈ હતી.

### સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# માતા-પિતાની સારસંભાળ ન રાખી તો સંતાનોએ સંપત્તિ પરત આપવી પડશે

**શું કહ્યું સુપ્રીમ કોર્ટે?**



તાજેતરમાં સુપ્રીમ કોર્ટે માતા-પિતાની સારસંભાળને લઈને એક ખૂબ જ મહત્તવપૂર્ણ નિર્ણય આપ્યો હતો. જેનાથી દેશના અનેક વૃદ્ધોને ફાયદો થશે. આ નિર્ણય પછી એક આશાનું કિરણ જાગ્યું છે કે સંતાનો તેમના વૃદ્ધ માતા-પિતાની સંભાળ લેશે અને તેમની સાથે સારો વ્યવહાર કરશે . ભારતમાં ઘણાં કિસ્સાઓ સામે આવ્યા છે કે, જેમાં માતા-પિતા પોતાના સંતાનોના નામે પ્રોપર્ટી ટ્રાન્સફર કર્યા બાદ સંતાનો તેમની સાથે સારો વ્યવહાર કરતા નથી અને તેમની કાળજી પણ લેતા નથી અને તેમને એકલા છોડી દે છે. જો કે, કોર્ટના આ નિર્ણય બાદ હવે તેઓ આવું કરી શકશે નહી.

**સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને ફગાવી દીધો**

જસ્ટિસ સીટી રવિકુમાર અને જસ્ટિસ સંજય કરોલની ખંડપીઠે કહ્યું હતું કે, ’આ કાયદો સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના ખતમ થયા પછી એકલા પડી ગયેલા વૃદ્ધોને મદદ કરવા માટે લાભદાયી નીવડશે અને આ કાયદો તેમના અધિકારોની સુરક્ષા માટે વધુ સારો સાબિત થશે. સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ હાઈકોર્ટના તે નિર્ણયને પણ ફગાવી દીધો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, માતા-પિતાની સેવા ન કરવાના આધારે પ્રોપર્ટી અને ગિફ્ટને રદ કરી શકાય નહીં. આવું ત્યારે જ થઇ શકે છે કે, જ્યારે પ્રોપર્ટી અથવા ગિફ્ટ આપતી વખતે તે અંગેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જ્યારે કાયદાના ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે ઉદાર વલણ અપનાવવાની જરૂર હતી. પરંતુ મધ્યપ્રદેશ હાઈકોર્ટે કાયદા અંગે ’કડક વલણ’ અપનાવ્યું હતું. આ કાયદાની કલમ 23 જણાવે છે કે, જો કોઈ વરિષ્ઠ નાગરિક તેની પ્રોપર્ટી અને ગિફ્ટ તેના સંતાનોને ટ્રાન્સફર કરે છે. તો તે શરત સાથે હશે કે તેઓ તેમની સંપૂર્ણ કાળજી રાખશે અને તેમની બધી જ જરૂરિયાતો પૂર્ણ કરશે અને જો તેઓ આવું કરવામાં નિષ્ફળ જશે તો તેમની પ્રોપર્ટીનું ટ્રાન્સફર રદબાતલ જાહેર કરવામાં આવશે. અને આવા કિસ્સામાં પ્રોપર્ટીનું ટ્રાન્સફર છેતરપિંડી અથવા બળજબરીથી કે અયોગ્ય પ્રભાવ દ્વારા કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે.

(એજન્સી) નવી દિલ્હી | તા.04

હકીકતમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે, હવે સંતાનોને માતા-પિતાની પ્રોપર્ટી અને અન્ય ગિફ્ટ મળ્યા બાદ માતા-પિતાનું ધ્યાન નહી રાખે કે અથવાતો તેમની જરૂરિયાતો પૂરી કરશે નહી કરે તો સંતાનો પાસેથી તમામ પ્રોપર્ટી અને અન્ય ગિફ્ટ પાછી લઇ લેવામાં આવશે.

વરિષ્ઠ નાગરિકોના હિતોનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યું હતું કે, જો સંતાનો માતા-પિતાની સંભાળ રાખવામાં નિષ્ફળ જાય છે. તો માતા-પિતા દ્વારા આપવામાં આવેલી પ્રોપર્ટી અને ગિફ્ટ Welfare of the Parents and Senior Citizens Actની ધારા હેઠળ રદ કરી શકાય છે. અને પ્રોપર્ટીના ટ્રાન્સફરને રદબાતલ જાહેર કરવામાં આવશે.

# ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પીઠ પાછળ ગઠબંધન થયું: કેજરીવાલનો આક્ષેપ

■ **લોકોએ કોંગ્રેસને ગંભીરતાથી લેવાનું બંધ કરી દીધું છે**

(એજન્સી) નવી દિલ્હી | તા.04

દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને AAP અને BJP વચ્ચે ચાલી રહેલા રાજકીય યુદ્ધ વચ્ચે પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે મોટું નિવેદન આપ્યું છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ’જ્યારે હું જેલમાં ગયો ત્યારે આ ભાજપના લોકોએ પાછળથી કંઈક એવું કર્યું કે લોકોને હજારો રુપિયાના પાણીના બિલ મળવા લાગ્યા. દિલ્હીના લોકો દુઃખી થાય એ અમને સ્વીકાર્ય નથી.’



આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું, ’જે લોકો વિચારે છે કે તેમના બિલ હજારો કે લાખોમાં આવ્યા છે, તેઓ ખોટા છે. તેઓએ રાહ જોવી જોઈએ. AAP સરકાર બન્યા પછી, તેમના વીજળીના બિલ માફ કરવામાં આવશે.’

અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું કે, ’કોંગ્રેસ અને ભાજપે સંયુક્ત રીતે જાહેરાત કરવી જોઈએ કે તેઓ ગઠબંધનમાં આમ આદમી પાર્ટી સામે ચૂંટણી લડી રહ્યા છે. ભાજપ પાસે ન તો સીએમ ચહેરો છે, ન કોઈ વર્ણન કે ન કોઈ વિઝન. ભાજપ માત્ર આમ આદમી પાર્ટીને ગાળો આપીને ચૂંટણી જીતવા માંગે છે. અમે કહી રહ્યા છીએ કે કામના નામે અમને મત આપો. ભાજપ કહે છે કે અમને મત આપો. દુરુપયોગના નામે જનતાએ નક્કી કરવાનું છે કે તેઓ કામના નામે મત આપવા માગે છે કે દુરુપયોગના નામે.’

# સ્પેસમાં મોકલાવેલ શાકભાજી 4 દિવસમાં અંકુરિત

(એજન્સી) નવી દિલ્હી | તા.04

ઈસરોએ 30 ડિસેમ્બરના રોજ શ્રીહરિકોટાથી SpaDeX એટલે કે સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ મિશન લોન્ચ કર્યું હતું. આ અંતર્ગત PSLV-C60 રોકેટ વડે બે અવકાશયાન પૃથ્વીથી 470 કિમી ઉપર તહેનાત કરવામાં આવ્યા હતા.

તેની સાથે મોકલવામાં આવેલ POEM-4 (PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ મોડ્યુલ) પર CROPS (કોમ્પેક્ટ રિસર્ચ મોડ્યુલ ફોર ઓર્બિટલ પ્લાન્ટ સ્ટડીઝ) અવકાશમાં પ્રથમ વખત જીવનને અંકુરિત કરવામાં સફળતા મળી છે. વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC) ખાતે ડિઝાઈન કરાયેલલા CROPS માત્ર 4 દિવસમાં માઈક્રોગ્રેવિટીનો ઉપયોગ કરીને ચોળીના બીજને અંકુરિત કર્યું છે. હવે પાંદડા પણ જલદી આવવાની અપેક્ષા છે.



**પાલક પણ ઉગાડવાની તૈયારીમાં ISRO**

ચોળીના બીજને પ્રયોગ માટે પસંદ કરવામાં આવ્યા કારણ કે તે ઝડપથી અંકુરિત થાય છે. તેમાં ખૂબ ઊંચી સહનશીલતા પણ હોય છે. આ પોષક મૂલ્ય ધરાવતો છોડ છે. આ પ્રયોગને અવકાશમાં ખોરાક ઉગાડવાની દિશામાં એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે, જે ભવિષ્યમાં ચંદ્ર, મંગળ અથવા અન્ય ગ્રહો પર માનવ હાજરી જાળવી રાખવામાં મદદ કરશે.

આ રિસર્ચ હેઠળ અવકાશ અને પૃથ્વી પર એક સાથે પ્રયોગો કરવામાં આવશે. LED લાઈટ અને ઝેલ દ્વારા પાલકના કોષોને સૂર્યપ્રકાશ અને પોષક તત્વો જેવી મહત્વની વસ્તુઓ પૂરી પાડવામાં આવશે. એક કેમેરો છોડના કોષના રંગ અને વૃદ્ધિને રેકોર્ડ કરશે.

### ભારતે LAC નજીક વાઈબ્રન્ટ વિલેજીસ પ્રોગ્રામ હાથ ધર્યો છે

# લડાખમાં દૂરદૂરનાં ગામો સુધી સેનાએ 4-G કનેક્ટીવિટી પહોંચાડી દીધી છે

(એજન્સી) લેહ । તા.04

ચીને લદ્દાખથી શરૂ કરી અરૂણાચલ પ્રદેશ સુધીમાં તિબેટ તરફના ભાગે ગામડાંઓ રચવાનો પ્રારંભ કરતાં અને કેટલાંક ગામો સ્થાપી પણ દેતાં ભારતે તેના જવાબમાં લદાખથી શરૂ કરી હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને સિક્કીમ તથા ભૂતાન વચ્ચેના દાલચોક અને અરૂણાચલ પ્રદેશ સુધીમાં ’’વાઈબ્રન્ટ-વિલેજ પ્રોગ્રામ’’ હાથ ધર્યો છે, સીયાચીન પણ તેમાં સમાવિષ્ટ છે.આ કાર્યક્રમ નીચે તે વિસ્તારોમાં ગામોને સાંકળી લેવા 4-G કનેક્ટિવિટી પહોંચાડી દીધી છે.

આ કાર્યવાહી લદાખમાં આર્મીના ફોરટીચ કોર્પ્સે હાથ ધરી છે. આ સેનાને લદાખમાં રક્ષણની જવાબદારી સોંપવામાં આવી છે. તેમ કહેતાં આર્મીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વાસ્તવમાં જૂન, ૨૦૨૪થી



આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. હવે તે પૂરી થતાં તે વિષે માહિતી અપાઈ રહી છે.ભારતીય સેનાના પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે ઈંડીયન આર્મીએ ભારતી-એરટેલના સરકારમાં નિશ્ચિત જગ્યાએ ફોર-જી ટાવર્સ ઊભાં કર્યા છે. જેથી કનેક્ટિવિટી ઝડપી અને સરળ બની રહે.સેનાએ પાંચ મહિનામાં (૧૪-કોર્પ્સે) સબ-ઝીરો ટેમ્પેરચર્સમાં પણ લડાખ વિસ્તારમાં ૪૨ જેટલા 4-G મોબાઈલ ટાર્વસ ઊભાં કર્યા છે. જે કારગીલ, સિયાચીન, દાલચોક, ડીબીઓ અને ગલવાન ઘાટી દરેકને આવરી લે છે, તેથી લડાખમાં જનતા તથા સેના બંનેને ઉપયોગી થાય છે.

### બાબુલ સુપ્રિયો : મારી કારને અપશબ્દો કહી ટાર્ગેટ કરવામાં આવી

# ભાજપ અને ટીમએસીના સાંસદ વચ્ચે રોડ પર બબાલ! બોલાચાલી વધતાં લોકોની ભીડ ઉમટી

(એજન્સી) કોલકાતા । તા.04

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ટીએમસી અને ભાજપનાના બે મોટા નેતાઓ વચ્ચે રસ્તા પર જ બબાલ થઈ ગઈ હતી. શુક્રવારે રાત્રે લગભગ 10:00 વાગ્યે અહીં બંને નેતાઓ વચ્ચે ઝઘડો થઈ ગયો હતો,જોકે, બાદમાં પોલીસે આ મામલો શાંત પાડ્યો હતો. ટીએમસી ધારાસભ્ય બાબુલ સુપ્રિયો અને ભાજપ સાંસદ અભિજીત ગાંગુલી વચ્ચે બબાલ થઈ ગઈ હતી. આ બબાલનો વીડિયો પણ સામે આવ્યો છે જેમાં બંને પક્ષો વચ્ચે ઝઘડો જોઈ શકાય છે. આ દરમિયાન ટીએમસી ધારાસભ્યએ આરોપ લગાવ્યો કે મારી કાર રોકી



દેવામાં આવી અને મને અપશબ્દો બોલવામાં આવ્યા. આ બબાલ વધી જતાં લોકોની ભીડ ઘટના સ્થળે ઉમટી પડી હતી.તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય બાબુલ સુપ્રિયો અને ભારતીય જનતા પાર્ટીના તામલુકના સાંસદ અને પૂર્વ જસ્ટિસ અભિજીત ગાંગુલી વચ્ચે વિવાદનો મામલો સામે આવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય બાબુલ સુપ્રિયોએ આરોપ લગાવ્યો છે કે, મારી કારને અપશબ્દો કહી ટાર્ગેટ કરવામાં આવી. તેમણે એમ પણ કહ્યું કે, મારી કાર પર MLA નથી લખેલું નથી અને તમે MP લખીને ફરી રહ્યા છો. તેમણે એમ પણ કહ્યું કે, તેઓ હૂટર દ્વારા રસ્તા પર ચાલતા વાહનોને ડિસ્ટર્બ કરી રહ્યા છે. જોકે, થોડી જ વારૃબાદ બીજા હુગલી બ્રિજ પર બંને પક્ષો વચ્ચે બબાલ થઈ હતી, જેનો પોલીસ દ્વારા ઉકેલ લવાયો હતો. તમને જણાવી દઈએ કે બાબુલ સુપ્રિયો પશ્ચિમ બંગાળનો જાણીતો ચહેરો છે, જેઓ ટીએમસીના ધારાસભ્ય છે. અભિજીત ગાંગુલી પણ પૂર્વ ન્યાયાધીશ રહી ચૂક્યા છે અને પશ્ચિમ બંગાળની તામલુક લોકસભા બેઠક પરથી ભાજપના સાંસદ છે. બંને વચ્ચેના વિવાદનો વીડિયો સામે આવ્યો છે. હાલ તો પોલીસે આ મામલો ઠાળે પાડ્યો છે. બંનેને લઈને પાર્ટી તરફથી કોઈ નિવેદન જારી કરવામાં નથી આવ્યું.

### સુપ્રીમે સુરેન્દ્ર પંવારને મોટી રાહત આપી ઇડીની ટીકા કરી

# ઇડીનું વલણ મનસ્વી, હરિયાણાના પૂર્વ કોંગ્રેસ ધારાસભ્યની ધરપકડ ગેરકાયદે : સુપ્રીમ

(એજન્સી) નવી દિલ્હી તા.04

સુપ્રીમ કોર્ટે હરિયાણાના પૂર્વ કોંગ્રેસ ધારાસભ્ય સુરેન્દ્ર પંવારથી લગભગ ૧૫ કલાકની પૂછપરછ દરમિયાન ઈડીના વલણને મનસ્વી અને અમાનવીય ગણાવ્યું હતું. આ ઉપરાંત કોંગ્રેસ નેતાની ધરપકડને ગેરકાયદે ગણાવતા ચુકાદાને યોગ્ય ગણાવ્યો છે.ન્યાયમૂર્તિ અભય એસ ઓકા અને ન્યાયમૂર્તિ ઓગસ્ટીન જયોર્જ મસીહની ખંડપીઠે જણાવ્યું હતું કે ઇડી અધિકારીઓની વર્તણૂક અમાનવીય છે કારણકે આ કેસ કોઇ આતંકવાદી ગતિવિધિઓ સાથે સંબધિત નથી પણ રેતીના ગેરકાયદે ખાણકામ સાથે સંકળાયેલ છે.

ખંડપીઠે જણાવ્યું હતું કે આ પ્રકારના કેસમાં લોકોની સાથે આવો વ્યવહાર કરવો જોઇએ નહીં. તમે એક વ્યકિતને નિવેદન આપવા માટે મજબૂર કરી છે. ખંડપીઠે સુપ્રીમ કોર્ટના આદેશની વિરુદ્ધ ઈડીની અરજીને ફગાવતા જણાવ્યું હતું કે અમે હાઈકોર્ટના એ આદેશમાં હસ્તક્ષેપ કરવા માંગતા નથી જેમાં જણાવવામાં આવ્યું હતું કે પ્રતિવાદીની ધરપકડ ગેરકાયદેસર છે. ખંડપીઠે જણાવ્યું હતું કે હાઈકોર્ટનો નિષ્કર્ષ ફક્ત એ નક્કી કરવા માટે હતું કે પંવારની ધરપકડ ગેરકાયદેસર હતી કે નહીં.

ખંડપીઠે બે ડિસેમ્બરના પોતાના આદેશમાં જણાવ્યું હતું કે આ ચુકાદો પીએમએલએ, ૨૦૦૨ની કલમ ૪૪ હેઠળ વિલંબિત ફરિયાદના ગુણ-દોષને અસર કરશે નહીં.કોર્ટે જણાવ્યું હતું કે તપાસમાં ઈડીનું વલણ ચોંકાવનારુ છે જે હેઠળ એક વ્યકિતને નિવેદન આપવા માટે મજબૂર કરવામાં આવી હતી. ઈડીના વકીલ જોહેબ હુસેને જણાવ્યું હતું કે હઈકોર્ટે ખોટો નિષ્કર્ષ કાઢયો હતો.

# CM પુષ્કર સિંહ ધામી મલારી અને મુન્સિયારી અને અન્ય પર્વતીય વિસ્તારોમાંથી બનેલા ટ્વીડથી બનેલું જેકેટ અને મફલર પહેરે છે

દેહરાદૂન | તા.04

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી રાજ્યના મલેરી, મુન્સિયારી અને અન્ય વિસ્તારોમાં ટ્વીડથી બનેલા જેકેટ પહેરીને ’વોકલ ફોર લોકલ’ અભિયાનને પ્રોત્સાહન આપી રહ્યા છે, તેઓ સતત સરકારી અને રાજકીય કાર્યક્રમોમાં રાજ્યના ઉત્પાદનોમાંથી બનાવેલા કપડાં પહેરતા જોવા મળ્યા હતા. જઈ શકે છે. આ પહેલનો હેતુ રાજ્યના સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને તેમના બ્રાન્ડિંગને મજબૂત કરવાનો છે. અગાઉ મુખ્યમંત્રીએ રાજ્યના



તમામ વિભાગોને સ્થાનિક ઉત્પાદનોની ખરીદીને પ્રાથમિકતા આપવા સૂચના આપી હતી. આ પગલું રાજ્યના પરંપરાગત કારીગરો અને ઉત્પાદકોને માત્ર આર્થિક સમર્થન જ નહીં આપે, પરંતુ ઉત્તરાખંડના અનન્ય હસ્તકલા અને ઉત્પાદનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવામાં પણ મદદ કરશે.

મુખ્યમંત્રીએ કહ્યું, ‘અમારો ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને ઉત્તરાખંડની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવાનો છે. મુનશિયારી ટ્વીડ જેવા ઉત્પાદનો આપણા સમૃદ્ધ વારસાનું પ્રતીક છે. સરકાર સ્થાનિક કારીગરો અને ઉદ્યમીઓને પ્રોત્સાહન આપવા માટે શક્ય તમામ પ્રયાસો કરશે.‘

સરકારનું આ પગલું સ્થાનિક ઉદ્યોગોને નવું જીવન આપશે અને રાજ્યમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપશે. આ ઉપરાંત આ પહેલથી રાજ્યના પ્રવાસન ક્ષેત્રને પણ ફાયદો થવાની અપેક્ષા છે, કારણ કે સ્થાનિક ઉત્પાદનો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.

# છોટાઉદેપુર તાલુકાના રોજકુવા ગામના ખેડૂતે પ્રાકૃતિક ખેતીની આવકમાંથી ટ્રેકર ખરીદ્યું

કમલેશ પટેલ | સંખેડા

સમગ્ર દેશમાં ધરતીપુત્રો દેશી ગાય આધારીત ખેતી તરફવળી રહ્યા છે. ત્યારે પ્રકૃતિના ખોળે વસેલા છોટાઉદેપુર તાલુકાના રોજકુવા ગામના ધરતીપુત્ર પ્રવિણભાઈ રાઠવા આત્મા પ્રોજેકટમાં જોડાયને છેલ્લા ૩ વરસથી પ્રાકૃતિક ખેતી અપનાવી છે. પ્રવિણભાઈ બે થી ત્રણ વિઘા જમીનમાં ફુલાવર, રીંગણ,ભીંડા શાકભાજીનું પ્રાકૃતિક રીતે વાવેતર કરે છે.

પ્રવિણભાઈ સાથેની મુલાકાતમાં તેમણે કહ્યું કે મારી પાસે દેશી ગાય છે, તેના ગાયના છાણ અને મૂત્રમાંથી ઘનજીવામૃત,બીજામૃત, જીવામૃત,નિમાસ્ત્ર અને બ્રહ્મઆસ્ત્ર બનાવુ છું. બીજામૃતનો પટ આપી પિયારણનું વાવેતર કરુ છું. વાવાણી પહેલા ખેતરમાં ઘનજીવામૃતનો ઉપયોગ કરૂ છું.પાકનો ક્રોપ તૈયાર થાય ત્યારે



જીવામૃતનો છંટકાવ કરૂ છું. પાક પર જિવાત લાગે ત્યારે નિમાસ્ત્ર અને ખાટી છાશનો છંટકાવ કરી કાબૂ મેળવું છું. શાકભાજીની આસપાસના નિંદામણનો આછાદન તરીકે ઉપયોગ કરવાંથી અળસિયાનો વિકાસ થાય છે. ખેતરમાં અળસિયાનો વિકાસ થવાથી જમીન ભરભરી બની ફળદ્રુપ બને છે. દેશી ગાયના નિભાવ ખર્ચ પેટે મળતી રકમનો ગાયના પાલનમાં ઉપયોગ કરૂ છું. ભીંડાનું વાવેતર કર્યું હતું. હાલ ભીંડા વિણવાની શરૂઆત થઇ ગઇ છે. આ વિણેલા ભીંડા નજીકની માર્કેટમાં સવારે વેચાણ કરવામાં આવે છે.

# ડાંગ ભાજપ પ્રમુખ માટે સુરેશભાઈ મોતીરામ ચૌધરીએ ઉમેદવારી નોંધાવી

ડાંગ | તા.04

ડાંગ જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પદ માટે કડમાળના સુરેશભાઈ મોતીરામચૌધરીએ ઉમેદવારી નોંધાવી છે.સુરેશભાઈનો સામાજિક ક્ષેત્રમાં ખુબ જ ફાળો જોવા મળેલ છે.ત્યારે વાત કરીએ તો સુરેશભાઈ ચૌધરી એ કડમાળ મોટાકદ ની ખેડૂત સહકારી મંડળી, પ્રમુખ તરીકે ૧૯૯૮ થી ફરજ બજાવી,ડાંગ જીલ્લામાં છેલ્લા ૨૭ વર્ષથી ડાંગ ભા.જ.પા. સાથે જોડાયેલ પાયાનો કાર્યકર્તા છે. વધુમાં મજુર કામદાર સહકારી મંડળી, કડમાળ, પ્રમુખ તરીકે ૨૦૦૨ થી ફરજ આપેલ હોય તથા કડમાળ વિભાગ વન સહભાગી મંડળીના મંત્રી તરીકે ૨૦૧૬ થી ફરજ નિભાવેલ તથા ડાંગ જીલ્લા એ.પી.એમ.સી. માર્કેટ વઘઈમાં ચેરમેન તરીકે ૨૦૧૯ માં ફરજ બજાવેલ હોય તથા ડાંગ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી તથા પ્રમુખ, ડાંગ તાલુકા પંચાયત, આહવા તા.૧૨/૦૯/૨૦૨૩ થી તથા હાલ મહારાષ્ટ્ર અને વિધાનસભામાં બાગલાન સીટમાં પ્રવાસી કાર્યકર્તા તરીકે જવાબદારી નિભાવી હતી.



# સોચ દ્વારા અમદાવાદના હેરિટેજ શહેરમાં તેનો પ્રથમ સ્ટોર શરૂ કરાયો

અમદાવાદ । તા. 04

ભારતની અગ્રણી ઈવનિંગ અને ઓકેશન વેર બ્રાન્ડ સોચ અમદાવાદમાં તેના પ્રથમ સ્ટોરનો ભવ્ય શુભારંભ કરવાની ઘોષણા કરવા માટે હર્ષની લાગણી અનુભવે છે. આ નવા સ્થળને કારણે સોચ વધુ ગ્રાહકોને મનોહરતા અને પરંપરાનું તેનું અજોડ સંમિશ્રણ પ્રદાન કરી શકશે. તેમાં કોઈ પણ ઈવેન્ટ માટે અનુકૂળ ખાસ એથનિક વેરની કાળજીપૂર્વક તૈયાર કરાયેલી પસંદગીનો સમાવેશ થાય છે.

800 ચોરસફૂટમાં નવો સ્ટોર રોમાંચક શોપિંગ અનુભવ પૂરો પાડે છે. તે સાડીઓ, ચુડીદાર સેટ્સ, ડ્રેસીસ, કુરતા, લેંઘાઓ, કફતાન અને ફ્યુઝન વેરના વ્યાપક કલેકશન સાથે એથનિક વેરમાં ગુણવત્તા અને સ્ટાઈલ પ્રદાન કરવાની સોચની કટિબદ્ધતા દર્શાવે છે.




આધુનિક પ્રવાહો સાથે પારંપરિક મનોહરતાને જોડીને સોચ દરેક અવસર માટે કાંઈક હોવાની ખાતરી રાખે છે. આ સ્ટોર ગુજરાતમાં ત્રીજો છે, જે શહેરમાં પ્રીમિયમ એથનિક વેર માટે વધતી માગણીને પહોંચી વળવા સોચની સમર્પિતતા આલેખિત કરે છે. આ શુભારંભ સાથે સોચે ભારતભરમાં તેની હાજરી વધારવાનું ચાલુ રાખીને સમકાલીન છતાં કાલાતીત છતાં સમકાલીન ડિઝાઈનો ચાહતી ફેશન સતર્ક મહિલાઓ માટે ઉત્તમ સ્થળ તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે.સોચ ફક્ત ફેશન નથી, પરંતુ તે તમારી ઉજવણી કરે છે. નવા સ્ટોરના શુભારંભ પર બોલતાં સોચ એપરલ્સ પ્રા. લિ.ના સીઈઓ અને સહ-સંસ્થાપક વિનય છટલાની કહે છે, “અમે અમદાવાદમાં અમારો પ્રથમ સ્ટોર શરૂ કર્યો ત્યારે શહેરમાં વધુ મહિલાઓને અમારા અજોડ અને સ્ટાઈલિશ એથનિક વેર પ્રદાન કરવા હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ. આ માઈલસ્ટોન ભારતમાં અમારી હાજરી વિસ્તારવા અને વધુ ગ્રાહકો સુધી પહોંચવાના અમારા ધ્યેયમાં મોટું પગલું છે. અમે અમારા ગ્રાહકોને ઉચ્ચ કક્ષાની સેવા અને એથનિક ફેશનમાં નવા પ્રવાહો પ્રદાન કરીને શહેરના ફેશન સમુદાયનો આંતરિક હિસ્સો બનવા ઉત્સુક છીએ.”

# મહીસાગર જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુતો જોગ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જીલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં આદિજાતી વિસ્તારમાં બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ આદિજાતી વિસ્તારના મધમાખી પાલકોને વિનામુલ્યે મધમાખી હાઈવ્સ તથા કોલોની પુરી પાડવાની યોજના (આદિજાતી લાભાર્થી)નવી બાબત તરીકે મંજુર થયેલ હોઈ આ કાર્યક્રમ હેઠળ મહીસાગર જીલ્લાના આદિજાતી વિસ્તારના સંતરામપુર અને કડાણા તાલુકાઓમાં મધમાખી પાલકોને સેલ્ફ હેલ્પ ગ્રુપ/સખી મંડળ/FPO/FPC ના આદિજાતી સભાસદને વિનામુલ્યે બે મધમાખી હાઈવ્સ તથા કોલોની (મધમાખીની પેટી) પુરી પાડવા માટે આઇ ખેડુત પોર્ટલ તા.૨૪/૧૨/૨૦૨૪ થી ૨૩/૦૧/૨૦૨૫ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. જે ખેડુતમિત્રો બાગાયત ખાતાની આ સહાય યોજનામાં લાભ લેવા માંગતા હોય તેઓએ ઉપરોક્ત જણાવેલ સમયગાળા દરમ્યાન ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ પંચાયત કેન્દ્રમાં VCE મારફત અથવા ખાનગી ઈન્ટરનેટ સોર્સ મારફત પોતાના ૭,૧૨ અને ૮-અ ના તાજા પુરાવા, આધારકાર્ડ,તથા આધાર લીન્ક બેન્ક ખાતાની વિગત તેમજ જાતિની વિગત સાથે લઈ જઈ ને લાભ લેવા માંગતા ઘટક હેઠળ સમયસર અરજી કરવી.

## અમદાવાદથી દ્વારકા દર્શને ગયેલી બસ પલટી : સુરતથી ઉદયપુર ડેસ્ટિનેશન વેડિંગમાં જતી જાનૈયાની લક્ઝરી ભડકે બળી, 40નો બચાવ

# અકસ્માતના બે બનાવમાં 20 લોકો ઘાયલ



સાબરકાંઠા | ગુજરાતમાં આજે(4 જાન્યુઆરી) અકસ્માતના બે બનાવ બન્યા હતા, જેમાં પ્રથમ બનાવમાં અમદાવાદથી દ્વારકા પ્રવાસે જતી એક ખાનગી બસ દ્વારકા નજીક પલટી ગઈ હતી, એમાં સવાર આશરે 20 મુસાફરને નાની-મોટી ઈજાઓ થઇ હતી. જ્યારે 4થી 5 લોકોને ગંભીર ઈજા થતાં જામનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.
જ્યારે બીજી ઘટનામાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ટોલનાકા પાસે વહેલી સવારે સુરતથી ઉદયપુર જઈ રહેલી લક્ઝરી બસનું ટાયર ફાટ્યા બાદ આગ લાગી હતી. ફાયર વિભાગે દોઢ કલાકની જહેમત બાદ આગ બુઝાવી હતી, જોકે સદનસીબે બસમાં સવાર 42 લોકોનો આબાદ બચાવ થયો હતો.



**સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બસ પલટી**
પ્રથમ બનાવની વાત કરીએ તો અમદાવાદના બહેરામપુરા વિસ્તારના લોકો ગત મોડીરાત્રે બંસી ટ્રાવેલ્સની એક ખાનગી બસમાં પ્રવાસ માટે નીકળ્યા હતા. એ દરમિયાન આજે દ્વારકા દર્શન કરીને પોરબંદર તરફ જતા હતા.
ત્યારે દ્વારકાથી અંદાજે 15થી 30 કિલોમીટર દૂર કુરંગા ચોકડી નજીક આવેલા ઓવરબ્રીજની બાજુમાં આવેલી ગોલાઇ પાસે સાડાનવેક વાગ્યાના સમયે સી.એન.જી. પંપ પાસેથી પસાર થતા સમયે અકસ્માતની ઘટના બની હતી. કુરંગા ચોકડીના ભયજનક વળાંકમાં ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં ખાનગી લક્ઝરી બસ રોડની એક તરફ પલટી ખાઈ ગઈ હતી.

**લગ્નપ્રસંગમાં જઈ રહેલા 42 મુસાફરનો બચાવ :** લક્ઝરી બસમાં બેસીને રાજસ્થાનના ઉદયપુર લગ્નપ્રસંગમાં જતા હતા. એ દરમિયાન શનિવારે(4 જાન્યુઆરી) સવારે 6.15 વાગ્યાની આસપાસ પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે અચાનક લક્ઝરી બસનું પાછળનું ટાયર ફાટ્યું હતું. ત્યાર બાદ અચાનક બસમાં આગ લાગી હતી. એને લઈને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

**લક્ઝરી બસ બળીને ખાક :** આગ બુઝાયા બાદ પ્રાંતિજ અને હાઈવે ટ્રાફિક-પોલીસે ટ્રાફિક સંચાલન કરી પૂર્વવત્ કર્યો હતો. મળતી માહિતી મુજબ સુરતના અડાજણ વિસ્તારમાંથી એક જ સમાજના 40 લોકો ઉદયપુર લગ્નપ્રસંગમાં જતા હતા એ સમયે રસ્તામાં બનાવ બન્યો હતો. જોકે સદનસીબે આ તમામનો બચાવ થયો હતો, જોકે આગમાં લપેટાયેલી લક્ઝરી બસ બળીને ખાક થઈ હતી, જેમાં મુસાફરોનો સામાન બળીને ખાક થઈ ગયો હતો.

# જૂનાગઢની આર્યુવેદિક હોસ્પિ.માં દર્દીઓ અને તબીબો વચ્ચે બોલાચાલી : સગાઓને વચ્ચેથી કેસ કાઢી આપે છે

(એજન્સી) જુનાગઢ | તા. 04

જૂનાગઢ આયુર્વેદિક હોસ્પિટલમાં સારવાર માટે આવેલા દર્દીઓના સગા તબીબો વચ્ચે બોલા ચાલી થઈ હતી, જેને લઈ હોસ્પિટલ નું વાતાવરણ ઉગ્ર બન્યું હતું. આયુર્વેદિક હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દી અને દર્દીના સગાઓ દ્વારા હોસ્પિટલ પર આક્ષેપો કરવામાં આવ્યા છે કે હોસ્પિટલના ડોક્ટરો દ્વારા તેના સગા વહાલાઓને વચ્ચેથી કેસ કાઢી તેની સારવાર કરવામાં આવે છે. તો બીજી તરફ કલાકોથી કેસ બારીની લાઈનમાં ઉભેલા દર્દી અને દર્દીના સગાઓને હેરાન પરેશાન થવાનો વારો આવે છે. આ મામલે આયુર્વેદિક હોસ્પિટલના આરએમઓએ કહ્યું હતું કે, આ તમામ આક્ષેપો પાયા વિહોણા છે અને બાદમાં કબૂલ્યું હતું કે ક્યારેક ડોક્ટર તેના સગા વાલાઓના કેસ કાઢી આપે છે.
પરંતુ તમામ ડોક્ટરો વચ્ચેથી કેસ કાઢી આપતા ન હોય. ત્યારે આ હોસ્પિટલમાં રોજના 500 થી વધુ દર્દીઓ આયુ-ર્વેદિકની સારવાર માટે આવે છે. આ હોસ્પિટલમાં સૌથી વધુ દર્દીઓને સારવાર મળી રહે તે માટેના 100 બેડની સુવિધા ઉપલબ્ધ છે .ત્યારે આજે દર્દી ના સગા અને હોસ્પિ-




ટલના સ્ટાફ વચ્ચે બોલાચાલી થતાં કલાકો સુધી દર્દીઓને હેરાન પરેશાન થવું પડ્યું હતું. ત્યારે કલાકો બાદ આ સમગ્ર મામલો થાળે પડતા ડોક્ટરો દ્વારા દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવી હતી.
આ અંગે પોતાના પતિની સારવાર માટે આવેલા મનિષા-બેન શુક્લાએ જણાવ્યું હતું કે, મારા પતિને ચિકનગુનિયા થયો હોવાથી અહીં આયુર્વેદિક હોસ્પિટલમાં દવા લેવા માટે આવી હતી. સતત બે કલાકથી હું અહીં લાઈનમાં ઉભી હતી. પરંતુ અહીં દર્દીઓનો વારો આવતો નથી. કારણ કે અહીંના તેનાં અને વિદ્યાર્થીઓના સગા વહાલાઓનો કેસ લઈને આવે છે અને તેનો વારો લઈ લેવામાં આવે છે. જેના કારણે જે દર્દીઓ લાઈનમાં ઊભા છે તેને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે. આયુર્વેદિક દવાખાનામાં માત્ર એક જ કેસ બારી છે જેના કારણે અહીં લોકોને હેરાન પરેશાન થવું પડે છે.
આયુર્વેદિક દવાખાનામાં સારવાર માટે આવેલા દર્દી રાજે-શભાઈએ જણાવ્યું હતું કે, દવાખાનામાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં નથી આવી જોઈને કારણે આવતા દર્દીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. આ દવાખા-નામાં લાગવગ શાહીથી આડેથી વારા લેવામાં આવે છે. આ દવાખાનામાં જ્યારે દર્દીઓ આવે છે તેને પોતાના ઘરના નિયમો બતાવી ચૂપ કરાવવામાં આવે છે. આ દવા-ખાનામાં એક વધારાની કેસ બારી રાખવામાં આવે જેથી દર્દીઓને હેરાન પરેશાન થવું ન પડે તે માટે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

## થરાદ-વાવ જિલ્લામાં જોડાણનો ધાનેરા બંધ રાખી વિરોધ

# ધાનેરા હિતરક્ષક સમિતિના બંધના એલાનને વેપારીઓનું સમર્થન, વહેલી સવારથી બંધ

(એજન્સી) બનાસકાંઠા | તા. 04

બનાસકાંઠા જિલ્લાનું વિભાજન થયા બાદ ધાનેરા તાલુકાને વાવ-થરાદ જિલ્લામાં સમાવી દેતા ધાનેરા વિસ્તારના લોકોમાં ભારે રોષ ભભૂક્યો છે. રોષે ભરાયેલા હજારો લોકોએ આજે રસ્તા પર ઉતરી સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં જ યથાવત રાખવા માગ કરી છે. ધાનેરામાં બંધના એલાન સાથે વિશાળ જન રેલી યોજાઈ હતી અને ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી ધાનેરાને બનાસકાંઠામાં રાખવા જ માગ કરાઈ છે
ભૌગોલિક અને વિસ્તારની દ્દષ્ટિએ રાજ્યનો બીજા નંબરનો બનાસકાંઠા જિલ્લો એ 14 તાલુકા ધરાવતો જિલ્લો હતો. જોકે, જિલ્લાના પશ્ચિમ વિસ્તારના લોકો પોતાના વહીવટી કામોને લઈ અનેક અગવડતા ભોગવી રહ્યા હતા અને તેને જ લઈ પશ્ચિમ વિસ્તારના લોકોની વર્ષોથી એક માગ હતી કે, સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવો એક જિલ્લો બનાવવામાં આવે. સરકાર દ્વારા હવે પશ્ચિમ વિસ્તારના લોકોની વર્ષો જૂની માગને સ્વીકારતા ત્રણ દિવસ અગાઉ કેબિનેટની બેઠકમાં બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી વાવ-થરાદ નવો જિલ્લો બનાવવાનો નિર્ણય કરાયો છે અને આ જિલ્લામાં 8 તાલુકાઓનો સમાવેશ કરાયો છે. જો કે, આઠ તાલુકાઓમાં ધાનેરા તાલુકાને પણ વાવ-થરાદ જિલ્લામાં સામેલ કરી દેતા હવે ધાનેરા વિસ્તારના લોકો તેમને બનાસકાંઠામાં જ રાખવામાં આવે તેવી માગ સાથે રોષે ભરાયા છે અને ધાનેરા વિસ્તારના લોકોનો રોષ આજે રસ્તા પર જોવા મળ્યો છે.
મહત્વની વાત છે કે, ત્રણ દિવસ અગાઉ સરકારે કેબિનેટની બેઠકમાં આ નિર્ણય કર્યો અને ત્યારથી જ ધાનેરા અને કાંકરેજમાં વિરોધ ઊભો થયેલો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે ધાનેરામાં ધાનેરા હિતરક્ષક સમિતિ દ્વારા ધાનેરા બંધનું એલાન આપવામાં આવ્યું હતું અને તેને લઈ આજે વહેલી સવારથી ધાનેરાના બજારો સદંતર બંધ જોવા મળી રહ્યા છે. ધાનેરાના વેપારીઓએ ધાનેરા બંધના એલાનને સમર્થન આપ્યું છે. તો સાથે જ આજે વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ રાખી ધાનેરાના આગેવાનો સાથે ધાનેરાના રસ્તાઓ ઉપર ઉતર્યા અને રેલી સ્વરૂપે હજારો લોકો ઉમટી ધાનેરા પ્રાંત કચેરી ખાતે પહોંચી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી ધાનેરાને બનાસકાંઠામાં રાખવા માગ કરી છે.

# યુવકે પ્લાસ્ટિકથી થેલી માગતા માલિકનો પિત્તો ગયો : 4 લોકોએ મળીને પિતા-બે પુત્રોને માર્યા...

(એજન્સી) વડોદરા | તા. 04

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં દૂધ લેવા ગયેલા યુવકે દૂધની થેલી મુકવા પ્લાસ્ટિકથી થેલી માંગતા દૂધ સેન્ટરના માલિક સહિત 4 લોકોએ માર્યો હતો. આ ઉપરાંત યુવકના પિતા અને ભાઈને પણ માર્યો હતો. આ મામલે વારસીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.
વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં રહેતો યુવક કુમાર ભાલીયાએ વારસીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હું દૂધ લેવા માટે લક્ષ્મણ કુલ સેન્ટર પર ગયો હતો અને મેં લક્ષ્મણભાઇ પાસેથી દૂધની થેલી લીધી હતી. દૂધની થેલી રાખવા માટે પ્લાસ્ટિકની થેલી માંગતા લક્ષ્મણભાઈએ મને ગાળો આપી હતી. આ સમયે લક્ષ્મણભાઈનો નાનો દીકરો રામભાઈ આવ્યો હતો અને મને લાફો માર્યો હતો.
આ સમયે આકાશ લાલવાણી આવ્યો હતો અને તેને પણ મને લાફો માર્યો હતો. જેથી હું ઘરે




જતો રહ્યો હતો, જેથી ગીરીશ ઉર્ફે ગુરુ, રામભાઈ અને આકાશ લાલવાણી મારા ઘરે આવ્યા હતા અને ગીરીશે મને પાછળથી પકડીને મને નીચે પાડી દીધો હતો. મેં બુમાબુમ કરતા માતા-પિતા બહાર આવી ગયા હતા. આ સમયે મારા પિતાએ તેઓને ઝઘડો ન કરવા સમજાવ્યા હતા. જેથી ગિરીશે મારા પિતાને લાફો માર્યો હતો અને આ લોકોએ મને મારા પિતા અને મારા ભાઈને માર માર્યો હતો. જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## કિશોરના મોતનો ભેદ ઉકેલાયો : ડર લાગતા કિશોરને બાંધીને ફેંકી દીધો કૂવામાં

# બામરોલી (વા) ખાતે પાડોશીએ રૂપિયા માટે કિશોરનું કર્યું હતું અપહરણ...

(એજન્સી) છોટા ઉદેપુર | તા. 04

બોડેલી તાલુકાના બામરોલી (વા) ગામે ચાર દિવસ પહેલા થયેલ કિશોરના મોત મામલે બોડેલી પોલીસે ગણતરીના દિવસોમાં આરોપીને ઝડપી પાડ્યો છે. જેમાં પડોશીએ જ પડોશમાં રહેતા કિશોરનું રૂપિયાની લાલચમાં અપહરણ કરી ડર લાગતા કૂવામાં ફેંકી હત્યા કરી નાખી હોવાનો ઘટસ્ફોટ થયો છે.
બોડેલી તાલુકાના બામરોલી (વા) ગામે ચાર દિવસ પહેલા બામણ ફળીયામાં રહેતા હિમાંશુ સંજયભાઈ રાઠવા રાત્રીના સમયે ઘરેથી કોઈને કીધા વિના જતો રહ્યો હતો. ત્યારે તેને પડોશમાં રહેતા પ્રકાશ તુલસીભાઈ રાઠવાને મળ્યો હતો. તેની સાથે બેઠા બાદ પ્રકાશ રાઠવાને આર્થિક સમસ્યાને લઇને અપહરણ કરીને તેના ઘરવાળા પાસેથી પૈસા કઢાવવાનું નક્કી કરીને હીમાંશુના હાથપગ બાંધી દીધા હતા. ત્યાર બાદ પ્રકાશ પાસે હિમાંશુને લઇને સંતાડવા માટે કોઈ જગ્યા ન હતી. ઉપરાંત પ્રકાશને હિમાંશુએ જોઈ લીધો હતો, જેથી તે ગભરાઈ ગયો હતો. જેથી પ્રકાશે હિમાંશુને નજીકના કૂવામાં ધકેલી દીધો હતો.
આ અંગે પોલીસે તપાસ હાથ ધરતા



આજુબાજુનો વ્યક્તિ હોય શકે તેમ માનીને તપાસ કરી હતી. જેમાં પાડોશમાં રહેતા પ્રકાશ તુલસીભાઈ રાઠવાએ હિમાંશુની હત્યા કરી હોવાનું જાણવા મળતાં તેની પૂછપરછ કરતાં પ્રકાશે હિમાંશુની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.
હિમાંશુ ઘરેથી જતો રહ્યા બાદ પ્રકાશ તુલસીભાઈ રાઠવાને મળ્યો હતો. ત્યારે પ્રકાશને પૈસાની તાતી જરૂરિયાત હોવાથી અપહરણ કરવાનો વિચાર આવ્યો હતો અને પ્રકાશે હિમાંશુ ને તારથી બાંધી દીધો હતો. પરંતુ પ્રકાશ પાસે હિમાંશુને સાંતળવા માટે કોઈ જગ્યા ન હતી. ઉપરથી હિમાંશુ તેને જોઈ ગયો હતો, જેથી તેને ડર લગતા હિમાંશુંને કુવામાં ફેંકી દીધો હતો.
પ્રકાશની પત્નીને થોડા સમય પહેલા ડિલિવરી થઈ હતી. જેમાં તેણે ખર્ચો થઈ ગયો હતો અને તેને લઈને દેવું થઈ ગયું હતું. આ દેવું થઈ જતાં પ્રકાશ ટેન્શનમાં હતો. આ દેવું ચૂકવવા માટે આ પગલું ભર્યું હતું.

# ફેસબુક પર ફેક એકાઉન્ટ બનાવી જમીન દલાલ પાસેથી યુવતી અને તેના સાગરીતોએ દોઢ લાખ પડાવી લીધા

(એજન્સી) વડોદરા | તા. 04

ફેસબુક પર લેન્ડ બ્રોકરનો સંપર્ક કરી યુવતીએ મકાનના કામ માટે મળવા માટે બોલાવ્યો હતો. ત્યારબાદ યુવતીના સાગરીતોએ ક્રાઈમ બ્રાન્ચ ગાંધીનગરમાંથી આવ્યા હોવાનું જણાવી બ્રોકરને ધમકાવી રૂપિયા પડાવી લીધા હતા.
આણંદ જિલ્લાના નાપાડ તાલુકાના તળપદ ગામે રહેતા અને જમીન મકાન લે-વેચનો ધંધો કરતા જયકુમાર મુકેશકુમાર પટેલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગત 24મી ડિસેમ્બરે મારા ફેસબુક પર જીયા પટેલના પ્રોફાઈલ પરથી HI નો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ તેણે મને કહ્યું હતું કે પ્રોપર્ટી માટે એકવાર મળવું છે ત્યારબાદ અમારા વચ્ચે મેસેજની આપ લે થતી હતી. ગત 26મી તારીખે બપોરે 1:30 વાગ્યાની આસપાસ જીયાનો ફોન આવતા આજવા ચોકડી પાસે મને બોલાવતા હું ગયો હતો. જીયાએ મને કહ્યું હતું કે થોડી આગળ જઈને મને ઉતારી દો તેથી હું મારી ગાડીમાં તેને બેસાડીને થોડે આગળ ગયો હતો. ત્યારબાદ જીયાએ મને



હતી ત્યાં ફરી ઉતારી દો, જેથી હું આજવા ચોકડી સમૃદ્ધિ સોસાયટીના ગેટ પાસે ગયો હતો. તે દરમિયાન ત્રણ વ્યક્તિઓ આવ્યા હતા અને મને કહ્યું હતું કે અમે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચમાંથી આવીએ છીએ તમે ખોટા ફેસબુક આઈડી બનાવી માસુમ છોકરીઓને ફસાવવાનો ધંધો કરો છો તેમ કહી મને ડ્રાઈવર સીટથી નીચે ઉતારી પાસેની સીટ પર બેસાડી દીધો હતો અને તેઓ કાર સિકંદરપુરા ગામ તરફ લઈ ગયા હતા. તેઓએ મને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપે મને ડરાવી મારી પાસેથી સોનાની વીંટી તથા રોકડા મળી 1.45 લાખ રૂપિયા પડાવી લીધા હતા અને ત્યારબાદ મને ધમકી આપી હતી કે પોલીસમાં ફરિયાદ કરે તો જાનથી મારી નાખીશ.

## જિલ્લા ભાજપ પ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ

# તાપી ભાજપા અધ્યક્ષની સેન્સ પ્રક્રિયા કરાઈ, 32 ઉમેદવારોએ અધ્યક્ષ પદેની દાવેદારી નોંધાવી

(એજન્સી) તાપી | તા. 04

તાપી જિલ્લા ભાજપ સંગઠનના અધ્યક્ષ માટે આજે ઉમેદવારો માટેની સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં પ્રમુખ બનવા માટે ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. જેમાં તાપી જિલ્લામાં 32 જેટલા ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.
ગુજરાત ભાજપ દ્વારા જિલ્લા અધ્યક્ષ નિમવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. જે અંતર્ગત તાપી જિલ્લાના અધ્યક્ષ માટે આજે પૂર્વ મેયર હેમાલી બોધાવાલા ની હાજરી માં સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં જિલ્લામાંથી ઉમેદવારો દ્વારા દાવેદારીઓ કરવામાં આવી હતી. જેમાં બે મહિલા સહિત 32 જેટલા દાવેદારો દ્વારા ઉમેદવારી કરવામાં આવી હતી. જેમાં પ્રબળ દાવેદાર તરીકે મયંક જોશી, મહેન્દ્ર પટેલ, કાંતિ ગામીત, વિક્રમ તરસાડીયા, સૂરજ વસાવા અને રાજેન્દ્ર કુંવર સહિતના દાવેદારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા હતા. જે અંતર્ગત આગામી દિવસોમાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખની પ્રદેશ કક્ષાએથી નિમણૂક કરવામાં આવશે.
ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટી લોકશાહી ઢબેથી ઉમેદવારી ભરાવે છે, પરંતુ સંગઠનમાં 32 દાવેદારો હોઈ તો પાર્ટીમાં સંકલનનો અભાવ દેખાઈ આવે છે. ત્યારે સૌથી વધુ 15 દાવેદારો વ્યારા, 11 નિઝર, 6 મહુવા વિધાનસભાના છે.
બીજેપીના તાપીના ચૂંટણી અધિકારી હેમાલી બોધાવાલાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીમાં 32 જેટલા ઉમેદવારોએ પોતે તાપી જિલ્લાનાં અધ્યક્ષ તરીકેની દાવેદારી કરી છે અને સાચા અર્થમાં લોકશાહીને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં વિશ્વાસ રાખીને આજે સેન્સ પ્રક્રિયામાં 32 લોકોએ દાવેદારી કરી છે. જેનું પરિણામ આવનારી 5 અને 6 તારીખે પ્રદેશ કક્ષાએ તમામ ફોર્મ અને તમામ રજૂઆતો ત્યાં આપવામાં આવશે અને તે બાદ તમામ નિર્ણય પ્રદેશએથી ઘોષણા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## સુરતના સારોલી અને કતારગામ

# પોલીસ સ્ટેશનના હનિટ્રેપના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

વડોદરા | સુરતના સારોલી અને કતારગામ પોલીસ સ્ટેશનના હનીટ્રેપના ગુનામાં નાસતા ફરતા આરોપીને વડોદરા એલસીબી ઝોન-3 અને કપુરાઇ પોલીસે મળીને ઝડપી પાડ્યો છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.
એલસીબી ઝોન-3ની ટીમ વડોદરા શહેરમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન પીએસઆઇ બી.જી.વાળાને બાતમી મળી હતી કે, સુરતના સારોલી અને કતારગામ પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ આરોપી પ્રવિણ ભોળાભા રાઠોડ (રહે. નેતલદે સોસાયટી, પુણા ગામ, સીતાનગર ચોકડી, સુરત) હાલ કપુરાઇ બ્રિજ પાસે ઉભો છે. જેથી એલસીબી ઝોન-3ની ટીમ પહોંચી ગઇ હતી અને પ્રવિણ રાઠોડને



ઝડપી પાડયો હતો અને તેની પૂછપરછ શરૂ કરી હતી.
પ્રવિણ રાઠોડની પૂછપરછ દરમિયાન પ્રવિણ રાઠોડ સુરતના સારોલી અને કતારગામ પોલીસ સ્ટેશનના હનીટ્રેપના ગુનામાં સંડોવાયેલો છે. જેથી પોલીસે આરોપી પ્રવિણ રાઠોડની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

## દાતારની તળેટીમાં હત્યા-બળાત્કારને અંજામ આપ્યો હતો

# રાજ્યભરમાં ચકચાર જગાવનાર ચાંદની હત્યા કેસનો આરોપી પાલારા જેલમાંથી ફરાર...

(એજન્સી) ભુજ | તા. 04

વર્ષ 2007 માં જુનાગઢમાં ઉપલા દાતારની તળેટીમાં હત્યા-બળાત્કારને અંજામ આપ્યો હતો રાજ્યમાં ભારે ચકચાર જગાવનાર ચાંદની હત્યા કેસમાં શહેરની ખાસ ગણાતી પાલારા જેલમાં છેલ્લા સાડા પાંચ વર્ષથી સજા ભોગવી રહેલો જુનાગઢનો પાકા કામનો કેદી ફરાર થઇ ગયો છે આરોપી હાઈકોર્ટના હુકમથી સાત દિવસના વચગાળાના જામીન પર મુક્ત થયો હતો જે બાદ પરત હાજર ન થતા તેને શોધવા પોલીસ વિભાગ દોડતું થયું છે.
પ્રાપ્ત વિગતો મુજબ મુળ જુનાગઢના બીલખા રોડ પર રહેતો આરોપી મહેશ ઉર્ફે ભદો મુળજી ચૌહાણ ભુજની પાલારા જેલમાં છેલ્લા સાડા પાંચ વર્ષથી હત્યા અને બળાત્કારના ગુનાની સજા ભોગવતો હતો.
આરોપી મહેશે સહ આરોપી મોહન હમીર ગોહેલ સાથે મળી વર્ષ 2007 માં જુનાગઢની ઉપલા દાતારની તળેટીમાં બનાવને અંજામ આપ્યો હતો.રાજકોટની 15 વર્ષીય ચાંદની અને તેની બહેનપણીને જંગલમાં લઇ જઈ ચાંદનીની હત્યા નીપજાવી તેની બહેનપણી પર બળાત્કાર કર્યો હતો.
જે ઘટનાના રાજ્યભરમાં ઘેરા પડઘા પડ્યા હતા.જે ગુનામાં પાકા કામના કેદી તરીકે રહેલો આરોપી મહેશ હાઈકોર્ટના હુકમથી સાત દિવસના વચગાળાના જામીન પર છુટ્યો હતો.26 નવેમ્બરના પાલારા જેલમાંથી નીકળ્યા બાદ આરોપીને 4 ડીસેમ્બરના પાલારા જેલમાં પરત હાજર થવાનું હતું. પરંતુ આરોપી જેલમાં હાજર ન થઇ ફરાર થઇ ગયો હતો.જેથી પાલારાના જેલર ગ્રુપ-2 ના એ.જી.વ્યાસે આ મામલે ભુજ શહેર બી ડીવીઝન પોલીસ મથકે પ્રિઝન એક્ટ તળે ગુનો નોધાવ્યો છે.આરોપીને ઝડપી લેવા જુનાગઢ એ ડીવીઝન પોલીસ મથકે પણ જાણ કરવામાં આવી છે.

### પિતાને મળતું પેન્શન મેળવવા માટે પુત્રએ કરી છેતરપિંડી

# પેન્શનર પિતાની હયાતીના ખોટા પુરાવા રજૂ કરી પેન્શન ચાલું રાખવા પ્રયત્ન કરનાર શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાયો

## અધિક તિજોરી અધિકારીએ ખોટા પુરાવા રજુ કરનાર શખ્સ વિરુદ્ધ નોંધાવી પોલીસ ફરિયાદ

(એજન્સી) ભાવનગર । તા. 04

ભાવનગર જિલ્લા તિજોરી કચેરી મારફત બેંક ઓફ ઈન્ડિયા નીરમબાગ શાખાના ખાતામાં પેન્શન મેળવતા પૂંજાભાઈ ભગવાનભાઈ શેખવાની નિયમ અનુસાર દર વર્ષે હયાતીની ખાતરી કરવાની થતી હોય બેન્ક ઓફ ઈન્ડિયા,નીલમબાગ શાખા દ્વારા પેન્શનરને અપાયેલ હયાતી અંગેનું પ્રમાણપત્ર તિજોરી કચેરી ખાતે રજુ કરવામાં આવ્યું હતું. જેમાં પેન્શનરની સહી કચેરીના રેકર્ડ સાથે સુસંગત ન હોય તેમનું પેન્શન ઓગસ્ટ ૨૦૨૪ થી અટકાવવામાં આવ્યું હતું. આ અન્વયે પુંજાભાઈના પુત્ર પ્રકાશભાઈ શેખવા હયાતી માટે રૂબરૂ હાજર રહ્યા હતા અને પોતે પેન્શનર પુંજાભાઈ હોવાની ઓળખ આપીને ખાતરી અંગેના પ્રમાણ પત્રમાં સહી કરી હતી. આ સહી પણ કચેરીના રેકર્ડ સાથે મેચ થઈ ન હતી, તેમજ તેમનો ચહેરો પણ ફોટા સાથે મળતો ન હોય તેમને ઓળખના પુરાવાઓ રજૂ કરવા જણાવાયું હતું. ત્યારબાદ પ્રકાશ શેખવાએ ભાવનગર જિલ્લા પેન્શનર મંડળ નો પત્ર અને પોતાના ફોટા વાળી બેંકની પાસબુક પણ રજુ કરી હયાતી અંગેની ખાતરી કરાવવા વારંવાર રજૂઆત કરી હતી. તેમની કચેરી દ્વારા પૂછપરછ કરવામાં આવતા પોતે પેન્શનર પુંજાભાઈ શેખવાના પુત્ર પ્રકાશભાઈ હોવાનું મૌખિક અને લેખિત સ્વરૂપે સ્વીકારી તેઓ ચેક દ્વારા રૂબરૂ પૈસા ઉપાડતા અને તેમના પિતાની સૂચનાથી નાણાં વ્યવહાર કરતા હોવાનું જણાવ્યું હતું, તેમના પિતાને કચેરીએ રૂબરૂ લઈ આવવા જણાવવામાં આવતા તેમણે પત્ર દ્વારા વડોદરા મુકામે કરેલ સોગંદનામુ મોકલ્યું હતું. અને તેમાં પેન્શનર પુજાભાઈ ભગવાનભાઈ શેખવા હયાત હોવાનું અને વડોદરા મુકામે રહે છે તેવું જણાવ્યું હતું. આ પત્રની ખાતરી કરાવા માટે રૂબરૂ ઉપસ્થિત રહેવા પત્ર વ્યવહાર કરેલ પરંતુ આ પત્ર પણ ડિલિવર થયા વગર પરત આવ્યા હતા. આથી પેન્શનરના પુત્ર પ્રકાશ પુંજાભાઈનો વ્યવહાર શંકાસ્પદ જણાતા પેન્શનર તરીકે હયાતીની ખરાઈ થઈ શકી ન હતી. આ મામલે જિલ્લા તિજોરી કચેરીના અધિક તિજોરી અધિકારી તેજસભાઈ રશ્મિકાંતભાઈ મહેતાએ પ્રકાશભાઈ પુંજાભાઈ શેખવા વિરુદ્ધ નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસની કલમ ૨૪૨, ૩૩૬ (૨), ૩૩૬ (૩) ૩૩૮, ૩૪૯, ૩૧૬ (૨) અને ૩૧૮ (૨) મુજબ ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### જમીન ખોદતા સોનાની મગમાળા મળી હોવાનું કહી બાટલીમાં ઉતાર્યા

# ભીખ માંગવાના બહાને આવેલા બે શખ્સે ઘોઘાની મહિલા સાથે છેતરપિંડી આચરી

(એજન્સી) ભાવનગર । તા. 04




ઘોઘાના સાણોદરના પાટિયા પાસે રહેતા મહિલાના ઘરે ભીખ માંગવાના બહાને આવેલા બે શખ્સે મહિલાને સાચી મગમાળાનો પારો આપી પિત્તળની ધાતુની મગમાળા આપી રૂ.૧.૨૦ લાખની છેતરપિંડી કરી હતી.

આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ઘોઘાના સાણોદરના પાટિયા પાસે રહેતા ભવુંબેન છીણાભાઈ પરમાર આજથી પાંચેક મહિના પહેલા પોતાના ઘરે હાજર હતા ત્યારે મોહનભાઈ તથા ગોપાલભાઈ નામની વ્યક્તિ ભીખ માંગવા ના બહાને તેના ઘરે આવી અને પોતે ગરીબ છે તથા મા બાપ વગરના છે. તેમ કહી પોતાની પાસે સોનાની મગમાળા છે. તેમ જણાવી મગમાળા તેઓને જમીન ખોદતા મળી હોવાનું જણાવી અને મગમાળા વેચવાની છે. તેમ કહી ભવુંબેનને મગમાળામાંથી એક સોનાનો સાચો પારો રૂપિયા ૨૦,૦૦૦ માં આપી ભવુંબેનને બંને શખ્સે વિશ્વાસના લીધા હતા. દરમિયાનમાં ભીખ માંગવાના બહાને આવેલા બંને શખ્સ પાસે રહેલ બાકીની મગમાળા ભવુંબેને ૩ લાખ રૂપિયામાં દેવાનુ નક્કી કર્યું હતું. દરમિયાનમાં ભવુબેને મગમાળા સોનાની સાચી છે. તેમ વિશ્વાસમાં આવી ગયો હતો.અને ભવુબેને બંને શખ્સ પાસેથી પીળી ધાતુની મગમાળા નંગ ૮ લઈ રૂપિયા ૧ લાખમાં વેચાતી રાખી બીજા રૂપિયા મગમાળા વેચાય ત્યારે આપવાનું નક્કી કર્યું હતું. દરમિયાનમાં ભવુબેન ને શંકા પાડતા પીળી ધાતુની મગમાળા પોતાના જાણીતા સોનીની દુકાને બતાવવા માટે ગયા હતા. જ્યાં આ તમામ મગમાળા સોનાની નહિ અને ખોટી છે. તેમ જાણીતા સોની દ્વારા જણાવતા ભવુંબેન સાથે બંને શખ્સે ૧,૨૦, ૦૦૦ની છેતરપીંડી કરી હોવાની ફરિયાદ ભવુબેને ઘોઘા પોલીસ મથકમાં બે શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પશ્ચિમ કચ્છ એસપીએ રચેલી સ્પેશીયલ ટીમને મળી સફળતા

# 1.47 કરોડના કોકેઇન પ્રકરણમાં પોલીસ જાપ્તામાંથી ફરાર આરોપી રાજસ્થાનથી ઝડપાયો



(એજન્સી) ભુજ । તા. 04

પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના લાકડીયા ધોરી માર્ગ પર એસઓજીએ બાતમીના આધારે કારમાંથી ૧.૪૭ કરોડના ૧૪૭.૬૭ ગ્રામ કોકેઈન સાથે મહિલા સહિત ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. લાકડીયા પોલીસને હવાલે કર્યા બાદ આરોપીઓને લઈ પોલીસ પંજાબ ગઈ હતી. ત્યારે પોલીસ વાહનમાં પંક્ચર પડતાં ચાર પૈકી બે આરોપીઓ પોલીસને થાપ આપી નાસી ગયા હતા. ભાગી છુટેલા બે આરોપીઓને પકડવા પશ્ચિમ કચ્છ એસપીએ સ્પેશીયલ ટીમની રચના કરી હતી. જેણે ગુપ્ત બાતમીના આધારે રાજસ્થાન બોર્ડરના બાલોત્રા શહેરમાંથી બે પૈકી એક આરોપીને ઝડપી પાડીને લાકડીયા પોલીસને હવાલે કર્યો હતો.

ગત ૨૮ના લાકડીયા હાઈવે પાસે એસઓજી અને સ્થનિક પોલીસની ટીમે હરિયાણા પારસિંગની કારને રોકીને તલાસી લઈ કારના બોનેટ નીચેના એરફિલ્ટરમાંથી ૧.૪૭ ગ્રામનું રૂપિયા ૧.૪૭ કરોડની કિંમતનું કોકેઈન સાથે કાર સવાર હનિરસિંગ બિન્દરસિંગ શીખ, સંદીપસિંહ પપ્પુસિંહ શીખ, જસપાલકોર ઉર્ફે સુમન ગુલવંતસિંહ ઉર્ફે શનિભાઈ શીખ અને આર્શદીપકોર સંદીપસિંગ શીખ નામના ચાર આરોપીઓને પકડી પાડયા હતા. લાકડીયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ તપાસ કામ અર્થે લાકડીયા પોલીસ ચારેય આરોપીઓને લઈને પંજાબ ગઈ હતી. ત્યારે પોલીસ વાહનમાં પંક્ચર પડતાં પોલીસની નજર ચુકાવીને આરોપી હનિરસિંગ બિન્દરસિંગ શીખ, સંદીપસિંહ પપ્પુસિંહ શીખ નાસી ગયા હતા.

# ભાવનગર મ.પા.નો વેરો નહીં ભરતા કુલ 952 મિલકત સીલ માર્યા

## મિલકત વેરો વસૂલવા માટે છેલ્લા એક માસથી મહાપાલિકાની જપ્તી ડ્રાઈવ યથાવત

**સ્થિતિ બેકાબૂ...** આશરે છેલ્લા એક માસમાં મહાપાલિકાને રૂ. ૭.03 કરોડની વેરાની આવક, વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કિમમાં 3,૯૫૭ મિલકત ધારક જોડાયા, 3,0૨0 મિલકત ધારકે પ્રથમ હપ્તો ભર્યો

(એજન્સી) ભાવનગર । તા. 04




દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ભાવનગર મહાપાલિકાએ બાકીદારો પાસેથી મિલ્કત વેરો વસુલવા માટે છેલ્લા એક માસથી માસ જપ્તી ડ્રાઈવની કામગીરી હાથ ધરી છે. માસ જપ્તી ડ્રાઈવની કામગીરી દરમિયાન મહાપાલિકાની ટીમે અત્યાર સુધીમાં ૯૫૨ મિલ્કતને સીલ માર્યા છે, જયારે મહાપાલિકાને રૂ. ૭.૦૩ કરોડની વેરાની આવક થઈ છે.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ગત તા. ૦૬ ડિસેમ્બર-૨૦૨૪ થી કાર્પેટ એરિયા કર પધ્ધતીના મિલ્કત વેરાના બાકીદારો પાસેથી મિલ્કત વેરાની વસુલાત કરવા મહાનગરપાલિકાના તમામ વિભાગો મારફત માસ જપ્તી ડ્રાઈવ શરૂ કરવામાં આવેલ છે. આ માસ જપ્તી ડ્રાઈવ હેઠળ કુલ ૯૫૨ મિલ્કતને ટાંચમાં લઈ સિલ કરવામાં આવેલ છે, જ્યારે આ માસ જપ્તી શરૂ કર્યા તારીખથી આજ દિન સુધીમાં ભાવનગર મહાનગરપાલિકાને કુલ ૦૭.૦૩ કરોડની આવક થયેલ છે. આ માસ જપ્તી થકી ડિસેમ્બર માસમાં જ મહાનગરપાલિકાને કુલ ૬.૭૯ કરોડની આવક થયેલ છે જે ઓક્ટોબર માસની કુલ ૨.૨૩ કરોડ તથા નવેમ્બર માસની કુલ ૨.૫૨ કરોડની આવકના બમણાં કરતાં પણ વધુ છે. આ માસ જપ્તી ડ્રાઈવ શરૂ કર્યા તારીખથી આજ દિન સુધીમાં કુલ ૭,૪૮૬ મિલ્કતમાં મિલ્કત વેરો ભરપાઈ થયેલ છે. જે પૈકી ડિસેમ્બર માસમાં જ કુલ ૭,૨૪૧ મિલ્કતમાં વેરો ભરપાઈ થયેલ છે જે ઓક્ટોબર માસના ૨,૩૨૯ મિલ્કતો તથા નવેમ્બર માસના કુલ ૨,૪૬૩ મિલ્કતના બમણા કરતાં પણ વધારે છે. આંકડાના આધારે રિકવરી ટીમની કામગીરી નબળી દેખાય રહી છે ત્યારે રિકવરી ટીમમાં ફેરફાર કરવા જરૂરી હોવાનુ ચર્ચાય રહ્યુ છે.

મહાનગરપાલિકા ખાતે વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કિમ ૨.૦ (ઓડીઆઈએસ ૨.૦) પણ હાલ અમલી છે. આ સ્કિમ હેઠળ મિલ્કત વેરાની કુલ બાકી રકમના એક સરખા કુલ પાંચ હપ્તા કરી આપવામાં આવે છે તથા આ પાંચ હપ્તા ચાલુ વર્ષ સહિત આગામી પાંચ વર્ષમાં ભરપાઈ કરવાના રહેતા હોય છે, પાછલી બાકી રકમ અને ચાલુ બાકી રકમ પર ચડત થયેલ ચાલુ વર્ષનું વ્યાજ માફ કરી આપવામાં આવતું હોય છે.

મિલ્કતધારકો દ્વારા મોટી સંખ્યામાં આ યોજનાનો લાભ મેળવવામાં આવી રહ્યો છે. આ યોજના ગત તા. ૦૫ ડિસેમ્બર-૨૦૨૪ થી લાગુ કર્યા તારીખથી આજ દિન સુધીમાં કુલ ૩,૯૫૭ મિલ્કત ધારકે આ યોજનામાં જોડાયા છે જે પૈકી કુલ ૩,૦૨૦ મિલ્કત ધારકે તેઓનો પ્રથમ હપ્તો પણ ભરપાઈ કરી દિધેલ છે. જેના થકી મહાનગરપાલિકાને કુલ ૧.૮૯ કરોડની આવક થયેલ છે. મિલ્કત વેરો નહીં ભરે તે બાકીદારના નળ-ગટર કનેકશન આગામી દિવસોમાં કાપવામાં આવશે તેમ માહિતી આપતા ભાવનગર મહાપાલિકાના ઘરવેરા વિભાગના અધિકારીએ જણાવેલ છે.

# આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા વુમન વેલનેસ ક્લિનિક પ્રોગ્રામનું આયોજન

(એજન્સી) અમદાવાદ । તા. 04

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ૧ જાન્યુઆરી-૨૦૨૫ ના રોજ આશિર્વાદ ફાઉન્ડેશન અમદાવાદ, ખાતે વુમન વેલનેસ ક્લિનિક પ્રોગ્રામ (WWC) હેઠળ આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક સીએ શ્રી આર. એસ. પટેલ સાહેબ, બહેનોમાં રોલ મૉડેલ એવા આશીર્વાદ મેડિકલ સેન્ટરના ડિરેક્ટર શ્રીમતિ હિનાબેન જરીવાલા, લાભાર્થીઓ માટે શ્રીમતી અર્ચના સોમાણી દ્વારા સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વકનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમા આવેલ બહેનોને રૂપિયા ૨૫૦૦ ની કિમતના સ્તન મેમોગ્રાફી અને સોનોગ્રાફી રીપોર્ટ ફ્રી માં કરી આપવામાં આવ્યા હતા. સ્તનના સ્વ-પરીક્ષણ દ્વારા ૫ મહત્વના પગલાં દ્વારા કોઈ નાની ગાંઠ, લાલ ચકામા, કે ખીલ, ફોલ્લી અથવા નિપલમાં થી પ્રવાહી જરતું હોય તો આ ચિન્હો દેખાય તો ડૉક્ટરી તપાસ કે મેમોગ્રાફી અને સોનોગ્રાફી દ્વારા વહેલા તબક્કે થતું સ્તન કેન્સરનું નિદાન થઈ શકે છે.

### એક પ્લોટમાં ૪૮,૯૦૦નો વધુ ભાવ ભરાયો

# ગુડાના પાંચ પ્લોટ 190 કરોડ રૂપિયામાં વેચાયા

(એજન્સી) ગાંધીનગર । તા. 04

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આવક ઉભી કરવા માટે પ્લોટના વેચાણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને તે માટે કુલ ૭ પ્લોટ હરાજી માટે મૂકવામાં આવ્યા હતાં. આ પ્લોટની ઓનલાઈન હરાજી પ્રક્રિયા આજે સવારથી શરૃ કરવામાં આવી હતી. જોકે બે પ્લોટમાં કોઈ બીડરો આવ્યા ન હતા પરંતુ બાકીના પાંચ પ્લોટની હરાજી પ્રક્રિયા પૂર્ણ થઈ હતી અને તેના થકી ગુડાને ૧૯૦.૧૯ કરોડ રૃપિયા મળશે.

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૭ના સરગાસણ વિસ્તારમાં વાણિજ્ય હેતુના ૨ અને રહેણાંક હેતુના ૩ મળીને ૫ પ્લોટ તથા ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૬ના કુડાસણ વિસ્તારમાં વાણિજ્ય હેતુના ૨ પ્લોટ મળી કુલ ૭ પ્લોટની હરાજી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આજે સવારથી એન પ્રોક્યોર સોફ્ટવેર મારફતે હરાજી પ્રક્રિયા શરૃ કરવામાં આવી હતી. જેમાં પ્રત્યેક પ્લોટ માટે એક કલાકનો સમય રાખવામાં આવ્યો હતો.

# કલોલનાગેરકાયદેસરબાંધકામો ઉપર પાલિકાએ જેસીબી ફેરવ્યું

(એજન્સી) કલોલ । તા. 04

કલોલમાં હોટલથી લઈને માર્કેટયાર્ડ ઓવરબ્રિજ સુધીનો રોડ પહોળો કરવાનો હોવાથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડની માપણી કરવામાં આવી રહી છે અને રોડ ઉપર થયેલ ગેરકાયદેસર દબાણો દૂર કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે જેમાં નગરપાલિકાએ ચાર દિવસથી કાર્યવાહી કરીને આ રોડ ઉપરના દબાણો દૂર કર્યા હતા અને આજે વધુ દબાણ દૂર કરવામાં આવ્યા હતા.આ બાબતે મળતી વિગતો અનુસાર નગરપાલિકા દ્વારા શહેરના સિંદબાદ હોટલથી લઈને માર્કેટયાર્ડ ઓવરબ્રિજ સુધીના રોડ ઉપર થયેલા ગેરકાયદેસર દબાણો ને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે ચાર દિવસથી અહીં કાર્યવાહી કરવામાં આવી રહી છે અને કરોડોની જમીન ખુલ્લી કરવામાં આવી છે નગરપાલિકા દ્વારા ગતરોજ સ્વાદ હોટલ પાસેના દબાણ દૂર કરવામાં આવ્યા હતા અને વર્ષોથી બંધ થઈ ગયેલો સવસ રોડ ખુલ્લો કરવામાં આવ્યો હતો સવસ રોડ ખુલ્લો થતા સ્થાનિકો માં ખુશીની લહેર જોવા મળી હતી અને તેઓએ ફટાકડા ફોડયા હતા રાત્રે આતસબાજી કરી હતી નગરપાલિકા દ્વારા આજરોજ વધુ કાર્યવાહી કરવામાં આવતા આ રોડ ઉપર થયેલ દબાણો દૂર કર્યા હતા.

### બરવાળા, સિહોર અને ગઢડા પોલીસ મથકમાં ગુનો નોંધાયો

# ભાવનગર-બોટાદ જિલ્લામાં જુગારના ત્રણ બનાવમાં 13 જુગારી ઝડપાયા

(એજન્સી) ભાવનગર । તા. 04

ભાવનગર અને બોટાદ જિલ્લામાં જુગારના અલગ-અલગ ત્રણ બનાવમાં ૧૩ જુગારીઓને પોલીસે કુલ રૂ.૧૬,૨૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ અલગ-અલગ પોલીસ મથકમાં ત્રણ ગુના નોંધ્યા હતા.બોટાદના બરવાળાના રેફડા ગામે જાહેરમાં જુગાર રમતા ખોડા હરીભાઈ ધોલેરીય, મુકેશ અમરશીભાઈ મેર, સુરેશ પિતાંબરભાઈ નાવડીયા, ડાયા પરશોતમ જાંબુકીયા, નરેશ કેશાભાઈ રાઘાણી અને પ્રવિણ બાબુભાઈ કીહલાને બોટાદ એલસીબીએ કુલ રૂ.૧૪,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બરવાળા પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો. તેમજ ગઢડા તાલુકાના ધુરફણીયા ગામે સ્મશાન પાસે જાહેરમાં જુગાર રમતા પરશોતમ છગનભાઈ ગાબુ, શાંતિ રમેશભાઈ વેલાણી, રમણીક ભોજાભાઈ ચાવડા અને ભરત મોતીભાઈ વેલાણીને ગઢડા પોલીસે કુલ રૂ.૧૪૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ગઢડા પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો. પોલીસે કુલ રૂ.૬૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ સિહોર પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો.

# ગ્રામસભા બોલાવ્યા વગર મેઘપરને ગાંધીધામ મ.ન.પા.માં સમાવી લીધાનો આક્ષેપ

## જારના મેઘપર-બો. અને કુંભારડી ગાંધીધામમાં ચાલ્યા જતાં વિરોધ



ગાંધીધામ: અંજાર તાલુકામાં આવતા મેઘપર-બોરીચી અને કુંભારડી જેમાં આજની તારીખે ૭૦ હજારથી વધુની વસ્તી રહે છે. એટલે કે સ્વયં નગરપાલિકા થઈ શકે તેટલી વસ્તી ત્યાં છે. છતાં મેઘપર-બો. જુથ ગ્રામ પંચાયત દ્વારા કોઈપણ પ્રકારની ગ્રામસભા બોલાવ્યા વગર કે તાલુકા પંચાયતને જાણ કર્યા વગર સરપંચ સહિતની બોડી દ્વારા પોતાની મનમાંની ચલાવી ગાંધીધામ મ.ન.પા. ભળી જવા માટેની તૈયારી દર્શાવતો પત્ર આપી દેવામાં આવ્યો હતો. વહીવટનો સંચાલન કરવાની જગ્યાએ પોતાને જાણે ગામના માલિક હોય તે રીતે અંજાર તાલુકાનાં ગામને ગાંધીધામમાં સમાવી લેવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ અંજારની સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે અને હવે આ માટે લડત ચલાવવામાં આવશે તેવું પણ જાહેર કર્યું છે.

આ અંગે અંજાર આઈડેન્ટિટી સંસ્થાના પ્રમુખ એલ.વી. વોરા અને મંત્રી ભરત ઠક્કરે જણાવ્યું હતું કે, સરકારે ગાંધીધામને નિયમોને નેવે મૂકી મહાનગરપાલિકા આપી દીધી છે. પ્રથમ તો જ્યારે અંજાર તાલુકો અલગ છે ત્યારે ગાંધીધામ નગરપાલિકાએ કયા હક્ક-દાવાથી અંજાર તાલુકાની મેઘપર જુથ ગ્રામ પંચાયત પાસે સૂચિત ગાંધીધામ મનપામાં સમાવવા બાબત ઠરાવ માગ્યો? એ એક સવાલ છે. ગ્રામ પંચાયતે પણ લોકોને પૂછયા વગર ગ્રામસભા બોલાવ્યા વગર ઠરાવ કરીને આખે આખા બે ગામ ગાંધીધામ નગરપાલિકાને આપી દીધા. ગ્રામ પંચાયતની બોડીને ગામનો વહીવટ ચલાવવા માટે ચૂંટવામાં આવતા હોય છે તેથી તે ગામની માલિક બની નથી જતી અને આવા મોટા નિર્ણયો લોકોને પૂછયા વગર લે તે કાયદાથી વિરુદ્ધ છે. હાલની સ્થિતીમાં તો અંજાર તાલુકાનું અંગ જ કપાઈ ગયું છે. આ બાબતે તાલુકા પંચાયત કે ન તો અંજાર નગરપાલિકાને પૂછવામાં આવ્યું વાસ્તવમાં એક તાલુકા માંથી બીજા તાલુકામાં જવાનું હોય તો ગ્રામ પંચાયતનો ઠરાવ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં અને પછી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં બહુમતીએ પાસ થવો જોઈતો હતો. તેના પર સરકારના પંચાયત અને મહેસૂલ વિભાગની મોહર લાગે પછી જ તે કાયદેસર ગણાય કારણ કે તાલુકો બદલવાનો છે.

જ્યારે અંજારના બે હાથ જેવા બે મેઘપરને જ્યારે ગાંધીધામમાં ભેળવવાની વાત સામે આવી ત્યારે અંજારના પ્રબુધ્ધ નાગરિકોએ અંદાજે ૨૦૦ જણાએ આ બાબતે વિરોધ કરતાં પત્રો મુખ્યમંત્રીને લખ્યા હતા. જે બાદ આ સંસ્થાએ મુખ્યમંત્રીને રૂબરૂ રજુઆત કરી હતી. ત્યારે મુખ્યમંત્રીએ વાત સ્વીકારીને મેઘપરને નહિ લેવાય એવી હૈયાધારણ આપી હતી. તેમ છતાં બંને મેઘપર આખેઆખા લેવાયા જે કમનસીબ બાબત છે.

### સરકારે અંજારની સ્થિતિ આસામ જેવી કરી નાખી

ગાંધીધામને મહાનગરપાલિકા મળે તેમાં અંજારને કોઈ વાંધો ન હોય પણ અંજારના ભોગે ગાંધીધામ નો વિકાસ અંજાર ન ઈચ્છે.આજે અંજાર પોતાનું અસ્તિત્વ બચાવવાની વેતરણમાં આવી ગયું છે, આવે. સરકારે અંજારને આસામ બનાવી નાખ્યું છે. એકવાર પોતાના સ્વાર્થ માટે અલગ તાલુકો બનાવવા માટે અંજારનું વિભાજન કર્યું, હવે પોતાના સ્વાર્થ માટે અંજારના બે મેઘપરને છીનવીને બીજું વિભાજન કર્યું છે અને હવે ગાંધીધામ તાલુકો અકબંધ રાખવા માટે અંજારનું ત્રીજી વખત વિભાજન કરે તેવી શક્યતા નકારી શકાતી નથી કારણ કે અંજાર નધણિયાતું છે. અંજારના ચુંટાયેલા પદાધિકારીઓને અંજારની પડી નથી એથી અંજારના આવા વિનાશને તેઓ મૂક રહી સમર્થન આપે છે તેવો આક્ષેપ પણ કરાયો હતો.

### મિત્રતાનો લાભ લઈ એક જ કારનો બે વાર સોદો

# ગાંધીધામના તબીબે કિડાણાનાં આધેડ સાથે 8 લાખ રૂપિયાની ઠગાઇ કરી

(એજન્સી) ગાંધીધામ । તા. 04

ગાંધીધામનાં કિડાણા રહેતા આધેડ સાથે મુન્દ્રા રહેતા તબીબે ૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરતા પોલીસ ચોપડે ગુનો નોંધાયો છે.જેમાં તબીબે પોતાની પત્નીનાં નામની કારનું તેના મિત્ર સાથે બે વખત સોદો કર્યો હતો. જેમાં પહેલા સોદામાં કાર પેટે રોકડા ૧૦.૫૦ પડાવી લીધા હતા અને તબીબે ફરી તેના મિત્રને ભોળવી કારનું બીજી વખત ૯.૫૦ લાખ રૂપિયામાં સોદો કરી ફરી કારનાં બદલામાં રોકડા ૪.૫૦ લાખ રૂપિયા મેળવી લીધા હતા અને કાર પણ આપી ન હતી. જેમાં આધેડે તબીબને પોતાના રૂપિયા અંગે કેહવા જતા તબીબે આધેડને રોકડા ૭ લાખ રૂપિયા પરત કર્યા હતા અને બાકી નીકળતા ૮ લાખ રૂપિયા પરત ન આપી તેમના સાથે ઠગાઈ કરી હતી.

જેના બદલામાં આરોપીએ ફરિયાદી પાસેથી ગાંધીધામ મધ્યે ટી એમ ટાવરમાં આવેલી પોતાની ઓફિસમાં કારનાં સોદા પેટે રોકડા ૧૦.૫૦ લાખ રૂપિયા મેળવી લીધા હતા. જે બાદ ૨૮ માર્ચ ૨૦૨૩નાં આરોપી ડો. જૈનીલે ફરી ફરિયાદીને પોતાની ગાંધીધામ ઓફિસે બોલાવી પોતાની કારનું બીજી વખત સોદો કર્યો હતો. જેમાં આરોપીએ ફરિયાદી સાથે મીઠી વાતો કરી તમારા રૂપિયા મને બઉ કામ આવ્યા છે. હું તમારો એહસાન ક્યારે નહિ ભૂલું કહી હું મિત્રતામાં તમારા સાથે ફરી બીજી વાર સોદો કરી તમને એક લાખ રૂપિયાનો ફાયદો અપાવવા માંગુ છું કહી વિશ્વાસમાં લઈ ફરી પોતાની કારનો સોદો ૯.૫૦ લાખ રૂપિયામાં કર્યો હતો અને કીધું હતુ કે તમારા પહેલે ચુકવેલા ૧૦.૫૦ લાખ રૂપિયા જલ્દી ફરત આપી દઈશ. જેથી ફરિયાદીએ ફરી આરોપીની વાતોમાં આવી આરોપીને રોકડા રૂ. ૪,૫૦,૦૦૦ ચૂકવી આપ્યા હતા.જેમાં બે ત્રણ મહિના બાદ આરોપીએ ફરિયાદીને જણાવ્યુ હતુ કે મેં તમને મારી પત્નીની કાર આપી દીધી એટલે એ મારા પર બઉ ગુસ્સે છે તમે મને કાર પરત આપી દયો કહી ફરિયાદીને કારનાં બદલામાં ૧૫ લાખ રૂપિયાનું ચેક આપ્યો હતો. જે ચેક ફરિયાદીએ બેંકમાં નાખવા જતા ખોટી સહીનાં લીધે રિટર્ન થયું હતુ. જે અંગે ફરિયાદીએ આરોપીને વાત કરતા આરોપીએ ફરિયાદીને રોકડા ૭ લાખ રૂપિયા ચૂકવી આપ્યા હતા અને બાકીનાં ૮ લાખ રૂપિયા આજ દિવસ સુધી ચૂકવી ન આપી ફરિયાદી સાથે ઠગાઈ કરી હતી. જેથી ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)** તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પણ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ)** આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો.

**મિથુન (ક,છ,ઘ)** ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે.આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રેક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ.

**કર્ક (ડ,હ)** આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે.

**સિંહ (મ,ટ)** એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ)** આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો.

**તુલા (ર,ત)** આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે.

**વૃશ્ચિક (ન,ય)** ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે.

**ધન (ભ,ધ,ફ)** બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. ઘરે તમને તમારા સંતાનો એવી પરિસ્થિતિ રજૂ કરશે.

**મકર (ખ,જ)** જીવનને માણવા માટે તમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો.

**કુંભ (ગ,શ,સ)** તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચારશક્તિને મંદ પાડી દીધી છે.

**મીન (દ,ચ,ઝ,થ)** વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

### અમેરિકન ઈન્વેસ્ટમેન્ટ ફર્મની માલિકીના ફંડના પીબી ફિનટેકના શેર વેચાણ મામલો

# કેતન પારેખ ટાઈગર ગ્લોબલના સોદાઓમાં ફ્રન્ટ-રનિંગ કરતો હોવાનો શેર બજારના ડેટામાં ઘટસ્ફોટ

(એજન્સી) મુંબઈ | તા 04

પીબી ફિનટેકના શેરમાં અમેરિકા સ્થિત ઈન્વેસ્ટમેન્ટ ફર્મ ટાઈગર ગ્લોબલના ફ્રન્ટ-રનિંગ ટ્રેડમાં ઓપરેટરોની રિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો ઘટસ્ફોટ સેબી તપાસમાં થયો છે. સ્ટોક એક્સચેન્જોના ડેટા એ પુષ્ટિ કરી છે કે, સેબીએ માર્કેટ ઓપરેટર કેતન પારેખ અને સિંગાપોર સ્થિત ટ્રેડર રોહિત સાલગાવકર અને અન્ય કંપનીઓ સામે તેના ૨, જાન્યુપઆરીના આદેશમાં બિગ ક્લાયન્ટ તરીકે ઉલ્લેખ કર્યો છે. સ્ટોક એક્સચેન્જના ડેટા દર્શાવે છે કે, તે ટાઈગર ગ્લોબલ અને યુ.એસ. સ્થિત ઈન્વેસ્ટમેન્ટ ફર્મની માલિકીનું ફંડ હતું, જેણે ૧૧, નવેમ્બર ૨૦૨૨ના રોજ પીબી ફિનટેકના શેરો વેચ્યા હતા. સેબીના આદેશમાં પોલિસી બઝારની પેરન્ટ કંપની પીબી ફિનટેકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ આ કંપનીમાં ફ્રન્ટરનિંગ કરીને કથિત ખોટું કરનારાઓ મામલે સેબીએ ફંડ અથવા એન્ટિટીનું નામ




જાહેર કર્યું નથી. સેબીએ પણ ફંડને ’બિગ ક્લાયન્ટ’ તરીકે ઓળખાવ્યું છે. કેતન પારેખ, સલગાંવકર અને અન્યોનું જૂથ સોદા-ટ્રેડ્સમાં ફ્રન્ટ-રનિંગ કરવા ઉપરાંત ટાઈગર ગ્લોબલને પીબી ફિનટેકના શેરો વેચવામાં આવ્યા ત્યારે એ બીજી બાજુ ખરીદીમાં હતા એમ સેબીની તપાસમાં બહાર આવ્યું છે. ફ્રન્ટ-રનિંગ એ મોટા આગામી ઓર્ડર વિશે બિન-જાહેર માહિતીના આધારે વ્યક્તિગત સોદા મૂકવાની ગેરકાયદેસર ગણાતી પ્રથા દર્શાવે છે. જે સુરક્ષિત ભાવ નિર્ધારણને અસર કરે છે. આ પ્રથા ટ્રેડરને મોટા ઓર્ડરો બજારમાં આવે તે પહેલા ખરીદી અને વેચાણ થકી નફો કરવાની તક આપે ચે અને એ બજારમાં મેનીપ્યુલેશન કહેવાય છે. ૧૧, નવેમ્બર ૨૦૨૨ના રોજ બિગ ક્લાયન્ટના બે ફંડોએ પીબી ફિનટેક (પોલિસી બઝાર)ના ૫૨.૫ લાખ શેરો વેચ્યા હતા. જેમાં એવું જાણવા મળ્યું હતું કે, જીઆરડી સિક્યુરિટીઝ લિમિટેડ (ફ્રન્ટ-રનર-૧), સાલાસર સ્ટોક બ્રોકિંગ લિમિટેડ (ફ્રન્ટ-રનર-૨) અને અનિરૂધ્ધ દામાણી (ફ્રન્ટ-રનર-૩) દ્વારા ૨૦.૬૧ લાખ શેરો માટે બિગ ક્લાયન્ટ સાથેના તેમના સોદાનો તાળો મળતો આવે છે એમ સેબીના ૧૮૮ પાનાના આદેશમાં જણાવાયું છે. બીએસઈના ડેટા દર્શાવે છે કે, બે કંપનીઓ, ટાઈગર ગ્લોબલ એઈટ હોલ્ડિંગ્સ અને ઈન્ટરનેશ ફંડ થ્રી પીટીઈ લિમિટેડ જે ટાઈગર ગ્લોબલ મેનેજમેન્ટ દ્વારા સંચાલિત વેન્ચર કેપિટલ ફંડ છે એમણે ૨૦૨૨માં પીબી ફિનટેકના કુલ ૧.૨૩ કરોડ શેરો વેચ્યા હતા. ટાઈગર એઈટ હોલ્ડિંગ્સે ૭૬.૧૩ લાખ શેરોનું વેચાણ કર્યું હતું. જ્યારે ઈન્ટરનેટ ફંડ થ્રી પીટીઈ લિમિટેડે ૫૧.૬ લાખ ઈક્વિટી શેરોનું વેચાણ કર્યું હતું. ટાઈગર ગ્લોબલે એનએસઈ પર પણ પીબી ફિનટેકના ૩૨.૮૪ લાખ ઈક્વિટી શેરો વેચ્યા હતા, જે ૧૧, નવેમ્બર ૨૦૨૨ના રોજ રૂ.૩૮૮.૩૪ ભાવે વેચ્યા હતા. સેબીના આદેશમાં ગ્રુપ ચેટ્સના સ્ક્રીનશોટનો સમાવેશ કરાયો છે, જેમાં પારેખ કથિત રીતે પીબી ફિનટેકના શેરો માટેના ઓર્ડર વેચવાના સંદર્ભમાં અન્ય લોકોને ટ્રેડિંગ સૂચનાઓ આપી રહ્યા છે. આ આદેશમાં ઘટનાઓના ઘટનાક્રમ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં સલગાંવકર, જેમની સાથે ટાઈગર ગ્લોબલ ચોક્કસ ઓર્ડર આપતા પહેલા પરામર્શ કરતું હતું, તેણે પારેખને માહિતી આપી હતી, જેણે ત્યાર બાદ વોટ્સએપ ગ્રુપોમાં ટ્રેડિંગ સૂચનાઓ આપી હતી. ’રોહિત સલગાંવકરને તે દિવસે પોલિસી બઝાર વેચવા અંગે બિગ ક્લાયન્ટના ટ્રેડર પાસેથી સૂચના મળી હોવાથી, તેની જાણ કેતન પારેખને કરવામાં આવી હતી, જેણે બદલામાં ફ્રન્ટ રનર-૨(સાલાસર સ્ટોક બ્રોકિંગ)ને પોલિસી બઝાર લિમિટેડના શેર વેચવાની સૂચના આપી હતી, એમ સેબીના આદેશમાં જણાવાયું છે.’’

## 2025ના આ નવા વર્ષે Vi સુપરહીરો સાથે તેના વાર્ષિક રિચાર્જ પોર્ટફોલિયોને મજબૂત બનાવે છે




મુંબઈ | અગ્રણી ટેલિકોમ ઓપરેટર Vi એ તાજેતરમાં ઉદ્યોગની સૌપ્રથમ પ્રપોઝિશન સુપરહીરો લોન્ચ કરી હતી જે રાતના 12થી બપોરના 12 વાગ્યા સુધી અનલિમિટેડ ડેટાની એક્સેસ ઓફર કરે છે. વધુ હાઈ-સ્પીડ ડેટા માટેની સતત વધી રહેલી માંગનેધ્યાનમાં રાખીને તૈયાર આ પ્રપોઝિશન તૈયાર કરવામાં આવી છે. વાર્ષિક પેક અથવા વેલ્યુ ફોર મની ઓફર્સ ઈચ્છતા ગ્રાહકો માટે આ ડીલને વધુ આકર્ષક બનાવતા Vi ત્રણ બેસ્ટ ઈન વેલ્યુ એન્યુઅલ રિચાર્જ વિકલ્પો ધરાવે છે જે માસિક પ્લાન પર ન કેવળ 25 ટકા સુધીની બચત આપે છે પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન મનોરંજન અને અવિરત મોબાઈલ ડેટા જરૂરિયાતો પણ સંતોષે છે. Vi ના એન્યુઅલ રિચાર્જ પ્લાન રાતના 12થી બપોરના 12 કલાક સુધી અડધા દિવસ માટે અનલિમિટેડ ડેટા પૂરો પાડે છે. આ ઉપરાંત તે દિવસના બાકીના 12 કલાક માટે વધારાનો 2જીબી ડેઈલી ડેટા ક્વોટા પણ આપે છે. એટલું જ નહીં, Vi સુપરહીરો પેક્સ વીકેન્ડ ડેટા રોલઓવર પણ ઓફર કરે છે જેનાથી યુઝર્સ અઠવાડિયા દરમિયાન ન વપરાયેલો ડેટા કેરી ફોરવર્ડ કરી શકે છે અને વીકેન્ડમાં તેનો ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત આ પ્લાન્સ ડેટા ડિલાઈટ ફીચર સાથે ઈમર્જન્સી ડેટા ટોપ-અપ પણ ઓફર કરે છે જેનાથી મહિનામાં બે વખત બિનશરતી વધારાનો 1 જીબી ડેટા મળે છે. આ બધા સાથે Vi ના એન્યુઅલ સુપર હીરો પેક્સ અદ્વિતીય મૂલ્ય પૂરું પાડવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ લાભો ઉપરાંત યુઝર્સ સમગ્ર વર્ષ માટે ડિઝની પ્લસ હોટસ્ટાર અને એમેઝોન પ્રાઈમ લાઈટ જેવા ઓટીટી સબ્સ્ક્રિપ્શન્સ પણ માણી શકે છે. દૈનિક રૂ. 10 જેટલી ઓછી કિંમતે Vi ના એન્યુઅલ સુપરહીરો પેક્સ 25 ટકા સુધીની બચત પૂરી પાડે છે જે અન્ય માસિકરિચાર્જની સરખામણીએ લગભગ રૂ. 1,100 જેટલા છે. એક જ રિચાર્જની સુવિધા સાથે પોતાના નાણાં માટે શ્રેષ્ઠ મૂલ્ય ઈચ્છતા ગ્રાહકો માટે આ ઉત્તમ પસંદગી છે.



## મીઠા અને તમાકુના પાન પર અલગ અલગ ટેક્સ?

મુંબઈ | ખાવા ઉપરાંત પૂજામાં પણ સોપારીનો ઉપયોગ કરવામાં આવે છે. જે લોકો વારંવાર સોપારી ખાય છે અથવા તેનો ઉપયોગ કરે છે, તેમના માટે એ જાણવું ખૂબ જ જરૂરી છે કે સોપારી પર ટેક્સ છે કે નહીં. જો તમે તેના વિશે નથી જાણતા તો અમે અહીં તેના વિશે વિગતવાર જણાવી રહ્યા છીએ. સોપારી ખાવાનો શોખ ભારતમાં સદીઓથી ચાલી આવે છે. પાન પ્રત્યેના આ શોખને કારણે બોલીવુડની ફિલ્મોમાં પણ તેના પર આધારિત ગીતો બનાવવામાં આવ્યા છે, જેમાં અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘ડોન’નું ગીત ‘ખાઈ કે પાન બનારસ વાલા’ અને રાજ કપૂરની ફિલ્મ ‘પાન ખાયે સૈયાં હમાર’ ગીતનો સમાવેશ થાય છે. તીસરી કસમ’. આ બંને ગીતો તેમના સમયમાં સુપર ડુપર હિટ હતા. ત્યારે કોને ખબર હતી કે એક દિવસ પાન ખાનારાઓએ પણ ટેક્સ ભરવો પડશે. દેશમાં પાનનો શોખ એટલો છે કે પાન ખાનારાઓને પણ ખબર નથી કે તેઓ જે પાન ખાય છે તેના પર સરકાર જીએસટી ટેક્સ વસૂલે છે. અલબત્ત, આ ટેક્સ પાન પર લાગતો નથી, પરંતુ તમાકુ, ખાંડની કેન્ડી અને ગુલકંદ જેવી પાન તૈયાર કરવામાં વપરાતી ઘણી વસ્તુઓ પર GST ટેક્સ અલગ-અલગ કેટેગરીમાં લેવામાં આવે છે.

## નવા વર્ષમાં સોનુ રૂપિયા 900 જેટલુ મોંઘુ થયુ

મુંબઈ | વર્ષ 2025 શરૂ થઈ ગયું છે અને તેની સાથે સોનાની ચમક પણ વધી રહી છે. સોના અને ચાંદીના ભાવમાં વધારો થઈ રહ્યો છે અને માનવામાં આવે છે કે તેના ભાવ વધુ વધી શકે છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોનાની કિંમત 77828 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ટ્રેડ થઈ રહી છે, જે લગભગ 0.14 ટકા વધી છે. જ્યારે આજે ચાંદી 89415 રૂપિયા પ્રતિ કિલોના ભાવ પર કારોબાર કરી રહી છે. આવો જાણીએ દેશના મોટા શહેરોમાં સોનાના ભાવ શું છે. દિલ્હીમાં 24 કેરેટ 10 ગ્રામ શુદ્ધ સોનાની કિંમત 870 રૂપિયા વધીને 79,350 રૂપિયા થઈ ગઈ છે. જ્યારે મુંબઈમાં 24 કેરેટ શુદ્ધતાના સોનાની કિંમત 79,200 રૂપિયા છે. આજે ચેન્નાઈમાં તમે 10 ગ્રામ 24 કેરેટ સોનું 79,600 રૂપિયામાં ખરીદી શકો છો. આજે કોલકાતામાં 24 કેરેટ 10 ગ્રામ સોનાની કિંમત 800 રૂપિયાના વધારા સાથે 79,600 રૂપિયા પર ટ્રેડ થઈ રહી છે. જ્યારે ગુજરાતના અમદાવાદમાં સોનું રૂ. 870 વધીને રૂ. 79,250 પ્રતિ 10 ગ્રામ પર ઉપલબ્ધ છે. આ સિવાય આજે બેંગલુરુમાં તમે 79,200 રૂપિયામાં 10 ગ્રામ સોનું ખરીદી શકો છો.

## IPO માર્કેટમાં સ્ટાર્ટઅપની વણજાર આવશે

(એજન્સી) મુંબઈ | તા 04

કેલેન્ડર વર્ષમાં આઈપીઓ બજારની ધૂમ જોવા મળી હતી. ગત કેલેન્ડર વર્ષમાં અનેક કંપનીઓએ આઈપીઓ દ્વારા રેકોર્ડ ફંડ એકત્ર કરીને માર્કેટમાં પદાર્પણ કર્યું હતુ. નવા કેલેન્ડર વર્ષ માટે પણ રિલાયન્સ જિયો, એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા, એથર એનર્જી સહિતની અનેક કંપનીઓ ભંડોળ એકત્ર કરવા માર્કેટમાં ઉતરશે. જોકે એક અહેવાલ અનુસાર આ નવા કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં ૨૫ કંપનીઓનો પાઈપલાઈનમાં છે. રિપોર્ટ અનુસાર ૨૦૨૫માં ઓછામાં ઓછી ૨૫ ન્યૂ એજ કંપનીઓ લિસ્ટ થવાની ધારણા છે. જો આ તમામ કંપનીઓનું લિસ્ટિંગ થશે તો એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ સ્ટાર્ટઅપ આઈપીઓનો નવો રેકોર્ડ બનશે. આ અગાઉ ૨૦૨૪માં ૧૩ સ્ટાર્ટઅપ કંપનીઓએ શેરબજારમાં પદાર્પણ કર્યું હતું. રિપોર્ટ અનુસાર એથર એનર્જી, એરિસઈન્ફ્રા, અવાન્સે,




એય ફાઈનાન્સ, બોટ, બ્લુસ્ટોન, કારદેખો, કેપ્ટન ફ્રેશ, દેવેક્સ, ઈકોમ એક્સપ્રેસ અને ફ્રેક્ટલ જેવી સ્ટાર્ટઅપ કંપનીઓના આઈઓપીઓ ૨૦૨૫માં આવવાની સંભાવના છે. આ સિવાય ઈન્ફ્રા.માર્કેટ, ઈનોવેટી, ઈન્ક્રેડ, ઈન્ડિક્યુબ, ઓફબિઝનેસ, ફિઝિક્સવાલા, પે-યુ, પાઈન પેલ, ઉલ્લુ ડિજિટલ, શેડોફેક્સ, સ્માર્ટવર્ક્સ, ઝેપફ્રેશ, ઝેપ્ટો અને ઝેટવેર્ક અન્ય સ્ટાર્ટઅપ કંપનીઓ જેઓની આઈપીઓ બહાર પાડવાની યોજના છે. ૨૦૨૪ અને અગાઉ લિસ્ટ થયેલ સ્ટાર્ટપને સેકન્ડર માર્કેટમાં મજબૂત પ્રતિસાદ મળશે અને મહત્વનું કે આ કંપનીઓ સારૂ નાણાંકીય પરફોર્મન્સ આપશે તો આગામી લિસ્ટિંગ માટે તત્પર સ્ટાર્ટઅપ કંપનીઓ માટે માર્ગ મોકળો બનશે અને રોકાણકારોનો વિશ્વાસ જોઈએને એન્ટરપ્રોન્યોર આઈપીઓ માટે પ્રેરાશે. ગયા વર્ષે ૨૦૨૪માં ૧૩ સ્ટાર્ટઅપ કંપનીઓએ આઈપીઓ થકી સામૂહિક રીતે રૂ. ૨૯૦૦૦ કરોડ (લગભગ ૩.૪ બિલિયન ડોલર) એકત્ર કર્યા હતા, જેમાં સ્વિગી, ઓલા ઈલેક્ટ્રિક અને ફર્સ્ટક્રાય જેવી કંપનીઓને અદભૂત પ્રતિસાદ મળ્યો હતો. આ પહેલાના વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ નિસ્તેજ રહ્યાં હતા, જ્યારે માત્ર બે અને પાંચ સ્ટાર્ટઅપ્સે જ શેરબજારમાં પદાર્પણ કર્યું હતું.

## જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ ડિસેમ્બર 2024માં 55%ની ધાતાંકીય વૃદ્ધિ સાથે 2024નું સમાપન કર્યું

JSW MG

ગુરૂગ્રામ : જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ ડિસેમ્બર 2024માં 7,516 યુનિટનું વેચાણ કરીને 55%ની મહત્વપૂર્ણ વર્ષ-દર-વર્ષ વૃદ્ધિ હાંસલ કરી છે. આ મજબૂત પ્રદર્શન ગતિશીલ ભારતીય ઓટોમોટિવ માર્કેટમાં કંપનીની સતત ગતિને રેખાંકિત કરે છે. ડિસેમ્બર 2024માં તેનું અત્યાર સુધીનું સૌથી વધુ ઈવી વેચાણ નોંધાવી જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયા નવી ઊંચાઈએ પહોંચી છે. આ સિદ્ધિ સાથે, કંપનીએ પેસેન્જર વ્હીકલ ઈવી માર્કેટમાં અગ્રણી તરીકેની તેની સ્થિતિને પુનઃપુષ્ટિ કરી છે, જે વધુ હરિયાળા, સ્માર્ટ ભવિષ્યને કંડારવાનો માર્ગ મોકળો કર્યો છે. કંપનીનું એનઈવી વેચાણ હવે ડિસેમ્બર 2024માં કુલ વેચાણના 70%થી વધુ હિસ્સો ધરાવે છે. ભારતની પ્રથમ ઈન્ટેલિજેન્ટ સીયુવી એમજી વિન્ડસરે પેસેન્જર વ્હીકલ ઈવી વેચાણમાં સતત ત્રીજા મહિને ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. 3,785 એકમો સાથે, એમજી વિન્ડસરે સેગમેન્ટમાં માર્કેટ લીડર તરીકે તેની સ્થિતિ મજબૂત બનાવી લીધી છે. આ સિદ્ધિ વિશે, કંપનીના પ્રવક્તાએ જણાવ્યું, “2024 અમારા માટે પરિવર્તનનું વર્ષ રહ્યું છે. ભારતના ઓટોમોટિવ ઉત્ક્રાંતિ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરીને અમે સફળતાપૂર્વક અમારૂ સાહસ શરૂ કર્યું અને અમારી બ્રાન્ડ ઓળખને નવું સ્વરૂપ આપ્યું. ઈવી માર્કેટમાં પડકારો છતાં વિન્ડસર માર્કેટ લીડર તરીકે ઉભરી આવી. અમારી નવીન બેટરી-એઝ-એ-સર્વિસની રજૂઆત અને ગ્રાહક-કેન્દ્રિત મોબિલિટી સૉલ્યુશન્સે ભારતના ઓટોમોટિવ લેન્ડસ્કેપના ભાવિને આકાર આપવાનું જાળવી રાખ્યું છે. આગળ જતાં, અમે સતત પરિવર્તન અને નવીનતાને પ્રોત્સાહિત કરીને અમારી વૃદ્ધિની ગતિ જાળવી રાખીશું. અમે અસાધારણ ગ્રાહક સેવા પૂરી પાડવાની સાથેસાથે દર છ મહિને નવી પ્રોડક્ટ્સ રજૂ કરવા માટે પ્રતિબદ્ધ છીએ.” જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયા જાન્યુઆરીમાં યોજાનારા ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025 માટે અનેક નવીનતાઓ અને ઉત્પાદનોની શ્રેણી સાથે 2025 સુધી આ ગતિને આગળ ધપાવવાની યોજના ધરાવે છે.

## મ્યુચ્યુઅલ ફંડ બનાવી દેશે માલામાલ, સમજો રોકાણ કરવાની યોગ્ય રીત...

મુંબઈ | દર વખતે નવા વર્ષ નિમિત્તે, લોકો તેમના જીવનને સુધારવા માટે નવા સંકલ્પ લે છે. કેટલાક ખરાબ ટેવો છોડી દેવાનું વચન આપે છે, જ્યારે અન્ય માવજત અથવા આહાર પર ધ્યાન આપવાની વાત કરે છે. ઘણા લોકો આર્થિક રીતે મજબૂત બનવાનો સંકલ્પ કરે છે અને બચત કરવાનું શરૂ કરે છે. બચત એ એક પ્રક્રિયા છે જેમાં સમય અને શિસ્તની જરૂર હોય છે. જો તમે આ પદ્ધતિને અનુસરો છો અને 2025 માં રોકાણ કરો છો, તો તમે તમારા પોર્ટફોલિયોમાં સારી રકમ ઉમેરી શકો છો. મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવું એ શેરબજારમાં પરોક્ષ રોકાણ જેવું જ છે. આમાં, ઘણા રોકાણકારોના નાણાં એકત્રિત કરવામાં આવે છે અને શેર, બોન્ડ અને મની માર્કેટ જેવા વિવિધ નાણાકીય સાધનોમાં રોકાણ કરવામાં આવે છે. તે એસેટ મેનેજમેન્ટ કંપનીઓ દ્વારા સંચાલિત થાય છે. મ્યુચ્યુઅલ ફંડમાં જોખમ પ્રમાણમાં ઓછું હોય છે કારણ કે નાણાંનું રોકાણ અલગ-અલગ જગ્યાએ કરવામાં આવે છે. લઘુત્તમ રોકાણની રકમ માત્ર રૂ. 500 થી શરૂ થાય છે, જે તેને નાના અને નવા રોકાણકારો માટે પણ યોગ્ય બનાવે છે. નાણાકીય નિષ્ણાતો મ્યુચ્યુઅલ ફંડમાં સાત વર્ષ કે તેથી વધુ સમયગાળા માટે રોકાણ કરવાનું સૂચન કરે છે. આ સમય દરમિયાન, લાર્જ-કેપ, મિડ-કેપ અને સ્મોલ-કેપ ફંડ્સના સંયોજનનો લાભ લેવો જોઈએ. લાર્જ-કેપ ફંડ્સમાં ICICI પ્રુડેન્શિયલ બ્લુચીપ ફંડ, નિપ્પોન ઈન્ડિયા લાર્જ કેપ ફંડ અને HDFC ટોપ 100 ફંડ જેવા વિકલ્પોનો સમાવેશ થાય છે. મિડ-કેપ ફંડ્સમાં મોતીલાલ ઓસ્વાલ મિડકેપ ફંડ, એચડીએફસી મિડકેપ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ અને એડલવાઈસ મિડકેપ ફંડનો સમાવેશ થાય છે.

## સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ ટેક્નોલોજી લિમિટેડનો આઈપીઓ સોમવાર, 6 જાન્યુઆરી, 2025ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ | તા 04

સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ ટેક્નોલોજી લિમિટેડ નાણાકીય વર્ષ 2024માં આવકની દ્રષ્ટિએ, ભારતમાં ફાર્માસ્યુટિકલ અને કેમિકલ સેક્ટર માટે ટોચના પાંચ વિશિષ્ટ એન્જિનિયરિંગ ઈક્વિપમેન્ટ મેન્યૂફેક્ચરર્સ પૈકીની એક છે, તેણે તેના પ્રથમ ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ માટે પ્રત્યેક 10/-ના અંકિત મૂલ્ય વાળા પ્રત્યેક ઈક્વિટી શેર દીઠ પ્રાઈસ બેન્ડ 133/-થી 140/- નિર્ધારિત કરી છે. કંપનીની ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ અથવા ઑફર સબસ્ક્રિપ્શાન માટે સોમવાર, જાન્યુઆરી 6, 2025ના રોજ ખુલશે અને બુધવાર, 8 જાન્યુઆરી, 2025ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 107 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 107 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે.આ આઈપીઓ રૂ.210 કરોડ સુધીના ફ્રેશ ઈશ્યુ અને પ્રમોટર સેલિંગ અને પ્રમોટર ગ્રુપ તથા અન્ય સેલિંગ શેરધારકો દ્વારા 1,42,89,367 ઈક્વિટી શેરની વેચાણ ઓફરનું મિશ્રણ છે. તેના ફ્રેશ ઈશ્યુથી થનારી આવકમાંથી રૂ.10 કરોડ મશીનરી અને સાધનસામગ્રીની ખરીદી માટે કંપનીની મૂડી ખર્ચની જરૂરિયાતોના ભંડોળ માટે; રૂ.130 કરોડ કંપની દ્વારા કંપની દ્વારા લેવામાં આવેલ ચોક્કસ બાકી ઉધારના અમુક ભાગની સંપૂર્ણ અથવા આંશિક રીતે પુનઃચુકવણી અથવા પૂર્વચુકવણી માટે અને તેની સંપૂર્ણ માલિકીની મટેરિયલ પેટાકંપની એસ2 એન્જીનિયરિંગ ઈન્ડસ્ટ્રી પ્રાઈવેટ લિમિટેડમાં રોકાણ માટે, બેંક અને નાણાકીય સંસ્થાઓ તરફથી એસ2 એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રી પ્રાઈવેટ લિમિટેડ દ્વારા મેળવેલ ચોક્કસ બાકી ઉધારના તમામ અથવા અમુક ભાગની સંપૂર્ણ અથવા આંશિક રીત પુનઃચુકવણી અથવા પૂર્વચુકવણી માટે; રૂ.30 કરોડ મશીનરી અને સાધનોની ખરીદી માટે તેની મૂડી ખર્ચની જરૂરિયાતોને ભંડોળ પૂરૂ પાડવા માટે, તેની સંપૂર્ણ માલિકીની મટેરિયલ પેટાકંપની એસ2 એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રી પ્રાઈવેટ લિમિટેડમાં રોકાણ માટે; રૂ.20 કરોડ વ્યૂહાત્મક રોકાણો અને/અથવા સંપાદનના માધ્યમથી અકાર્બનિક વૃદ્ધિને ભંડોળ આપવા માટે; અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવશે. સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ ટેક્નોલૉજીની ક્ષમતાઓમાં ડિઝાઈનિંગ, એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ, એસેમ્બલી, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે અને ટર્નકી આધાર પર ફાર્માસ્યુટિકલ અને કેમિકલ મેન્યૂફેક્ચરર્સ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝરને સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે. તેના પોર્ટફોલિયોમાં ફાર્માસ્યુટિકલ અને કેમિકલ પ્રોડક્ટ્સની મેન્યૂફેક્ચરિંગમાં વપરાતા મુખ્ય ઉપકરણોનો સમાવેશ થાય છે, જેને રિએક્શાન સિસ્ટમ્સ; સ્ટોરેજ, સેપરેશન અને ડ્રાઈંગ સિસ્ટમ્સ; અને પ્લાન્ટ, એન્જિનિયરિંગ અને સેવાઓ (અન્ય સહાયક ભાગો સહિત)માં વર્ગીકૃત કરી શકાય છે. એફએન્ડએસ રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ 2024માં આવકના સંદર્ભમાં તે ગ્લાસ-લાઈન્ડ, સ્ટેનલેસ સ્ટીલ અને નિકલ એલોય-આધારિત વિશિષ્ટ એન્જિનિયરિંગ ઉપકરણોના ભારતના ટોચના ત્રણ મેન્યૂફેક્ચરર્સમાંથી એક છે.

# નવા સોફ્ટવેરથી લઈ ATM કાર્ડ સુધી... EPFO સભ્યોને 6 મહિનામાં મળશે સુવિધા!




(એજન્સી) મુંબઈ | તા 04

EPFO ખાતાધારકો માટે મોટી અપડેટ સામે આવી છે. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ જાહેરાત કરી છે કે, EPFO આ વર્ષે જૂન સુધી પોતાની નવી સોફ્ટવેર સિસ્ટમ, EPFO 3.0 શરૂ કરવા માટે તૈયાર છે. ગુરૂવારે પત્રકારો સાથે વાત કરતાં માંડવિયાએ કહ્યું કે, નવી સિસ્ટમ દેશમાં બેન્કિંગ સિસ્ટમને બરાબર સુવિધા પ્રોવાઈડ કરાવશે. સાથે જ વેબસાઈટ ઈન્ટરફેસ વધારે યુઝર્સ ફ્રેન્ડલવી હશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, EPFO 3.0 લૉન્ચ બાદ ઈપીએફઓ પોતાના સભ્યો માટે ATM કાર્ડ રજૂ કરશે. વેબસાઈટ અને સિસ્ટમમાં સુધારાના શરૂઆતી તબક્કાને જાન્યુઆરી, 2025ના અંત સુધીમાં અંતિમ રૂપ આપવામાં આવશે. EPFO 3.0 EPF સભ્યોના અનુભવને બહેતર બનાવવા માટે તૈયાર છે. તેનો ઉદ્દેશ્ય પહોંચમાં સુધાર, પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવું અને કર્મચારીઓને તેમના રિટાયરમેન્ટ ફન્ડ પર વધારે કંટ્રોલ આપવા માટે નવી સુવિધાઓ રજૂ કરવાનો છે.

### ક્યારે ATM થી ઉપાડી શકાશે PF?

નવા EPF વિડ્રૉલ દિશા-નિર્દેશો સાથે કર્મચારીઓને જલ્દી જ ATM કાર્ડનો ઉપયોગ કરવા પોતાની EPF સેવિંગ સુધી ઝડપથી પહોંચવાની ક્ષમતા મળી શકે. જેનાથી તેઓ નાણાંકીય ઈમરજન્સી અથવા અણધાર્યા ખર્ચને પ્રભાવી રીતે મેનેજ કરી શકશે. ગત મહિને શ્રમ સચિવ સુમિતા ડાવરાએ જાહેરાત કરી હતી કે, EPFO ના ગ્રાહક વર્ષ 2025 સુધી ATM ના માધ્યમથી પોતાના PF નો નિકાસ કરી શકશે. શ્રમ મંત્રાલય વર્તમાનમાં ઈપીએફઓના સંબંધિત ભારતના કર્મચારીઓને લાભ પહોંચાડવા માટે આઈટી સેવાઓ વધારવાનું કામ કરી રહ્યું છે.

**કેટલાં પૈસા ઉપાડી શકાશે? |** શ્રમ સચિવના જણાવ્યા અનુસાર, તમામ સભ્ય અને વીમાધારક વ્યક્તિ એટીએમના માધ્યમથી પીએફ ઉપાડી શકશે. લાભાર્થી ખાતામાં કુલ બાકી રકમના 50 ટકા સુધી ઉપાડી શકાશે. આ પ્રકારે, ઈપીએફઓ પેન્શન કન્ટ્રીબ્યુશનને વધારે ફ્લેક્સિબલ બનાવવા માટે નવી યોજના લાગુ કરવાનોલ વિચાર કરી રહ્યા છે. આ પ્રસ્તાવ હેઠળ, કર્મચારીઓ પાસે વર્તમાન 12 ટકાની મર્યાદા કરતાં વધુ કે ઓછા કર્મચારીઓની પેન્શન યોજના (EPS) માં યોગદાન આપવાનો વિકલ્પ હશે.

**મોબાઈલ એપની સુવિધા |** મોબાઈલ બેન્કિંગની જેમ, EPF ખાતાઓ માટે પણ એક ખાસ એપ તૈયાર કરવામાં આવી રહી છે, જેના દ્વારા સભ્યો તેમના ખાતામાં આવતા માસિક યોગદાન, પેન્શન ફંડ, અગાઉની નોકરીઓમાંથી યોગદાન વગેરે જેવી બાબતો જોઈ શકે છે. આટલું જ નહીં તેઓ મોબાઈલ એપ દ્વારા તેમના પીએફ એકાઉન્ટ પર નજર પણ રાખી શકે છે.

**હાલ શું છે સ્થિતિ? |** હાલ, કર્મચારી અને એમ્પ્લોયર બંને કર્મચારીના મૂળ પગાર, મોંઘવારી ભથ્થું અને કોઈપણ રિટેનિંગ એલાઉન્સ EPFમાં 12 ટકા યોગદાન આપે છે. કર્મચારીનું સંપૂર્ણ યોગદાન EPFમાં ફાળવવામાં આવે છે, જ્યારે એમ્પ્લોયરના 12 ટકા યોગદાનને EPFમાં 3.67 ટકા અને EPSમાં 8.33 ટકા તરીકે વિભાજિત કરવામાં આવે છે. વધુમાં, ભારત સરકાર રૂ. 15,000 થી ઓછી કમાણી કરનારાઓ માટે કર્મચારી પેન્શનમાં 1.16 ટકા યોગદાન આપે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, પોષ સુદ-06

## અમેરિકાને ફરી એકવાર આતંકનો પરચો



અમેરિકામાં ૨૦૨૫ની શરૂઆત આતંકી ઘટના સાથે થવી દુઃખદ છે. અહીંના એક પ્રસિદ્ધ પર્યટક શહેર ન્યૂ ઓર્લિયન્સમાં નવા વર્ષની ઉજવણી કરી રહેલા લોકોને શમસુદ્દીન જબ્બાર નામના અમેરિકી નાગરિકે પોતાની ગાડીથી કચડી નાખ્યા, જેમાં ૧૫ લોકોનાં મોત થઈ ગયાં અને ૩૫ ઘાયલ થઈ ગયા. તે આટલાથી જ ન અટક્યો. ગાડીમાંથી ઉતરીને તેણે ફાયરિંગ પણ શરૂ કરી દીધું, પરંતુ પોલીસે જવાબી કાર્યવાહી કરતાં તેને ત્યાં જ ઠાર માર્યો. જબ્બારની ગાડીમાંથી ઈસ્લામિક સ્ટેટ (આઈએસ)ના કેટલાક દસ્તાવેજો મળ્યા છે. અમેરિકી ગુપ્તચર અને તપાસ એજન્સીઓનું માનવું છે કે તે આ ઘટનામાં એકલા નથી, તેમના સાથી પણ છે, પરંતુ અત્યાર સુધી તેમના વિશે કોઈ જાણકારી સાર્વજનિક નથી કરવામાં આવી. જોકે, ત્યારબાદ લાસ વેગાસમાં ટ્રમ્પ હોટેલ સામે એક ટેસ્લા ટ્રકમાં અને પછી ક્વીન્સમાં પણ ગોળીબાર થયો છે, પરંતુ આ આતંકી ઘટનાઓ છે કે નહીં, એ હજુ સુધી સ્પષ્ટ નથી થઈ શક્યું. દેખીતું છે કે આ બધાએ અમેરિકાને હચમચાવી દીધું છે. કહેવાય છે કે ત્યાં એવાં તત્ત્વો મોજૂદ છે, જે ઈસ્લામી આતંકવાદ સાથે જોડાયેલા છે. આશ્ચર્ય એ વાતનું પણ છે કે જબ્બાર અમેરિકી સેનામાં કામ કરી ચૂક્યો હતો અને કહેવાઈ રહ્યું છે કે તેનો ઉછેર બેશક ઈસાઈ ધર્મમાં થયો હતો, પરંતુ તેણે ઈસ્લામ અપનાવી લીધો હતો. સમાચાર એ પણ છે કે ૨૦૦૯-૧૦માં અમેરિકી સૈનિક તરીકે તેણે અફગાનિસ્તાનમાં પોતાની સેવાઓ પણ આપી હતી. અમેરિકી એજન્સીઓ નિઃસંદેહ આ તમામ ઘટનાઓના મૂળ સુધી જવાની કોશિશ કરશે, પરંતુ અમેરિકામાં હંમેશાં ગોળીબારની ઘટનાઓ થાય છે, જેમાં વ્યક્તિ વિશેષ સ્કૂલના બાળકો પર કે ઓફિસના સાથીઓ પર હુમલા કરી દે છે. તેનું કારણ અમેરિકાની બંદૂક નીતિ મનાતી રહી છે. ત્યાં સેમી-ઓટોમેટિક બંદૂકો ખુલ્લેઆમ વેચાય છે અને તેની 'ગન લોબી' એટલી તાકાતવર છે કે ત્યાંના રાજકીય પક્ષ કે વર્ગ તેના વિરુદ્ધ નથી જઈ શકતા. પરંતુ તાજી ઘટના અલગ છે. અત્યાર સુધી યુરોપમાં ઈસ્લામિક સ્ટેટથી પ્રભાવિત વ્યક્તિ જબ્બાર જેવી ઘટનાઓને અંજામ આપતા રહ્યા છે, પરંતુ અમેરિકામાં સંભવતઃ આ પહેલી ઘટના છે, જે ઈસ્લામિક સ્ટેટ સાથે આટલા પ્રત્યક્ષ રૂપે જોડાયેલો છે. આ ઘટનાથી કેટલાય સવાલ ઊભા થયા છે. વાસ્તવમાં, અલ કાયદા દ્વારા ૯/૧૧ હુમલા બાદ અમેરિકાએ વૈશ્વિક આતંકવાદ વિરુદ્ધ યુદ્ધનું એલાન કરી દીધું હતું. તેને કારણે નવેમ્બર ૨૦૦૧માં તેણે અફઘાનિસ્તાનમાંથી તાલિબાન સરકારને ઉખાડી ફેંકી હતી અને મે, ૨૦૧૧માં અલ કાયદાના વડા ઓસામા બિનલાદેનને પાકિસ્તાના એબટાબાદમાં ઠાર માર્યો હતો. તેમ છતાં ઘણી કોશિશો કર્યા બાદ પણ તેઓ અફગાન તાલિબાનને પસ્ત ન કરી શક્યા અને ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ તેણે તેની સાથે સમજૂતી કરવી પડી. જેમાં તેને આશ્વાસન આપવામાં આવ્યું કે અફઘાન તાલિબાન પોતાની જમીન પર આંતરરાષ્ટ્રીય આતંકી જૂથોને પાંગરવા નહીં દે. માનવામાં તો એ પણ આવે છે કે અફઘાનિસ્તાનના આ નવા નિઝામની સહાનુભૂતિ અલ કાયદા સાથે તો છે, પરંતુ ઈસ્લામિક સ્ટેટ સાથે નહીં, કારણ કે ઈરાકથી પેદા થયેલ આઈએસનાં મૂળિયાં ભલે અલ કાયદામાં રહ્યાં હોય, પરંતુ બાદમાં બંને એકબીજાના દુશ્મન બની ગયા. હજુ થોડા અઠવાડિયા પહેલાં જ અફગાન તાલિબાન નેતા ખલીલ-ઉર-રહમાન હક્કાનીની અફઘાનિસ્તાનમાં થયેલ હત્યાની જવાબદારી પણ આઈએસે જ લીધી હતી. દેખીતું છે કે અમેરિકાની સાથે સાથે પશ્ચિમના કેટલાય દેશોનો અફગાન તાલિબાન પર એ આરોપ ખોટો નથી જણાતો કે તે વૈશ્વિક આતંકી જૂથોને પોતાની જમીન પર ખતમ નથી કરી શક્યું. જોકે એ પણ સત્ય છે કે આઈએસે શરૂઆતમાં ઈરાક અને સીરિયાના કેટલાય ભાગો પર પોતાનો દબદબો જમાવી લીધો હતો, પરંતુ બાદમાં અમેરિકી સેનાની કાર્યવાહીને કારણે તેના પ્રભાવ ક્ષેત્રોમાં ઘણો ઘટાડો થઈ ગયો હતો.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી | જંગલ સફારી પાર્કમાં દીપડો ઘૂસ્યો

## દીપડાએ 8 કાળિયાર હરણનો શિકાર કર્યો : પ્રવાસીઓમાં ભય ફેલાયો

*તમામ કાળિયાર હરણના પશુ ચિકિત્સકની હાજરીમાં પોસ્ટ મોર્ટમ કરી અગ્નિ સંસ્કાર કરાયા*

ભરત શાહ | નર્મદા





વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક આવેલા જંગલ સફારી પાર્કમાં રાખેલા પ્રાણીઓ અગાઉ કોઈકને કોઈક કારણોસર મૃત્યુ પામ્યા હોવાની ઘટનાઓ સામે આવી છે.ત્યારે 1લી જાન્યુઆરીએ વેહલી સવારે જંગલ સફારી પાર્કમાં દીપડો ઘુસી ગયો હતો અને 8 કાળિયાર હરણનો શિકાર કર્યો હોવાની એક ઘટના બનતા એ તરફ આવતા પ્રવાસીઓમાં ડર ફેલાયો છે.

કેવડીયા આસપાસના જંગલ વિસ્તારમાં ઘણા બધા માનવભક્ષી દીપડાઓ છે.ત્યારે 1 જાન્યુઆરીએ વેહલી સવારે આસપાસના જંગલ વિસ્તાર માંથી એક દીપડો અચાનક સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકના જંગલ સફારી પાર્કમાં ઘુસી આવ્યો હતો.અને કાળિયાર હરણ જ્યાં રાખેલા છે ત્યાં જઈ ચઢ્યો હતો. એણે એક પછી એક 8 જેટલાં કાળિયાર હરણોનો શિકાર કરતા તમામના મૃત્યુ નિપજ્યા હતા. દીપડો ઘુસી ગયો હતો એ દરમિયાન જંગલ સફારી પાર્કમાં નાઈટ ડ્યુટી કરી રહેલા એનિમલ કિપરોમાં નાસ ભાગ મચી હતી, તેઓ દીપડાથી પોતાનો જીવ બચાવવા માટે નજીકના ગેજમાં સંતાઈ ગયા હતા. જો કે એનિમલ કીપરોએ બુમા બુમ કરી મુકતા દીપડો ત્યાંથી નાસી છૂટ્યો હતો.

**દીપડો જંગલ સફારી પાર્કમાં જ છે કે બહાર નીકળી ગયો એ મુદ્દે મૂંઝવણ**

આ ઘટના બાદ જંગલ સફારી પાર્કનું સંચાલન કરી રહેલી એક ખાનગી કંપનીએ સ્થાનિક વન વિભાગને જાણ કરી હતી.જે બાદ તુરંત એ ટીમ ઘટનાસ્થળ પર આવી પહોંચી હતી અને મૃત્યુ પામેલા કાળિયાર હરણો પર દીપડાએ કેવી રીતે હુમલો કર્યો એ બાબતે તપાસ હાથ ધરી હતી. દીપડો જંગલ સફારી પાર્કમાં જ છે કે બહાર નીકળી ગયો એ મુદ્દે મૂંઝવણ છે.સફારી પાર્કમાં 400 થી વધુ સી.સી.ટી.વી કેમેરા લગાવેલા છે.

આ બાબતે કેવડીયામાં ફરજ બજાવતા વન વિભાગના ડી.એફ.ઓ અગ્નીશ્વર વ્યાસે જણાવ્યું હતું કે કેવડીયાની આસપાસના સેંચ્યુરી વિસ્તારમાંથી જંગલ સફારી પાર્કમાં દીપડો આવી ગયો હતો અને 8 કાળિયાર હરણો પર હુમલો કરતા એમનું મૃત્યુ નિપજ્યું હતું. સરકારી પ્રોટોકોલ મુજબ જંગલ સફારી પાર્કમાં જ પશુ ચિકિત્સકની હાજરીમાં પોસ્ટમોર્ટમ કરી અગ્નિદાહ અપાયો હતો. આખો વિસ્તાર સી.સી.ટી.વી થી કવર કરેલો છે એટલે એ દીપડો ક્યાં છે એની તપાસ ચાલુ છે. આ ઘટનાનો અમે વાઈલ્ડ લાઈફ પી.સી.સી.એફ અને સરકારમાં રિપોર્ટ કરી દીધો છે.

**આ ઘટના બાદ જંગલ સફારી પાર્કમાં આવતા પ્રવાસીઓમાં ભય**

જંગલ સફારી પાર્કમાં પ્રવાસીઓ માટે આટલી ચુસ્ત વ્યવસ્થા હોવા છતાં પણ બહારના જંગલ માંથી દીપડો ઘુસી જતો હોય તો આ જોતાં સફારી પાર્કમાં આવતા પ્રવાસીઓ અને અંદર કામ કરતાં કર્મચારીઓનો જીવ જરૂર જોખમમાં છે એમ કહી શકાય.આ ઘટના બાદ જંગલ સફારી પાર્કના કર્મચારીઓ અને ત્યાં આવતા પ્રવાસીઓની સુરક્ષા માટે હજુ ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવે એ જરૂરી બન્યું છે. હાલ તો આ ઘટના બાદ જંગલ સફારી પાર્કમાં આવતા પ્રવાસીઓ માં ભય ફેલાયો છે.

સાંસદ મનસુખભાઇના અધ્યક્ષસ્થાને ભરૂચ દિશા બેઠકમાં યોજાઇ

# PM-કુસુમ સૌરપંપ ગોટાળા મુદ્દે સાંસદે અધિકારીઓનો ઉઘડો લીધો



**ફોરેસ્ટર એ રૂ.6000 ઉઘરાવ્યા અને ખેરનું કટીંગ કરનાર અધીકારી સામે કાર્યવાહીના આદેશ અપાયા**

ભરત શાહ | નર્મદા

ભરૂચ લોકસભા સાંસદ મનસુખભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને ભરૂચ આયોજન ભવનમાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કોડીનેશન મોનીટરીંગ કમટીની (દિશા) ની બેઠક યોજાઈ હતી.જેમાં વાલીયા તા. પંચાયતના પુર્વપ્રમુખ સેવંતુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, નેત્રંગ તાલુકામાં PM-કુસુમ સૌરપંપ આપવાની યોજનામાં સન ૨૦૨૩ માં ૯૦ અરજી થઈ હતી.પરંતુ માત્ર ૦૯ સૌરપંપ અપાયા છે, અને આ વર્ષે ૫૨૪ અરજી થયેલી હોવા છતાં માત્ર ૪૨ ખેડુતોને પસંદ કરવામાં આવ્યા હોવા છતાં હજુ સુધી સૌરપંપ આપવામાં આવ્યા નથી, અને જે સૌરપંપ ફિટ કરાયા તે સૌરપંપ ગુણવત્તા વગરના છે.

આ મુદ્દે ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવાએ ખુલાશો માંગતા કોઈ અધીકારીઓ જવાબ આપી શક્યા નહતા. ભરૂચ DFO આર.ડી જાડેજા બેઠકમાં ગેરહાજર રહ્યા હતા.ત્યારે દ.ગુજરાત વીજકંપની ના અધિકારીએ જણાવ્યુ હતું કે, આ યોજના વનવિભાગ અમલ કરી રહી છે.અમને આ યોજના વિશે માહિતી જ નથી તેવા સંજોગો માં સાંસદે જવાબદાર તમામ અધીકારીઓનો ઉઘડો લેતા જણાવ્યું હતું કે, PM-કુસુમ સૌરપંપ યોજના કેન્દ્ર સરકારની છે.ગરીબ આદિવાસી ખેડુતોને સિંચાઈનો લાભ મળે અને આદિવાસીનો વિકાસ થાય તે માટેની યોજના છે.અધીકારીઓને ગંભીરતા જ નથી, ત્યારે ભરૂચ કલેકટર ગૌરંગ મકવાણા જણાવ્યું હતું કે, સૌરપંપ ફિટ કરનાર એજન્સી કોણ છે આ યોજનાની દેખરેખ કોણ રાખે છે તેવા તપાસના આદેશ આપતા ખળભરાટ મચી જવા પામ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, નેત્રંગ વનવિભાગના ફોરેસ્ટરે આદિવાસી ખેડુતોને છેતરીને ખેડુતદીઠ રૂ.૬૦૦૦ ઉઘરાવ્યાનું પ્રકરણ બહાર પડ્યું છે.PM-કુસુમ સૌરપંપની યોજના સાથે વનવિભાગના કોઈ લેવાદેવા જ નથી.તો શા માટે રૂપિયાની ઉઘરાણી કરી તે પણ તપાસનો વિષય છે.

## નેત્રંગના જંગલવિસ્તારમાંથી ખેરનું કટીંગ કરનાર સામે કાર્યવાહી કરો : સાંસદ મનસુખભાઇ વસાવા



નેત્રંગ તાલુકાના બે મહિનાની અંદર જ કોયલીમાંડવી માંથી ૨૮ ખેર અને મીરાપુર જંગલમાંથી ૪૦ ખેરનું કટીંગ થયું છે.તેવા સંજોગોમાં ગેરકાયદેસર ખેરનું કટીંગની તપાસ થવી જોઈએ, અને તેમાં સામેલ લાકડા ચોરો સામે કાર્યવાહી થવી અત્યંત જરૂરી છે.

# મહિસાગર જિલ્લા માર્ગ સલામતી માસ 2025નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



મહિસાગર જિલ્લા એ.આર.ટી.ઓ કચેરી લુણાવાડા ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ 2025 નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત પ્રજાજનો અને ડ્રાઈવરોને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન તથા સૂચનો આપવામાં આવ્યા. રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ 2025 પહેલી જાન્યુઆરી 2025 થી 31 જાન્યુઆરી 2025 સુધી યોજનાર છે જેમાં આરટીઓ તથા પોલીસ દ્વારા વિવિધ અવેરનેસ કાર્યક્રમ જેવા કે શાળા કોલેજોમાં સેમિનાર, ચિત્ર સ્પર્ધા, રોડ સેફટી સ્લોગન સાથે પતંગ વિતરણ તથા વિવિધ તાલુકાઓમાં રોડ સેફ્ટી ડ્રાઈવ, ભારે વાહનોમાં રેડિયમ રેડિયમ રિફ્લેકટર, શેરી નાટકો રોડ, રોડ સેફટી પેમ્પ્લેટ વિતરણ, એન્જિનિયરિંગમાં જરૂરી સુધારાઓ જેવા પ્રોગ્રામ કરવામાં આવનાર છે. આ પ્રસંગે ડીવાયએસપી શ્રી ચાવડા, એઆરટીઓ શ્રી સી.ડી પટેલ, આર.એન્ડ.બી સ્ટેટ ના એક્ઝિક્યુટિવ એન્જિનિયર શ્રી ભાભોર, જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી માંથી વહીવટી અધિકારી શ્રી સંજય રાઠોડ તથા જિલ્લા ટ્રાફિક પોલીસ પીએસઆઇ શ્રી સિસોદિયા તથા અન્ય આરટીઓ અને પોલીસ નો સ્ટાફ ઉપસ્થિત રહ્યા.

# કાંદરોજ ગામે ગાંજો ઉગાડી ધંધો કરનાર શખ્સને કોર્ટે 5 વર્ષની સજા અને 50 હજારનો દંડ ફટકાર્યો

**આરોપી ફક્કડ મહારાજ પોતાના કબજાની જગ્યામાં ગેરકાયદેસર માદક ગાંજો ઉગાડતા પોલીસે 14.22 લાખના ગાંજા સાથે ઝડપી પાડયો હતો**

ભરત શાહ | નર્મદા

નર્મદા જીલ્લા ના નાંદોદ તાલુકા ના નર્મદા નદી કિનારે આવેલા કાંદરોજ ગામ ખાતે રહેતો પરપ્રાંતીય ફક્કડ મહારાજ ઉર્ફે રામદાસ મહારાજ લોધી ને પોલીસે ગાંજા ના વાવેલ છોડ સાથે ઝડપી પાડયો હતો તેની ભોગવટા ની જગ્યા માથી પોલીસે ગાંજો ઝડપતા નાર્કોટિક્સ ની ધારાઓ હેઠળ તેની અટકાયત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી



ત્યારબાદ આ કેસ નર્મદા જીલ્લાના એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ ની કોર્ટમાં ચાલી જતા ફકકડ મહારાજ ઉર્ફે રામદાસ મહારાજ નાનુભાઈ લોધી હાલ રહે. કાંદરોજ પટેલ ફળીયુ, આનંદ ટેકરીનાઓને એન.ડી.પી.એસ.એક્ટની કલમ ૮(બી), ૨૦ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે અદાલતની ઈન્સાફી કાર્યવાહીમાં સરકારી વકીલ જીતેન્દ્રસિંહ જે.ગોહિલ ની ધારદાર દલીલો અદાલતે ગ્રાહ્ય રાખી એડી. સેસન્સ જજ એ.વી.હીરપરા નાઓએ આરોપીને ગુનેગાર ઠેરવી પાંચ વર્ષની કેદની સજા અને રૂ. ૫૦,૦૦૦/- દંડની સજાનો હુકમ કર્યો છે.

# ભરૂચ DGVCLમાં અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા કર્મચારીઓની બઢતીમાં અન્યાય થયાના આક્ષેપ

ભરત શાહ | નર્મદા

ભરૂચ DGVCL કંપનીમાં અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા કર્મચારીઓની બઢતી બદલી બાબતે ભરૂચ સર્કલના એસ.ઈ ઉત્પલ ચૌધરી ની મનમાની, તાનાશાહી નીતિ સામે કર્મચારીઓ ને નુકશાન થવાની સંભાવના થી કર્મચારી હિતમાં કંપનીના નીતિ નિયમોનું પાલન કરી ચાલી આવેલ પદ્ધતિ મુજબ રિકવેસ્ટ અરજી પહેલા મંજુર કર્યા બાદ જ પ્રમોશનમાં પોસ્ટિંગ આપવા રજુઆત કરવામાં આવી. DGVCL ભરૂચ સર્કલમાં છેલ્લા કેટલા સમય થી તમામ વર્ગના કર્મચારીઓની વિનંતી થી બદલીના ઓર્ડર કાઢવામાં આવ્યા નથી. જેના કારણે કર્મચારી વર્ગમાં ખૂબ જ આક્રોશ ફેલાયેલ છે. આ બાબતે કર્મચારીઓ દ્વારા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘને રજુઆત કરવામાં આવી હતી કે અમે કર્મચારીઓ જેતે સમયે પ્રમોશન લેવા તથા સંસ્થા હિતમાં નિયમ મુજબ જે તે ખાલી જગ્યાઓ ઉપર પોતાના નિવાસ થી દુર દુર પ્રમોશન સ્વીકારી હાજર થયેલ છે. અને જે તે વખતે સ્થાનિક જગ્યાઓ ખાલી હતી તો પહેલા રિકવેસ્ટ મંજુર કરી અને ત્યારબાદ દુરની કચેરીઓમાં જગ્યા ખાલી પડી ત્યાં અમોને પ્રમોશન આપેલ હતા. જે અમો કર્મચારીઓ તેવી આશાથી પ્રમોશન સ્વીકારેલ કે, જ્યારે જગ્યા ખાલી પડશે ત્યારે આપણે પોતાના ઘર/પરિવાર નજીક રિકવેસ્ટ થી પરત વતનમાં પોહચી જઈશું, પરંતુ કર્મચારીઓ ને મળેલી જાણકારી મુજબ ભરૂચ સર્કલના એસ.ઇ ઉત્પલ ચૌધરી એક અમાન્ય યુનિયન ના ઈશારે રિકવેસ્ટ મંજુર કર્યા વગર નવા પ્રમોશન લેનાર કર્મચારીઓને પોસ્ટિંગ આપી જગ્યા ભરી દેવા માંગે છે તેવા આક્ષેપ થયા છે.

જે કર્મચારીઓ એક, બે, ત્રણ વર્ષ જેટલા વર્ષથી કંપની પોલિસી મુજબ પ્રમોશન મેળવી પોતાના ઘરથી/વતનથી દૂર ગયા છે તેઓ ને વર્ષો સુધી પોતાના ઘર/પરિવાર/વતનની નજીક આવવાનો ચાન્સ મળશે નહીં. અને તેમને આર્થિક/નાણાકીય/સામાજિક અને માનસિક ખૂબ જ મોટું નુકસાન થશે. જો કંપનીના નિયમોનું કે ચાલી આવેલ પધ્ધતિનું ઉલ્લંઘન કરવામાં આવશે તો અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ કર્મચારી હિતમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરતા અચકાશે નહીં.

**ખેતરમાથી ટામેટા તોડવાની નજીવી બાબતે**

# સગા ભાઈની હત્યા કરનાર હત્યારાને કેદની સજા ફટકારાઇ

*સાગબારા પોલીસ મથકમા હત્યાનો ગુનો આરોપી સામે દાખલ થયો હતો*

ભરત શાહ | નર્મદા



નર્મદા જીલ્લા ના સાગબારા તાલુકા ના ધવલિવર ગામે ખેતર માથી ટામેટા તોડવાની નજીવી બાબતે સગા ભાઈ એ પોતાના ભાઈ ની ચપ્પુ મારી હત્યા કરી હતી આ કેસ નર્મદા જીલ્લાના પ્રિન્સી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી જતાં હત્યા ના આરોપી માસીરામ કાયલાભાઈ વસાવા રહે.વડ ફળીયું, ધવલીવેર તા.સાગબારાઓને ઈ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં સરકારી વકીલ જીતેન્દ્રસિંહ જે. ગોહિલ ની ધારદાર દલીલો અદાલતે ગ્રાહ્ય રાખી નામદાર પ્રિન્સી. સેસન્સ જજ નર્મદા રાજપીપળાના ઓએ આરોપીને ગુનેગાર ઠેરવી આજીવન કેદની સજા અને રૂ.૫૦૦૦/- નો દંડની સજાનો હુકમ કર્યો છે.

**એકતાનગર નવી-બી બિલ્ડીંગ ખાતે કામ કરતાં**

# કામદાર નીચે પટકાતા બેભાન હાલતમાં વડોદરા સારવાર હેઠળ



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં અનેક સરકારી ખાનગી બાંધકામો અને રોડ રસ્તા ના કામો ચાલે છે પરંતુ નિયમોનુસાર જે તે એજન્સી કે કોન્ટ્રાકટરો પોતાના કામદારો માટે સુરક્ષા બાબતે કાળજી લેતા નથી જેમાં ક્યારેક કોઈ કામદાર અકસ્માત ની ઘટના નો ભોગ બનતા મોત ને ભેટે છે અથવા ઈજાગ્રસ્ત થાય છે.

ગતરોજ એકતાનગર નવી-બી બિલ્ડીંગ ખાતે કામ કરતાં એક કામદાર નીચે પટકાતા ગંભીર ઈજા બાદ વડોદરા સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે. જેમાં મળતી વિગતો અનુસાર ફુલજીભાઈ પુનાભાઈ તડવી, રહે-ગડોદ મંદીર ફળીયુ તા-ગરુડેશ્વર જી-નર્મદા નાઓ એ એકતાનગર પોલીસ માં જાણ કર્યા મુજબ તેમના પૌત્ર અજયભાઈ સુરેશભાઈ ઉર્ફે ભીખાભાઇ તડવી નાઓ એકતાનગર નવી-બી બિલ્ડીંગ ખાતે કામ કરવા ગયેલ અને જ્યા બિલ્ડીંગના ચોથા માળે દાદર ઉતરતો હતો ત્યારે પડી જતા માથાના પાછળ ના ભાગે અને શરીરે ઈજાઓ થતા પહેલા એકતા નગર દવાખાને તથા સીવીલ હોસ્પીટલ રાજપીપલા તથા વધુ સારવાર માટે વડોદરા ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો હાલમાં એ બેભાન અવસ્થામાં છે.

# નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ માટે જિલ્લાના 24 હોદેદારો પ્રમુખની 'રેસ'મા

ભરત શાહ | નર્મદા





નર્મદા જિલ્લા ભાજપના પ્રમુખ માટે 24 ઉમેદવારો મેદાનમાં આવ્યા. શનિવારે સવારથી કમલમ કાર્યાલય ખાતે ઉમેદવારી નોંધાવાની ભીડ જામી, એક વાગ્યાં સુધીના નિયત સમયમાં 24 ઉમેદવારો એ ફોર્મ ભર્યા છે. હવે પાર્ટીની ગાઈડ લાઈન પ્રમાણે ફોર્મ ચકાસવામાં આવશે. અને ત્રુટી વાળા અને પાર્ટી વાઈડલાઈન માં ના આવતા હોય એવા ફોર્મ રદ થશે બાદમાં આ નામો પ્રદેશ કક્ષાએ થી કેન્દ્ર લેવલ પર નક્કી પણ થઈ શકે છે. આ પ્રક્રિયા ને એક સપ્તાહ જેટલો સમય લાગશે.

નર્મદા જિલ્લામાં તાલુકા પ્રમુખોની વરણી બાદ હવે જિલ્લા પ્રમુખને લઇ કાર્યકરોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ભાજપના સંગઠન પર્વ 2024 અંતર્ગત તાલુકા અને શહેર પ્રમુખોની વરણી પ્રદેશ કક્ષાએથી થઇ ગઈ હવે જિલ્લા પ્રમુખોનો વારો આવ્યો છે ત્યારે નર્મદા જિલ્લાનાં ભાજપના નવા પ્રમુખની નિયુક્તિ કરવાની પ્રક્રિયા શરૂ કરી ફોર્મ મંગાવ્યા છે. પાર્ટીની સૂચના મુજબ નર્મદા જિલ્લા માટે 25 ફોર્મ વહેચાયા હતા જેમાં 24 હોદેદારોએ નર્મદા પ્રમુખ ભાજપ ના પ્રમુખ થવા પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પ્રમુખ જાહેર થયા બાદ તેઓ પોતાનું અલગ સંઘઠન બનાવશે

અત્રે ઉલ્લેખની છે કે જિલ્લા ના ભાજપ પ્રમુખ માટે પાર્ટી એ કેટલાક નિયમો મૂક્યા છે.જેમાં જિલ્લા પ્રમુખના દાવેદારી માટે વર્તમાન તેમજ પૂર્વમાં બે વખત સક્રિય સભ્ય બનેલા હોવા જોઈએ, સાથે મંડલ અધ્યક્ષ અથવા જીલ્લા, પ્રદેશ સ્તરે જીલ્લા, પ્રદેશની ટીમ, મોરચા, પ્રકલ્પમાં કામ ફરજીયાત કરેલું હોવું જોઈએ. પરિવારમાં એક કાર્યકર્તાને એક જવાબદારીનો નિયમ લાગુ પડશે.

જે જીલ્લા પ્રમુખ સતત બે ટર્મ જીલ્લા પ્રમુખ રહ્યા હોય તેઓને ફરીવાર રીપીટ કરવામાં આવશે નહીં. જિલ્લામાં 24 જેટલા ઉમેદવારો પ્રમુખ ની રેશમા છે. વર્તમાન પ્રમુખ ઘનશ્યામ પટેલ, રાજેશ વસાવા, મહામંત્રી નીલ રાવ, શહેર પ્રમુખ રમણસિંહ રાઠોડ, તાલુકા પ્રમુખ અરવિંદ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ ઘનશ્યામ દેસાઈ, ઉપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ ગોહિલ, પૂર્વ પ્રમુખ શંકર વસાવા, પર્યુષા બેન વસાવા અને પૂર્વ વન મંત્રી મોતીસિંહ વસાવા, જિલ્લા પંચાયત સભ્ય કિરણ વસાવા, મહિલા મોર્ચા પ્રમુખ જયશ્રી ધામેલ, પ્રકાશ વ્યાસ, પૂર્વ પ્રમુખ ગજેન્દ્રસિંહ જાડેજા, ચંદ્રકાંત લુહાર, બિલ્ડર રોશન પટેલ, રાજપીપળા ના હિમાંશુ દેસાઈ, નીતિન પટેલ દીવાનજી પટેલ સહિત ના 24 જેટલા ઉમેદવારો જિલ્લા ભાજપ પ્રમુખ ની રેશમા છે. જોકે લોકોએ દાવેદારી નોંધાવી છે. પરંતુ પાર્ટી જેને પણ પ્રમુખ બનાવે તમામ સભ્યો તેમને સ્વીકારી મજબૂત સંઘઠન જિલ્લા માં કરશે.

# ગુજરાતની બાજુમાં જ આવેલું છે આ 'મિની માલદીવ'



**ગુજરાતના પાડોશી રાજ્ય રાજસ્થાનમાં આવેલી આ જગ્યા સ્વર્ગથી જરાય કમ નથી. આ સાથે જ જો તમે માલદીવ ફરવાનો પ્લાન બનાવતા હોવ તો આ જગ્યા વિશે તમારે ચોક્કસ વિચારવું જોઈએ કારણ કે આ જગ્યા જોવામાં તમને માલદીવ ઉપરાંત લદાખ, કાશ્મીર જેવી પણ લાગશે. રાજસ્થાન પોતાની રસપ્રદ સંસ્કૃતિ, ઈતિહાસ અને સ્થળો વિશે જાણીતું છે. અહીં એવી અનેક જગ્યાઓ છે જે પોતાના વારસાગત શૈલીને લીધે પ્રખ્યાત છે. જેમ કે જયપુર, જોધપુર, ઉદયપુર, અલવર. પરંતુ રાજસ્થાન માત્ર અહીં સુધી સિમિત નથી. અહીં તમને રાજસ્થાનનું એકમાત્ર હિલ સ્ટેશન અને તેમાં પણ ગુજરાતીઓનું ફેવરિટ માઉન્ટ આબુ પણ જોવા મળશે. ઝરણા, પહાડો, ગુફાઓ, નદીઓ જેવી જગ્યાઓ આ રાજસ્થાનની શાન વધારે છે. અહીં એક એવી પણ જગ્યા છે જેને લોકો માલદીવ સમજી બેસે છે. જો તમે માલદીવ જવાનું વિચારતા હોવ તો ઓછા બજેટમાં માલદીવ જેવી જ જગ્યા ફરવાનો આ સારો વિકલ્પ કહી શકાય. જાણો આ જગ્યા વિશે.**

## ડમ્પિંગ યાર્ડમાં મિની માલદીવ

રાજસ્થાનનું આ સ્થળ કિશનગઢના ડમ્પિંગ એરિયામાં જોઈ શકાય છે. અહીંની સફેદ સુંદરતા તમને ખુબ આકર્ષશે. રાજસ્થાનનું આ પ્રસિદ્ધ પર્યટન સ્થળ કુદરતી સુંદરતાના કારણે તો ખરું જ પરંતુ માનવ સર્જિત વસ્તુઓ માટે પણ જાણીતું છે. કિશનગઢ વાસીઓ જ્યારે ભેગા થયેલા કચરાને કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા ત્યારે તેની શરૂઆત થઈ. ત્યારે તેમણે કચરો સાફ કરવા માટે તેને સંગેમરમરનું ક્ષેત્ર બનાવી દીધુ. અહીં સાંજ ખુબ જ સુંદર લાગે છે. અહીં તમે આરામથી બેસી શકો છો અને પાર્ટનર સાથે ફરી પણ શકો છો. અહીંનું વાદળી પાણી લોકોને આકર્ષે છે.



**એન્ટ્રી ફ્રી પણ મંજૂરી જરૂરી |** જો તમારે આ જગ્યાએ શુટિંગ કરવું હોય કે લોકેશન જોવા માંગતા હોવ તો તમારે અહીં આવવા માટે પરમિશન લેવી પડશે. ડમ્પિંગ યાર્ડથીઆ જગ્યા ફક્ત 500 મીટરના અંતરે છે. તમારે તમારું આઈડી કાર્ડ આપવાનું રહેશે અને એન્ટ્રી માટે પાસની જરૂર પડશે. પાસ બનાવડાવા માટે તમારે કેટલાક ફોર્મ ભરવા પડશે. આમ આ રીતે મને યાર્ડમાં જવાની મંજૂરી મળી જશે. પ્રવેશ એકદમ વિનામૂલ્ય છે અને તમારે ફક્ત મંજૂરી લેવાની રહેશે.

## કિશનગઢ કેવી રીતે જવું

તે અજમેરથી 30 કિમી અને જયપુરથી 103 કિમી દૂર છે. જેમાં તમને અજમેરથી અડધો કલાક અને જયપુરથી કિશનગઢ પહોંચવામાં 2 કલાકનો સમય લાગશે. એન્ટ્રી સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી છે. વ્યક્તિદીઠ 50 રૂપિયાનો ખર્ચ કરીને માર્બલ એસોસિએશન કાર્યાલયથી મંજૂરી લેવાની રહેશે. આ જગ્યાએ ફરવા માટે સૌથી સારો સમય સવારે 11 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી છે. આ સાથે જ આ જગ્યા પર તમે શિયાળામાં પણ ફરી શકો છો.



## અનેક ગીતો અને ફિલ્મોનું શુટિંગ

આ જગ્યા એટલી સુંદર છે કે અનેક ફિલ્મોના શુટિંગ અને ગીતો માટે તેનો ઉપયોગ કરાયો છે. સલમાન ખાનની ફિલ્મ દબંગ 3ના યુ કરકે ગીત અહીં શૂટ કરાયું હતું. આ સાથે જ કપિલ શર્માની ફિલ્મ કિસ કિસ કો પ્યાર કરુંઅને ભાગી 3 જેવી ફિલ્મોના ગીતોનું પણ અહીં શુટિંગ થયું હતું. આ સાથે જ અનેક ટીવી એડ્સનું પણ અહીં શુટિંગ થતું રહે છે. પંજાબી ગીતોના શુટિંગ માટે આ લોકેશનનો ઉપયોગ થાય છે. આ જગ્યાએ અનેક ફોટોશૂટ અને વીડિયોગ્રાફી પણ થાય છે.



# કરચલીઓને વધતી અટકાવવા આ સફેદ વસ્તુને લીંબુના રસમાં મિક્સ કરીને ચહેરા પર લગાવો

**સ્કીન કેર અને સ્વાસ્થ્ય સંબંધિત બાબતોમાં ફટકડીનો ઉપયોગ કરવામાં આવે છે. ફટકડી ખાવા પીવાની વસ્તુમાં પણ વપરાય છે. ફટકડી ત્વચા માટે એટલા માટે લાભકારી છે કે તેમાં એન્ટિ બેક્ટેરિયલ, એન્ટી બાયોટિક્સ પ્રોપર્ટી હોય છે. આ તત્વ સ્કીન અને વાળની સમસ્યાઓને દૂર કરી શકે છે. ફટકડીનો ઉપયોગ કરવાની બેસ્ટ રીત છે લીંબુના રસ સાથે તેને મિક્સ કરીને ઉપયોગમાં લેવી. જો તમે થોડા ફટકડીના પાવડરમાં લીંબુનો રસ મિક્સ કરીને ચહેરા પર અપ્લાય કરો છો તો તેનાથી જોરદાર ફાયદા જોવા મળે છે.**

1. સ્કીન કેર માટે ફટકડી અને લીંબુનો રસ ફાયદાકારક છે. ફટકડીના પાવડરમાં લીંબુનો રસ મિક્સ કરીને આ મિશ્રણ ચહેરા પર લગાડવાથી વધતી કરચલીઓ અટકે છે. જો તમારા ચહેરા પર કરચલીઓ પડવા લાગી હોય અને ચહેરાની ત્વચા ઢીલી પડી ગઈ હોય તો ચહેરા પર લીંબુના રસમાં ફટકડી મિક્સ કરીને લગાવો

2. ઘણા લોકોને ચહેરા પર ડાઘ અને ડાર્ક સ્પોટ દેખાવા લાગે છે. આ પ્રકારના ડાર્ક સ્પોટ ને દૂર કરવામાં પણ ફટકડી મદદ કરે છે. ફટકડીમાં લીંબુનો રસ મિક્સ કરીને આ મિશ્રણને ચહેરા પર અપ્લાય કરવાથી એકને, પિંપલ અને ડાર્ક સ્પોટની તકલીફ દૂર થઈ શકે છે.

3. ચહેરા પર ડેડ સ્કીન જામી ગઈ હોય તો ચહેરો ડલ દેખાય છે. જો તમે ફટકડીમાં લીંબુનો રસ મિક્સ કરીને ચહેરા પર અપ્લાય કરી મસાજ કરીને તેને સાફ કરો છો તો ડેડ સ્કિન દૂર થઈ જાય છે. ફટકડી સ્કીનને એક્સફોલીએટ કરે છે અને ડીપ ક્લિનિંગમાં મદદ કરે છે. ફટકડી અને લીંબુનો રસ ઉપયોગમાં લેવાથી ચહેરા પર નિખાર વધે છે.

4. ફક્ત ચહેરા માટે જ નહીં ફટકડી વાળ માટે પણ ફાયદાકારક છે. ફટકડીમાં જે એન્ટી બેકટેરિયલ તત્વ હોય છે તે ડેન્ડ્રફથી મુક્તિ અપાવી શકે છે. તેના માટે લીંબુના રસમાં ફટકડી મિક્સ કરીને વાળના મૂળમાં લગાવો. ત્યાર પછી શેમ્પુ કરી લો.



5. જો તમારા વાળ ડ્રાય અને બેજાન હોય તો ફટકડી અને લીંબુના રસનું મિશ્રણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. નાળિયેરના તેલમાં ફટકડી અને લીંબુનો રસ મિક્સ કરીને વાળમાં લગાવો. 5 થી 10 મિનિટ મસાજ કરીને વાળને ધોઈ લો. આમ કરવાથી વાળમાં શાઈન વધશે અને સોફ્ટનેસ આવશે.

# 'સલામ બેગમ, બંદા હાજીર હૈ મેરે લાયક કોઇ કામ હો તો બતાવો'





**મર્ડર મિસ્ટ્રી કેસ**

**- રુપાલી દવે**

મુસ્કાનની મીઠી મુસ્કાન નજરે પડતા જ મુનમુન બેગમ એ પ્રેમ થી બન્ને હાથ એના તરફ ફેલાવતા બોલ્યા મેરી બચ્ચી મેરે પાસ આ કહા થી તુમ,દૂર મત રહો મુજે તુમ્હારી ફિકર રહેતી હે.મુસ્કાન ના માંથા પર પ્રેમથી હાથ ફેરવતા બેગમ એ પૂછ્યું કે મેરા બચ્ચે લંડન કી વાપસી કબ કર રહે હો? મુસ્કાન એ બેગમ ના ખૂબ સુંદર કોમળ ગાલ પર કિસ કરતા કહ્યું કે દાદી, આપ કે પાસ રહેનાં હૈ લંડન વાપસી નહિ કરના હૈ.વહા સબ કુછ હૈ પર મેરી સ્વીટ દાદી જાન કી કમી મુજે ખલતી હૈ,આપ કે પર જાન લેવા હુમલા હુવા હૈ વો છોટી બાત તો નહિ હૈ. મુનમુન બેગમ એ બેડ બાજુ ની સ્વીચ ઓન કરતા જ બેગમ ના પર્સનલ સેક્રેટરી આસિફ અલી રૂમ ની અંદર પ્રવેશતા જ બોલ્યા કે સલામ બેગમ,બંદા હાજર હે મેરે લાયક કામ બતાવો.બેગમ એ આસિફ અલી ને ઓર્ડર આપ્યો કે બેટી ની લંડન વાપસી માટે ફ્લાઇટ રેડી કરો, તાત્કાલિક એના અમી અબ્બુ કે પાસ રવાના કરી દયો. મુમતાજ વિલા માં ચારેય બાજુ રિસ્ક ની જાળ ફેલાયેલી છે રિસ્ક માં મારી પૌત્રી ને મૂકવા નથી માંગતી. આસિફ અલી જી બેગમ બોલીને ત્યાંથી રવાના થઇ ગયા પરંતુ મુસ્કાન એ લંડન પરત ફરવાની ચોખ્ખી મનાઈ ફરમાવી દીધી. નાનકડી મુસ્કાનની એને બ્લેમેઈલ કરતા શબ્દો માં જીદ નિહાળતા એને પોતાનું બાળપણ યાદ આવતા એ મનોમન બોલી કે જીદ અને પાવર તો ગજ નો હતો પરંતુ ગરીબ ને આવા નખરા પોસાતા નથી. દાદી ની હકીકત શું છે? એ વાત થી બિચારી મુસ્કાન તદન અજાણ છે. રૂમ ની અંદર પ્રવેશી ને સૂપ નું બાઉલ ટેબલ પર મૂકીને નર્સ ચૂપચાપ બહાર નીકળી ગઈ.બેગમ એ મુસ્કાન ને નજીક બેસાડીને કહ્યું કે લંડન મત જાના પર દાદી કે હાથ સે સૂપ પી લ્યો,મુસ્કાન એ રડવાનું બંધ કરી ને ફટાફટ બાઉલ માંનું સૂપ પી લીધું.

મુનમુન બેગમ એ બેડની બાજુની સ્વીચ ઓન કરીને આસિફ અલી ને બોલાવ્યા.ગાઢ નિંદ્રા માં બાજુમાં પોઢેલી મુસ્કાન તરફ નજર કરતા બેગમ મનોમન બોલ્યા કે "સોરી બચ્ચા" તુમ્હે લંડન વાપસી કરના પડેંગા. મુસ્કાન ની ખાસ દાયા નુરીન અને મેરીની સાથે એને લંડન રવાના કરી દીધી.

થોડાજ મહિનાઓ બાદ સંપૂર્ણપણે હોસ્પિટલ નો બેડ ત્યાગી ને પોતાના વૈભવી વિલા માં પુનઃ કાર્યરત બની ગઈ.શું ખોયું? બેગમ ના લીસ્ટ માં યાદી ખૂબ લાંબી હતી.હાલત ખરેખર માણસ ને ખૂબ કમજોર બનાવી નાખતા હોય છે એટલે તો મારી અત્યંત વહાલી મુસ્કાન નું પ્લેન લંડન પ્રવેશતા પહેલા જ ક્રેશ થયાના સમાચાર સાંભળી ને ખુબજ દર્દ સાથે રડી પડી હતી.શું કરવું ડોન બનવું સહેલું તો નથી? માફીયાઓ નું જીવન ટકાવી રાખવા માટે અત્યંત અજીજ લોકો ને અલ્લાહ ના દરબાર માં મજબૂરી ના લીધે પોહચડવા પડે છે.મુસ્કાન ની માફક એના અમમી અબુ નું પણ બે વર્ષ પહેલા પ્લેન ક્રેશ થયું હતું.

ફ્રેન્ચ ના નોરમન્ડી ગામ ના બીચ પર લાખો એકર માં ફેલાયેલ "મુમતાજ વિલા" ના વૈભવી બિલ્ડિંગ ના પાંચમા માળ ની ઓફિસ ની રિવોલવિંગ ચેર પર બેઠેલી સાઈઠ વર્ષ ની મુનમુન બેગમ ને પ્રથમ નજર એ નિહાળતા સોળ સતર વર્ષની સુંદરી જેવી દેખાતી હતી.એના વિશે ન્યુઝ પેપર મીડિયા અને ન્યુઝ ચેનલો પાસે માત્ર અટકળ હતી કે એ સાઈઠ વર્ષની બેગમ કેવી દેખાતી હશે? ઈન્ડીયા માંથી પલાયન થયા બાદ એ ક્યારેય કેમેરા સામે આવી જ નથી.ભારત થી પાકિસ્તાન અને પાકિસ્તાન થી ફ્રાન્સ પલાયન થયા બાદ પણ એના વિશે કે એના લૂક વિશે નાનકડી માહિતી પણ બહાર આવી નથી. પતિ ગફાર ખાન અને દિયર હારુન મિયાના એન્કાઉન્ટર બાદ મીડિયા થી લઈને આમ જનતા ને વિચારતી હતી કે મુનમુન બેગમ એના પતિ ની કબર પર માટી ફેરવા આવશે જ. દુનિયા સામે ડોન બની ને ફરતા ગફાર ખાન ની મેરેજ લાઈફ સોલિડ જ હશે.હુર જેવી એનાથી ત્રીસ વર્ષ નાની રૂપ રૂપના અંબાર પત્ની નું સુખ અને સુંદર સાત બાળકો ના પિતા નું સુખ આમજ તો નહિ હોય. સવાર થી ન્યુઝ મીડિયા ની કાગારોળ માં ગફાર ખાન ની બીવી બાળકો સાથે કબ્રસ્તાન માં આવી રહી છે માં કલાકો સુધી પબ્લિક ટીવી સામે બેસી રહી હતી. મીડિયા ની ટી આર પી ના ચક્કર માં ગફાર ખાન ની બીવી રાતોરાત રફુચક્કર થઈ ગઈ હતી.

ભારત ના પુષ્કર ગામ ના કુખ્યાત ગેંગસ્ટર ગફાર ખાન ની પત્ની ને એના આડોશ પાડોશ ના લોકો એ પણ ક્યારેય જોઈ નહતી.પુષ્કર ના બંગલા માં ગફાર ખાન એ એની બેગમ ને લગ્નના શરૂઆત અમુક વર્ષો તો ત્રીજા માળ પર રીતસરની કેદ કરીને રાખી હતી. જ્યારે મુનમુન બેગમ છ છોકરા ની માં બની એ બાદ ગફાર ખાન એ એને બેનામી બિઝનેસ માં કમાયેલા અધધધ નાણાકીય વહીવટ કરવા સામેલ કરી હતી.ત્યારે જાહેર જીવનમાં મુનમુન બેગમ બુરખા વગર પબ્લિક માં નીકળતી નહતી. ગફાર ખાન ની શક ની આંખો બેગમ પર નિત્ય રહેતી હતી ભૂલથી પણ યુવાન દેખાવે સુંદર નોકર બેગમની આસપાસ ફરકિયો તો એના મોત નો પેગામ આવી જતો હતો. ગફાર ખાન ના નજીકના સગા સંબંધી અને અગંત માણસો સિવાઈ મુનમુન બેગમ નો હુલ્યો કોઈએ જોયો નહતો.ગફાર ખાન એની બીવીની બુધ્ધિ અને ચાલાકી થી સતર્ક રહેતો હતો એના માં ખાસ વિશ્વાસ નહતો. એ જાણતો હતો કે સહેજ પણ બેગમ ને ઢીલ આપી તો એ એના ગળા નો ફાંસો બની જશે.

ઈન્સ્પેક્ટર વીર એ કહ્યું કે સર,સમગ્ર ઘટના માં શંકા ની સોય એન્કાઉન્ટર ના ત્રીસ વર્ષ બાદ પણ ગફાર ખાન ની બીવી આગળ જઈને અટકી જાય છે. વિચારો ઘટના સ્થળ પર હાજર પોલીસ ના જણાવ્યા અનુસાર જે દિવસે એન્કાઉન્ટર થયું એ દિવસે પોલીસ અને મુનમુન બેગમ સિવાઈ અન્ય કોઈ જાણતું નહતું કે ગફાર ખાન અને એનો ભાઈ હારુનને મેડિકલ ચેક અપ માટે હોસ્પિટલ લઈ જવાના છે. મને પાક્કો વિશ્વાસ છે



કે ગફાર ખાન અને એના ભાઈ હારુન ના એન્કાઉન્ટર પાછળ મુનમુન બેગમ નો હાથ છે.પોલીસ ઓફિસર કુલદીપ એ વીર ની સામુ જોઈને ઊંડો નિસાસો નાખતા કહ્યું કે મનું ગુપ્તા કા અબતક અતાપતા નહિ હૈ કિ વો જિંદા હૈ યા મર ચુકા.બેગમ ને ક્રૂરતા સે પંદરા ઈન્ડીયન જાસૂસ ગેસ ચેમ્બર મે જિંદા માર ડાલે હૈ. વહા છીપે હુવે અન્ય જાસૂસ કે બારે મેં ખોજ ખબર નહી હે.

દોસ્ત,બેગમ ને પકડવા માટે બેગમનો દુશ્મન હાથ લાગવો જરૂરી છે. હમે શાતિર લોમડી કો વશ કરને કે લિયે લોમડી કી ચાલ ચલની પડેંગી.

કૈસે?

જો ત્રીસ વર્ષ પહેલા ભારત માં વસવાટ કરતી બેગમ ના ફોટા ના ઈન્ડીયન પોલીસ એ દર્શન કર્યા ના હોય તો ત્રીસ વર્ષ બાદ એની શોધ કરીને પકડવી મતલબ અત્યંત મુશ્કેલ કામ સમજો..

સીબીઆઇ ઓફિસર ચોધરી સર એ ઈન્સ્પેક્ટર વીર અને પોલીસ ઓફિસર કુલદીપ સામે સહેજ સ્માઈલ કરતા કહ્યું કે ભૂલો મત "જુમન" અબ તક જીંદા હે..

# સિંગર અભિજીત ભટ્ટાચાર્યએ શાહરુખ ખાન પર નિશાન સાધ્યું

## ઘણાં ગીતોમાં તેનો અવાજ બન્યો,સફળતા પછી તે હવામા ઉડવા લાગ્યો, હવે તે પોતાનાં ગીતો કંપોઝ કરી શકે છે અને ગાઈ શકે છે



સિંગર અભિજીત ભટ્ટાચાર્યએ તાજેતરમાં શાહરુખ ખાન સાથેની લડાઈ વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે ખરી સમસ્યા મનભેદ નથી, પરંતુ તેના પર ટ્રોલિંગ છે. અભિજીતે એ પણ કબૂલ્યું હતું કે સફળતા હાંસલ કર્યા પછી, તેણે ઘણી ઓફરો ઠુકરાવી દીધી હતી અને તેની માનસિક સ્થિતિ ગુમાવી દીધી હતી, ખાસ કરીને ત્યારે જ્યારે શાહરુખ ખાન સાથે તેનું કામ વધવા લાગ્યું.

બોલિવૂડ ઠિકાના સાથેની વાતચીત દરમિયાન, અભિજીતને પૂછવામાં આવ્યું કે તે શા માટે શાહરુખ ખાન સાથેના સંબંધો સુધારતા નથી અને તેના માટે ફરીથી ગીતો ગાતા નથી. તેના જવાબમાં અભિજીતે કહ્યું, 'આ મતભેદો સામે આવે તે જરૂરી હતું. જો આવું ન થયું હોત તો 'લુંગી ડાન્સ' કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો હોત? શાહરુખ પોતાના ગીતો કંપોઝ કરી શકે છે અને ગાઈ શકે છે, અને એમ પણ લોકો લોકો મારા ગીતોને શાહરુખ ખાનના ગીતો તરીકે ઓળખે છે.'

તેમણે એમ પણ કહ્યું કે, 'અમે લડી રહ્યા નથી, પરંતુ કેટલાક લોકો આ મામલે દખલ કરી રહ્યા છે અને તેને ખરાબ કરી રહ્યા છે.'

અભિજિતના કહેવા પ્રમાણે, જ્યારે તેને શાહરુખ ખાનની ફિલ્મોથી જોરદાર સફળતા મળવા લાગી ત્યારે તે હવામાં ઉડવા લાગ્યો હતો . 'યસ બોસ' ફિલ્મ પછી તે ઘણો બદલાઈ ગયો હતો. તે ફક્ત પસંદગીના ગીતો જ કરતો હતો. ઘણી વખત તે મુશ્કેલ પરિસ્થિતિઓથી બચવા માટે જૂઠું બોલતો હતો. પરંતુ તે શાહરુખનો અવાજ બનવા માટે ખૂબ જ વફાદાર હતો.

અભિજીતે કહ્યું કે તેને શાહરુખ ખાન માટે ગીતો ગાવામાં ખૂબ જ આરામદાયક લાગ્યું. જો તેને અન્ય કોઈ સ્ટાર માટે ગાવાની ઓફર મળી હોત તો તેણે ના પાડી હોત. શાહરૂખ-અભિજીત કેમ લડ્યા? વાસ્તવમાં, અભિજીતે 2004માં આવેલી ફિલ્મ 'મૈં હૂં ના'માં 'તુમ્હે જો મૈને દેખા' ગીત ગાયું હતું, જે શાહરુખ ખાન પર ફિલ્માવાયું હતું. સિંગરે કહ્યું હતું કે તે ફિલ્મમાં સ્પોટબોય, હેરડ્રેસર અને આસિસ્ટન્ટ ડ્રેસ મેકર્સને ક્રેડિટ આપવામાં આવી હતી.

### પેટ ભરવા માટે તેમાં પાણી નાખતા હતા; રવિ કિશને કહ્યું- હું ગરીબીને ભૂલી શક્યો નથી

# 12 લોકો વચ્ચે માંડ એક પ્લેટ ખીચડી નસીબ થતી...!

(એજન્સી) મુંબઈ | તા.04

પોડકાસ્ટમાં વાત કરતી વખતે સાંસદ અને અભિનેતા રવિ કિશનનું દર્દ છલકાયું છે. રવિ કિશને કહ્યું કે બાળપણમાં એક પ્લેટ ખીચડીથી ઘરના 12 લોકોને ચલાવવું પડતું હતું. બધાનું પેટ ભરવા માટે ખીચડીમાં પુષ્કળ પાણી ઉમેરવામાં આવતું હતું. રવિ કિશનના કહેવા પ્રમાણે, તેની પાસે પાકું મકાન ન હતું, પરંતુ એક ઝૂંપડું હતું, જેમાં પરિવારના તમામ સભ્યો રહેતા હતા. રવિ કિશને કહ્યું કે ગરીબીનો ડંખ હજુ પણ તેમના દિલમાં છે.

હજુ પણ મોંઘી રેસ્ટોરન્ટમાંથી ફૂડ ઓર્ડર કરવામાં અચકાય છે રવિ કિશને શુભંકર મિશ્રાના પોડકાસ્ટમાં કહ્યું, 'અમે ઝૂંપડીમાં રહેતા હતા. બધી જમીન ગીરવે મૂકી હતી. મેં એવી ગરીબી જોઈ છે જેની કોઈ કલ્પના પણ ન કરી શકે. ઘરે થોડી ખીચડી બનાવતા હતા. તેમાં પાણીની માત્રા એટલી વધારી દેવામાં આવતી હતી કે ઘરના તમામ 12 સભ્યોનું પેટ ભરાઈ શકે.'

'એ ગરીબીએ મને એટલી અસર કરી છે કે આજે પણ હું ખુલ્લેઆમ પૈસા ખર્ચી શકતો નથી. આજે પણ મોંઘું ભોજન ખાતા પહેલા વિચારવું પડે છે. મને મારા કપડાં લોન્ડ્રીમાં આપવાનું પણ ગમતું નથી. મને લાગે છે કે મારે તેને ઘરે જ ધોવા જોઈએ.' રવિ કિશનના કહેવા પ્રમાણે, તે પોતાના પરિવાર માટે પૈસા ખર્ચવામાં પાછીપાની કરતો નથી. તેમને જે પણ વૈભવી વસ્તુઓ જોઈએ છે, તેઓ પૂરી પાડે છે. માત્ર પોતાના માટે પૈસા ખર્ચવા તેમને યોગ્ય લાગતું નથી.

15 વર્ષ સુધી પૂરતી ફી વગર કામ કર્યું રવિ કિશને કહ્યું કે જ્યારે તે મુંબઈ આવ્યો ત્યારે આખો દિવસ વડાપાવ અને ચા પીને જીવતો હતો. રવિએ આગળ કહ્યું- મુંબઈ આવ્યા પછી મને ઘણી હેરાનગતિનો સામનો કરવો પડ્યો છે. 15 વર્ષ સુધી પૂરતી ફી વગર કામ કર્યું છે. કદાચ આ પડકારોને લીધે જ આજે હું તમારી સામે બેઠો છું.'

# અભિષેકે ઐશ્વર્યા, પુત્રી આરાધ્યા સાથે નવું વર્ષ ઉજવ્યું

## છૂટાછેડાના સમાચાર બાદ પહેલીવાર એરપોર્ટ પર સાથે જોવા મળ્યા, દીકરીની મસ્તીભરી સ્ટાઈલ જોવા મળી

(એજન્સી) મુંબઈ | તા.04





અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય ઘણા સમયથી છૂટાછેડાના સમાચારને કારણે ચર્ચામાં હતા. થોડા સમય પહેલા, આ કપલે તેમની પુત્રીના સ્કૂલના ફંક્શનમાં એકસાથે હાજરી આપીને છૂટાછેડાના સમાચારનો અંત લાવ્યો હતો. હવે ઐશ્વર્યા-અભિષેકે નવા વર્ષની ઉજવણી સાથે કરી છે. આ કપલ થોડા દિવસો પહેલા વેકેશન પર ગયા હતા, પરંતુ શનિવારે સવારે મુંબઈ પરત ફર્યા હતા.

સામે આવેલા વીડિયોમાં અભિષેક બચ્ચન, પત્ની ઐશ્વર્યા રાય અને પુત્રી આરાધ્યા એકસાથે એરપોર્ટની બહાર નીકળતા જોવા મળે છે. આ દરમિયાન આરાધ્યાએ તેની માતાનો હાથ પકડી રાખ્યો હતો. મમ્મી-પપ્પા સાથે તેની મસ્તીભરી સ્ટાઈલ જોવા મળી હતી. તે એરપોર્ટ પર જમ્પ કરતી જોવા મળી હતી.

એરપોર્ટ પર અભિષેક બચ્ચનની કેરિંગ સ્ટાઈલ જોવા મળી હતી. તેણે કારનો દરવાજો ખોલ્યો અને તેની સુરક્ષા કરતા તેની પત્ની અને પુત્રીને કારમાં બેસાડી દીધા.

ઐશ્વર્યા-અભિષેક દીકરીના સ્કૂલ ફંક્શનમાં સાથે આવ્યા હતા ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચન તાજેતરમાં જ તેમની પુત્રી આરાધ્યાના સ્કૂલ ફંક્શનમાં સાથે ગયા હતા. આ દરમિયાન અભિષેક તેની પત્ની ઐશ્વર્યાની કાળજી રાખતો જોવા મળ્યો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. બંનેને ફરી એકવાર સાથે જોઈને ફેન્સ પણ ખૂબ જ ખુશ છે.

વાસ્તવમાં, છેલ્લા કેટલાક સમયથી તેમના છૂટાછેડાના અહેવાલો હતા, પરંતુ હવે આ બધી અફવાઓનો અંત આવી રહ્યો છે.

ઐશ્વર્યા અને અભિષેક બચ્ચનની દીકરી આરાધ્યાની સ્કૂલ ધીરુભાઈ અંબાણીમાં એન્યુઅલ ફંક્શન હતું, જેમાં બચ્ચન પરિવાર હાજરી આપવા આવ્યો હતો. વાયરલ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે સ્કૂલમાં પ્રવેશતી વખતે અભિષેકે તેની પત્નીની ખાસ કાળજી લીધી હતી. આટલું જ નહીં, બંને બ્લેક કલરમાં ટ્વિન્સ કરતા જોવા મળ્યા હતા. આ બંને સાથે અમિતાભ બચ્ચન પણ હાજર હતા. જોકે આ દરમિયાન પરિવારના અન્ય સભ્યો જોવા મળ્યા ન હતા

# સંધ્યા થિયેટર નાસભાગ કેસમાં અલ્લુ અર્જુનને રાહત

## કોર્ટે જામીન આપ્યા; 'પુષ્પા 2'ના સ્ક્રીનિંગ દરમિયાન એક મહિલાનું મૃત્યુ થયું હતું...

(એજન્સી) મુંબઈ | તા.04

સંધ્યા થિયેટર નાસભાગ કેસમાં અલ્લુ અર્જુનને મોટી રાહત મળી છે. હૈદરાબાદની નામપલ્લી કોર્ટે તેને જામીન આપ્યા છે. કોર્ટે અલ્લુ અર્જુનને જામીનની શરતોના ભાગરૂપે દરેકને 50,000 રૂપિયાના બે જામીન રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

જાણો શું છે સમગ્ર મામલો? વાસ્તવમાં 4 ડિસેમ્બરે ફિલ્મ 'પુષ્પા-2'ની સ્ક્રિનિંગ દરમિયાન હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં નાસભાગ મચી ગઈ હતી. આ દરમિયાન રેવતી નામની મહિલાનું મોત નીપજ્યું હતું, જ્યારે તેનું બાળક ઘાયલ થયું હતું. નાસભાગના કેસમાં અલ્લુની 13 ડિસેમ્બરે ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં અલ્લુ અર્જુનની 13 ડિસેમ્બરે બપોરે 12 વાગ્યે ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ તેને 4 વાગ્યે સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેને 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. અલ્લુએ તેલંગાણા હાઈકોર્ટમાં વચગાળાના જામીન માટે અપીલ કરી હતી. આ પછી, સાંજે 5 વાગ્યે, તેમને રૂ. 50 હજારના વ્યક્તિગત બોન્ડ પર વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. દરમિયાન અલ્લુને ચંચલગુડા સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યો હતો.

અભિનેતાને બીજા દિવસે શનિવારે સવારે 6.30 વાગ્યે ચંચલગુડા સેન્ટ્રલ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન અલ્લુ લગભગ 18 કલાક સુધી કસ્ટડીમાં રહ્યો. રિલીઝ બાદ પત્રકાર પરિષદ યોજાઈ હતી રિલીઝ પછી અલ્લુ અર્જુને પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'આ એક અકસ્માત હતો. હું મારા પરિવાર સાથે ફિલ્મ જોવા માટે થિયેટરમાં ગયો હતો. આ ઘટના બહાર બની હતી. આ ઘટનાને મારી સાથે કોઈ સીધો સંબંધ નથી. હું સંપૂર્ણપણે મહિલાના પરિવારની સાથે છું, હું તેમને ગમે તે રીતે મદદ કરીશ.'

# કેન્સર સામે ઝઝૂમી રહેલી હિના કરશે કમબેક

(એજન્સી) મુંબઈ | તા.04



પોપ્યુલર ટીવી એક્ટ્રેસ હિના ખાને લોકોના દિલમાં એક ખાસ જગ્યા બનાવી છે. 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'માં અક્ષરાનું પાત્ર ભજવનાર હિના ખાન હાલમાં બ્રેસ્ટ કેન્સરનો સામનો કરી રહી છે. કેન્સરની સારવાર અને કીમોથેરાપીની પીડા છતાં હિનાનો જુસ્સો ઓછો થયો નથી.

હિના ખાન ટૂંક સમયમાં 'ગૃહ લક્ષ્મી' નામની નવી વેબ સિરીઝમાં જોવા મળવાની છે. હાલમાં જ આ શોનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે, જેને ફેન્સ ખૂબ પસંદ કરી રહ્યા છે. 'ગૃહ લક્ષ્મી'ના આ ટીઝરમાં હિના ખાનનો લુક દર્શકોને પસંદ આવી રહ્યો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે એક્ટ્રેસ સાડીમાં જોવા મળી રહી છે અને તે ખુરશી પર બેઠી છે. તમને જણાવી દઈએ કે આ શોમાં હિનાના પાત્રનું નામ લક્ષ્મી હશે જ્યારે ચંકી પાંડે 'કાઝી'ના રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં એક્ટર રાહુલ દેવ અને દેવેન્દુ પણ લીડ રોલમાં છે.

આ ટીઝરને પોસ્ટ કરીને કેપ્શન લખવામાં આવ્યું છે કે 'ગૃહ લક્ષ્મીની અદ્ભુત કલાકારોને મળો, જેમના પ્રેમ, વિશ્વાસઘાત અને અસ્તિત્વની રોમાંચક સ્ટોરી બેતાલગઢના દિલમાં વસેલી છે.

લક્ષ્મીની યાત્રાને અનુસરો, જેઓ આ સંકટથી ભરેલી દુનિયામાં પોતાના પરિવાર, રાજ્ય અને પોતાની સુરક્ષા માટે લડી રહી છે. ગૃહ લક્ષ્મીનું ટીઝર રિલીઝ થયા બાદ દર્શકો એક્ટ્રેસના ઉત્સાહના વખાણ કરી રહ્યા છે.

# 2024માં સૌથી વધુ કમાણી પુષ્પા ટૂ નહિં, મલયાલમ પ્રેમાલુની

મુંબઇ : ૨૦૨૪ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મની વાત આવે તો તરત જ દર્શકો 'પુષ્પા ટૂ', 'કલ્કિ ૨૮૯૮એડી' અને 'સ્ત્રી ટૂ' જેવી ફિલ્મોનાં નામ લેશે, પરંતુ લોકોના આશ્ચર્ય થાય તેવી વાસ્તવિકતા છે કે, ૨૦૨૪માં ભારતની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મનો રેકોર્ડ મલયાલમની 'પ્રેમાલુ'ના નામે છે. નવોદિત કલાકારોની સાથેની આ ફિલ્મનું બજેટ ફક્ત ત્રણ કરોડ રૂપિયા જ હતું અને આ ફિલ્મનો નફો ૧૩૬ કરોડ રૂપિયા થયો છે. પ્રેમાલુએ પોતાના બજેટ કરતાં ૪૫ ગણો વધુ વકરો કર્યો છે. 'પુષ્પા ટૂ'એ ૧૮૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી પરંતુ તેને બનાવવા માટે ૩૫૦ કરોડ રૂપિયાનો ખર્ચો કરવામાં આવ્યો છે. તેથી આ ફિલ્મના બજેટથી લગભગ પાંચ ગણી જ કમાણી કરી છે.

# કાજોલ-શાહરુખનું એક ગીત શૂટ કરવા 3 કરોડ ખર્ચ્યા હતા મેકર્સે, વિમાનમાંથી બસ બનાવી હતી

(એજન્સી) મુંબઈ | તા.04



બોલિવૂડ ફિલ્મમેકર કરણ જોહર પોતાની ફિલ્મોને એક આલિશાન ટચ આપવાથી ક્યારેય ચૂકતો નથી. તેની ફિલ્મોમાં મોટા-મોટા સેટ અને શાનદાર લોકેશનને દર્શાવવામાં આવે છે. વર્ષ 2001માં આવેલી તેની ફિલ્મ 'કભી ખુશી કભી ગમ' માં આવા જ આલિશાન સેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફિલ્મમાં એક સીન હતો જેમાં શાહરુખ ખાન અને કાજોલનું પાત્ર એક મેળામાં હોય છે પછી બાદમાં એક ગીત શરૂ થઈ જાય છે. ગીત 'સૂરજ હુઆ મધ્ધમ' છે જે ઈજિપ્તમાં શૂટ કરવામાં આવ્યું હતું.

ફિલ્મમાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ આસિસ્ટન્ટ તરીકે કામ કર્યું હતું. તેણે આ ફિલ્મની મેકિંગ પર વાત કરી. તેણે જણાવ્યું કે કેવી રીતે આ ગીત માટે ફિલ્મના પ્રોડ્યૂસર અને કરણ જોહરના પિતા યશ જોહરે મહેનત કરી હતી. તેમણે પોતાના પુત્રની ફિલ્મ માટે ખૂબ રૂપિયા ખર્ચ કર્યા હતા.

નિખિલે યશ જોહર વિશે વાત કરતાં કહ્યું, 'તમે વિચારો યશ જોહરનો વિચાર શું હતો. તેમનો વિચાર એ હતો કે જ્યારે એક ફિલ્મ પૂરી થઈ જાય અને સ્ક્રીન પર કંઈ ન હોય ત્યારે ત્રણ કલાક બાદ પણ લોકો તેમના પુત્રના નામે તાળી વગાડે. તેમના માટે એક ગીત પર 3 કરોડ રૂપિયા જેટલી રકમ ખર્ચ કરવી સામાન્ય હતી. અમે લોકો જ્યારે કભી ખુશી કભી ગમ બનાવી રહ્યાં હતાં તો અમે 52 લોકો એકસાથે માત્ર એક ગીત શૂટ કરવા માટે ઈજિપ્ત ગયા હતા.'

# સિનેમાની શક્તિ! શ્રી મુરલીકાંત પેટકર, કાર્તિક આર્યનની ચંદુ ચેમ્પિયન રિલીઝ થયા પછી પ્રતિષ્ઠિત અર્જુન એવોર્ડથી સન્માનિત કરાયા!



## આ ફિલ્મે પ્રેક્ષકોના હૃદયમાં એક અલગ હાજરી બનાવી છે

(એજન્સી) મુંબઈ | તા.04

તેના અદ્ભુત પરિવર્તન, સમર્પણ અને સખત પરિશ્રમ થી, કાર્તિક આર્યન ચંદુ ચેમ્પિયન દ્વારા ભારતના હીરો, શ્રી મુરલીકાંત પેટકર ની વાર્તા ખરેખર જીવંત કરી છે. અભિનેતાએ દોષરહિત અભિનય આપ્યો અને ખાતરી કરી કે આ પ્રેરણાત્મક વાર્તા દેશના ખૂણે ખૂણે પહોંચી.

આ પ્રયાસે નોંધપાત્ર અસર કરી છે, કારણ કે ભારતના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા શ્રી મુરલીકાંત પાટકરને ચંદુ ચેમ્પિયન ની રજૂઆત બાદ પ્રતિષ્ઠિત અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સિનેમાના પ્રભાવ વિશે વોલ્યુમો બોલે છે.

ચંદુ ચેમ્પિયન સાથે, કાર્તિક આર્યને તેની કારકિર્દી નો શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ફિલ્મ દ્વારા, તેમણે ભારતના અપરાજિત હીરો, શ્રી મુરલીકાંત પેટકરની વાર્તાને પ્રકાશમાં લાવી, અને ખાતરી કરી કે તે દેશભરના પ્રેક્ષકો સુધી પહોંચે.

આનાથી સિનેમાની શક્તિ સ્પષ્ટ રીતે પ્રદર્શિત થઈ છે, કારણ કે શ્રી મુરલીકાંત પેટકરને પ્રતિષ્ઠિત અર્જુન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે, જે એક માન્યતા છે જેણે ચંદુ ચેમ્પિયનની રજૂઆત દ્વારા રાષ્ટ્ર અને તેમની પ્રેરણાદાયી વાર્તા વિશે જાણ્યું.

સાજિદ નડિયાદવાલા અને કબીર ખાન દ્વારા સંયુક્ત રીતે નિર્મિત, ચંદુ ચેમ્પિયન 14 જૂન, 2024 ના રોજ રિલીઝ થઈ હતી. કબીર ખાન દ્વારા નિર્દેશિત, આ ફિલ્મે પ્રેક્ષકોના હૃદયમાં એક અલગ હાજરી બનાવી છે, તેના થિયેટ્રિકલ અને OTT રિલીઝ બંને પર પ્રેમ કમાયો છે.

# યુઝવેન્દ્ર ચહલ-ધનશ્રી વર્માના ડિવોર્સ થશે?

## બંનેએ સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કર્યા; ચહલે તમામ તસવીરો હટાવી દીધી

(એજન્સી) મુંબઈ | તા.04



ભારતીય ટીમના સ્ટાર સ્પિન બોલર યુઝવેન્દ્ર અને તેની પત્ની ધનશ્રી વર્મા વિશે ઘણા સમયથી અટકળો ચાલી રહી છે કે બંને એકબીજાથી અલગ થવાનાં છે. હવે આ અટકળો વચ્ચે ચહલ અને ધનશ્રીએ એકબીજાને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધાં છે.

ચહલે તમામ તસવીરો હટાવી દીધી ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કર્યા બાદ યુઝવેન્દ્રએ ધનશ્રી સાથેની તમામ તસવીરો ડિલિટ કરી દીધી છે. એ બાદ ફેન્સને એવું લાગવા લાગ્યું છે કે બંને એકબીજાથી અલગ થવા જઈ રહ્યાં છે. બીજી તરફ છૂટાછેડાને લઈને અત્યારસુધી ચહલ અને ધનશ્રી તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.

છૂટાછેડાની પુષ્ટિ થઈ છે અને થોડા સમય પછી એ સત્તાવાર બનશે હકીકતમાં ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્માના છૂટાછેડાની અફવાઓ ઘણા સમયથી સોશિયલ મીડિયા પર ફેલાઈ રહી છે. હવે ETimesના અહેવાલ મુજબ, કપલના નજીકનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, કપલના અલગ થવાની અફવાઓ સાચી છે. છૂટાછેડાની પુષ્ટિ થઈ છે અને થોડા સમય પછી એ સત્તાવાર બનશે, જોકે છૂટાછેડાની કાર્યવાહી હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. તેમના અલગ થવા પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી, પરંતુ એટલું ચોક્કસ છે કે આ કપલે અલગથી તેમના જીવન સાથે આગળ વધવાનું નક્કી કર્યું છે.

યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માની લવસ્ટોરી ધનશ્રી વર્માએ ઝલક દિખલા જા 11ના એપિસોડ દરમિયાન યુઝવેન્દ્ર ચહલ સાથેની તેની લવ સ્ટોરી વિશે જણાવ્યું હતું. તેણે જણાવ્યું હતું કે કેવી રીતે લોકડાઉન દરમિયાન ચહલે ડાન્સ શીખવા માટે તેનો સંપર્ક કર્યો હતો. એ બાદ ધનશ્રી તેને ડાન્સ શીખવવા માટે રાજી થઈ ગઈ. એ બાદ બંને એકબીજાના પ્રેમમાં પડ્યાં હતાં.

2023માં યુઝવેન્દ્ર-ધનશ્રીના છૂટાછેડાની અટકળો વધી હતી વર્ષ 2023માં યુઝવેન્દ્ર ચહલે પોતાના આઈજી પર એક સ્ટોરી શેર કરી હતી, જેમાં લખ્યું હતું કે નવું જીવન આવી રહ્યું છે. આ પછી અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ પરથી તેની અટક ચહલ હટાવી દીધી હતી. હવે તે ફક્ત ધનશ્રી વર્મા લખે છે. આ પછી તેમના છૂટાછેડાની અફવાઓ તેજ થઈ ગઈ, જોકે ત્યાર બાદ ક્રિકેટરે છૂટાછેડાના સમાચારને અફવા ગણાવ્યા હતા.

## IND vs AUS 5th Test

# ઓસ્ટ્રેલિયા 181 રનમાં આઉટ

### બીજા દિવસે કુલ 15 વિકેટ પડી, રિષભ પંતની T20 સ્ટાઇલમાં બેટિંગ; ટીમ ઈન્ડિયાની 145 રનની લીડ

(એજન્સી) સિડની | તા 04

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી અને છેલ્લી ટેસ્ટ સિડનીમાં રમાઈ રહી છે. મેચનો બીજો દિવસ ખૂબ જ રોમાંચક રહ્યો. આજે કુલ 15 વિકેટ પડી અને 300થી વધુ રન બન્યા. એકંદરે બીજો દિવસ બોલરોના નામે રહ્યો અને બેટર્સ ફરી સંઘર્ષ કરતા જોવા મળ્યા. તેમ છતાં ભારત આ મેચમાં આગળ છે. સ્ટમ્પ્સના સમયે ભારતીય ટીમનો સ્કોર 141/6 છે.

રવીન્દ્ર જાડેજા 8 રને અને વોશિંગ્ટન સુંદર 6 રને અણનમ પરત ફર્યા છે. ભારતની કુલ લીડ 145 રન છે. આ મેચમાં ભારતીય ટીમ પ્રથમ દાવમાં 185 રનમાં સમેટાઈ ગઈ હતી. જવાબમાં ઓસ્ટ્રેલિયાનો પહેલી ઈનિંગમાં 181 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારતની બીજી ઈનિંગ ભારતે બીજા દાવમાં મજબૂત શરૂઆત કરી હતી. યશસ્વી જયસ્વાલે બીજી ઈનિંગમાં સ્ટાર્કની પહેલી જ ઓવરમાં 16 રન ફટકાર્યા હતા, પરંતુ ભારતીય ટીમને પહેલો ફટકો કેએલ રાહુલના રૂપમાં લાગ્યો હતો, જેને સ્કોટ બોલેન્ડે બોલ્ડ કર્યો હતો. રાહુલ અને યશસ્વી વચ્ચે પ્રથમ વિકેટ માટે 45 બોલમાં 42 રનની ભાગીદારી થઈ હતી. રાહુલના આઉટ થયા બાદ યશસ્વી (22) પણ બોલેન્ડનો શિકાર બન્યો હતો. વિરાટ કોહલી (6)નું ખરાબ ફોર્મ ચાલુ રહ્યું અને તેણે ફરીથી બોલને ઓફ-સ્ટમ્પની બહાર રમવામાં આઉટ થયો હતો. કોહલી બોલેન્ડની બોલિંગમાં સ્ટીવ સ્મિથના હાથે કેચ આઉટ થયો હતો. શુભમન ગિલ પણ 13 રન બનાવીને બ્યુ વેબસ્ટરનો શિકાર બન્યો હતો.

જસપ્રીત બુમરાહ હાલમાં આ મેચમાં મેદાનની બહાર છે. તેને સ્કેન માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. જોકે દિવસના અંત પહેલાં તે ફરી પરત ફર્યો છે. ઓસ્ટ્રેલિયાની પહેલી ઈનિંગમાં ભારતીય કેપ્ટન જસપ્રીત બુમરાહની જગ્યાએ વિરાટ કોહલીએ કમાન સંભાળી હતી.



**78 રનમાં ચાર વિકેટ પડી ગયા બાદ રિષભ પંતે ભારતીય ઈનિંગની કમાન સંભાળી :** પંતે માત્ર 29 બોલમાં ચોગ્ગા-છગ્ગા ફટકારીને પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. પેટ કમિન્સે પંતની તોફાની ઈનિંગ્સનો અંત લાવ્યો હતો. ઓફ-સ્ટમ્પની બહારને પંત કટ શોટ રમવા ગયો, જેમાં તે વિકેટકીપર એલેક્સ કેરીના હાથે કેચઆઉટ થયો હતો. પંતે 33 બોલમાં 6 ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી 61 રન બનાવ્યા હતા. નીતિશ રેડ્ડીએ (4) બીજા દાવમાં પણ નિરાશ કર્યા હતા. તેણે બિનજરૂરી શોટ રમ્યો અને બોલેન્ડના બોલ પર કમિન્સના હાથે કેચ આઉટ થયો.

**હોમ ટીમ હાલમાં 5 ટેસ્ટ મેચની સિરીઝમાં 2-1થી આગળ છે.**

**મેલબોર્ન ટેસ્ટ માટે બન્ને ટીમ ભારત (IND):** જસપ્રીત બુમરાહ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, રિષભ પંત (વિકેટકીપર), રવીન્દ્ર જાડેજા, નીતિશ રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

**ઓસ્ટ્રેલિયા (AUS):** પેટ કમિન્સ (કેપ્ટન), ઉસ્માન ખ્વાજા, સેમ કોન્સ્ટન્સ, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ, બ્યુ વેબસ્ટર, એલેક્સ કેરી (વિકેટકીપર), મિચેલ સ્ટાર્ક, નાથન લાયન અને સ્કોટ બોલેન્ડ.

# રોહિત શર્માએ નિવૃત્તિ અંગે કરી મોટી જાહેરાત

(એજન્સી) સિડની | તા 04

સિડની ટેસ્ટ વચ્ચે રોહિત શર્માએ નિવૃત્તિ પર મોટું નિવેદન આપ્યું છે. તમને જણાવી દઈએ કે, ખરાબ ફોર્મના કારણે રોહિતને સિડની ટેસ્ટમાં રમવાની તક મળી નથી. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવતું હતું કે મેનેજમેન્ટ હવે તેને ટેસ્ટ ટીમમાં ઈચ્છતું નથી. જોકે, રોહિતે બધાની સામે આવીને તમામ સવાલોના જવાબ આપ્યા છે.

ટીમ ઈન્ડિયાએ કેપ્ટન રોહિત શર્મા વિના સિડની ટેસ્ટમાં એન્ટ્રી કરી છે. તે અત્યાર સુધી આ પ્રવાસમાં સંપૂર્ણ ફ્લોપ રહ્યો હતો, જેના કારણે તે આ મેચમાંથી બહાર બેઠો છે

છેલ્લા કેટલાક દિવસોથી એવા અહેવાલો હતા કે મેનેજમેન્ટ હવે તેને ટેસ્ટ ટીમમાં ઈચ્છતું નથી અને આ શ્રેણી તેની કારકિર્દીની છેલ્લી ટેસ્ટ શ્રેણી છે. આવી સ્થિતિમાં સૌથી મોટો સવાલ એ છે કે શું રોહિત સિડની ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે કે પછી તે પોતે આ મેચમાંથી બહાર બેઠો છે. આ સવાલનો જવાબ હવે ખુદ રોહિત શર્માએ આપ્યો છે. રોહિત શર્માએ સિડની ટેસ્ટના બીજા દિવસે લંચ ટાઈમમાં સ્ટાર સ્પોર્ટ્સ સાથે વાત કરતા કહ્યું, 'હું પોતે સિડની ટેસ્ટમાંથી બહાર બેઠો છું. બેટ અત્યારે કામ કરતું નથી. મેં પસંદગીકારો અને કોચને કહ્યું કે મને મારા બેટમાંથી રન નથી મળી રહ્યા, તેથી મેં ખસી જવાનો નિર્ણય કર્યો. હું 2 બાળકોનો પિતા છું, હું સમજુ છું, પુખ્ત છું, જાણું છું કે ક્યારે શું કરવું. ટીમના આઉટ ઓફ ફોર્મ બેટ્સમેનોને આટલી મહત્વપૂર્ણ મેચ રમવાની તક ન મળવી જોઈએ, તેથી મેં બહાર બેસવાનો નિર્ણય કર્યો છે.રોહિત શર્માએ વધુમાં કહ્યું, 'રન અત્યારે નથી આવી રહ્યા, પરંતુ 5 મહિના પછી પણ નહીં આવે તેની ખાતરી નથી. હું સખત મહેનત કરીશ. પરંતુ આ નિર્ણય નિવૃત્તિનો નથી. બહાર લેપટોપ, પેન અને કાગળ લઈને બેઠેલા લોકો નક્કી નથી કરતા કે નિવૃત્તિ ક્યારે આવશે અને મારે કયા નિર્ણયો લેવા પડશે આ સિવાય રોહિતે કહ્યું કે તે સતત રન બનાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો પરંતુ તે થઈ રહ્યું ન હતું, તેથી તેણે જવાનું નક્કી કર્યું સિડની આવ્યા પછી, તેણે મેનેજમેન્ટને કહ્યું કે તે છેલ્લી મેચ નહીં રમે. રોહિત શર્મા આ ટેસ્ટ સિરીઝમાં રન બનાવવા માટે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. સિરીઝની 3 મેચમાં તેણે 3, 6, 10, 2 અને 9 રનની ઈનિંગ્સ રમી હતી. એટલે કે ભારતીય કેપ્ટને 5 ઈનિંગ્સમાં 6.20ની એવરેજથી કુલ 31 રન બનાવ્યા હતા. આ પહેલા તે બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ સામે રમાયેલી શ્રેણીમાં પણ સંપૂર્ણ ફ્લોપ રહ્યો હતો. મેચોમાં તે માત્ર એક જ અડધી સદી ફટકારવામાં સફળ રહ્યો છે. જેના કારણે રોહિતે આ મહત્વપૂર્ણ મેચમાં બહાર બેસવાનો નિર્ણય કર્યો, જેથી ટીમ ઈન્ડિયા શ્રેણીની બરાબરી કરી શકે.રોહિત શર્મા આ ટેસ્ટ સિરીઝમાં રન બનાવવા માટે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. સિરીઝની 3 મેચમાં તેણે 3, 6, 10, 2 અને 9 રનની ઈનિંગ્સ રમી હતી. એટલે કે ભારતીય કેપ્ટને 5 ઈનિંગ્સમાં 6.20ની એવરેજથી કુલ 31 રન બનાવ્યા હતા.



# ઓસ્ટ્રેલિયાની ધરતી પર બુમરાહે રચ્યો નવો ઈતિહાસ



(એજન્સી) સિડની | તા 04

અનુભવી ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં એક પછી એક મોટા કારનામા કરી રહ્યો છે. બુમરાહે વર્તમાન શ્રેણીમાં વધુ એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. બુમરાહે હવે સિડની ટેસ્ટ દરમિયાન 47 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ટીમ ઈન્ડિયાનો અનુભવી ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ઓસ્ટ્રેલિયામાં સતત તબાહી મચાવી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાની ધરતી પર એક પછી એક રેકોર્ડ બનાવ્યા અને તોડ્યા બાદ બુમરાહે વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. જસપ્રીત બુમરાહ હવે ઓસ્ટ્રેલિયામાં કોઈપણ ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે. બુમરાહે બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં અત્યાર સુધીમાં 32 વિકેટ ઝડપી છે. માર્નસ લાબુશેન 32મી વિકેટ તરીકે તેનો શિકાર બન્યો હતો. બુમરાહે લેબુશેનની વિકેટ લેતા જ ઈતિહાસ રચી દીધો હતો. આ પહેલા જ્યારે બુમરાહે સિડની ટેસ્ટના પહેલા દિવસે ઉસ્માન ખ્વાજાની વિકેટ લીધી હતી ત્યારે તેણે બિશન સિંહ બેદીના રેકોર્ડની બરાબરી કરી હતી.બુમરાહ પહેલા ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ મહાન અને દિવંગત સ્પિનર બિશન સિંહ બેદીના નામે હતો. તેમણે 1977-78ના ઓસ્ટ્રેલિયન પ્રવાસમાં સમગ્ર શ્રેણીમાં 31 વિકેટ ઝડપી હતી. બુમરાહે સિડનીમાં રમાઈ રહેલી શ્રેણીની છેલ્લી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગ દરમિયાન આ રેકોર્ડ તોડી નાખ્યો હતો.આ બોર્ડર ગાવસ્કર ટ્રોફીની શરૂઆતથી જ જસપ્રીત બુમરાહ ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોને પરેશાન કર્યા છે. તેણે પર્થ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં 5 વિકેટ ઝડપી હતી.

## મેલબોર્નમાં જયસ્વાલને આઉટ જાહેર કરનાર અમ્પાયરને સિડની ટેસ્ટમાં મળી મોટી જવાબદારી

(એજન્સી) સિડની તા 04

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચમી ટેસ્ટ સિડનીમાં રમાશે. 3 જાન્યુઆરીથી શરૂ થનારી આ મેચમાં બાંગ્લાદેશના અમ્પાયર શરાફુદ્દૌલા અમ્પાયરિંગ કરતા જોવા મળશે. આ એ જ અમ્પાયર છે જેના નિર્ણયથી ટીમ ઈન્ડિયા મેલબોર્ન ટેસ્ટમાં મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી અને અંતે ટીમ ઈન્ડિયા મેચ પણ હારી ગઈ હતી. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચમી અને છેલ્લી ટેસ્ટ મેચ 3 જાન્યુઆરીથી સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર શરૂ થશે. આ મેચ માટે બંને ટીમોએ તૈયારીઓ કરી લીધી છે. આ મેચ પહેલા એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે, જે ભારતીય ચાહકોને પસંદ નહીં આવે. સમાચાર છે કે આ મેચમાં બાંગ્લાદેશના અમ્પાયર શરાફુદ્દૌલાને મોટી જવાબદારી મળી છે. શરાફુદ્દૌલા સિડની ટેસ્ટમાં ઓન-ફીલ્ડ અમ્પાયર હશે. મેલબોર્ન ટેસ્ટમાં તેના એક નિર્ણયે ઘણો વિવાદ ઉભો કર્યો હતો. શરાફુદ્દૌલા મેલબોર્નમાં થર્ડ અમ્પાયર હતા.



# કેપટાઉન ટેસ્ટમાં સા. આફ્રિકાની મજબૂત શરૂઆત

(એજન્સી) કેપટાઉન | તા 04

પ્રવાસી પાકિસ્તાન અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝની બીજી અને અંતિમ મેચમાં યજમાન ટીમે મજબૂત પ્રારંભ કર્યો છે. ઓપન રાયન રિકલ્ટન અને ટીમ સુકાની ટેમ્બા બાવુમાની શાનદાર ઈનિંગના જોરે યજમાન ટીમે પોતાની પહેલી ઈનિંગમાં 66 ઓવરમાં 3 વિકેટના ભોગે 268 રન બનાવી લીધા હતા. રિકલ્ટન 152 રને અણનમ હતો જ્યારે બાવુમાં સમાચાર લખાયા ત્યાં સુધીમાં સદીની નજીક પહોંચી ગયો હતો તે 89 રને અણનમ હતો. આ પહેલા દક્ષિણ આફરીકાના સુકાની ટેમ્બા બાવુમાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઓપનર માર્કરમ ટીમના 61 રનના સ્કોર પર વ્યક્તિગત 17 રનના જુમલે આઉટ થયો હતો જ્યારે તે બાદ 70 રને મુલ્ડરના રુપમાં બીજી વિકેટ પડી હતી. ટીમના સ્કોરમાં હજુ બે રન જ ઉમેરાયા હતા ત્યાં ટ્રિસ્ટન સ્ટબ્સ પણ આઉટ થયો હતો. જે બાદ સુકાની બાવુમા અને રિકલ્ટને યજમાન ટીમની બેટિંગને સંભાળી હતી અને સ્કોરને 268 રને પહોંચાડયો હતો. રિકલ્ટને શાનદાર બેટિંગનું પ્રદર્શન કરતા 19 બાઉન્ડ્રી અને એક સિક્સર ફટકારી હતી.



# છૂટાછેડા પછી શિખરને એક્ટ્રેસ જોડે સેલિબ્રેટ કર્યું નવું વર્ષ?

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ભારતના ફેમસ ક્રિકેટર શિખર ધવન પોતાની પર્સનલ લાઈફને લઈને અવારનવાર ચર્ચાનો વિષય બનતો જોવા મળે છે. તેણે ગયા વર્ષે જ છૂટાછેડા લીધા હતા અને હાલમાં તે સિંગલ હોવાનું જણાય છે. પરંતુ હવે આ દરમિયાન શિખર ધવનની બોલીવુડ એક્ટ્રેસ હુમા કુરેશી સાથેની એક તસવીર સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં જોઈ શકાય છે કે હુમા કુરેશી અને શિખર ધવન સ્વિમિંગ પૂલમાં જોરદાર પોઝ આપતાં જોવા મળે છે. બંનેની આ સ્ટાઈલ ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે અને લોકો એવી પણ ચર્ચા થઈ રહી છે કે બંને એકબીજાને ડેટ કરી રહ્યાં છે. તમને જણાવી દઈએ કે શું છે સમગ્ર મામલો? શિખર ધવન અને હુમા કુરેશીની તસવીરો જોયા બાદ ફેન્સ અનુમાન લગાવી રહ્યા છે કે બંને એકબીજાને જાણવા મળ્યું કે આ તસવીર સંપૂર્ણપણે ફેક છે અને એડિટેડ છે. તમને જણાવી દઈએ કે આ બંને ફિલ્મ ડબલ એક્સેલમાં સાથે જોવા મળ્યા હતા.



# ટેનિશ: જોકોવિચ બ્રિસબેન ઈન્ટરનેશનલની બહાર ફેંકાયો

(એજન્સી) લંડન | તા 04

વિશ્વના દિગ્ગજ ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચને વર્ષના પહેલા ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન પહેલા જોરદાર આંચકો આપ્યો છે. બ્રિસબેન ઈન્ટરનેશનલમાં રમી ઓસ્ટ્રેલિયન ઓપનની તૈયારી કરવા ઉતરેલા જોકોવિચનો અમેરિકાના ખેલાડી રીલી ઓપેલ્કા સામે પરાજય થયો છે. છ ફુટ 11 ઈન્ચની લંબાઈ ધરાવતા ઓપેલ્કાએ જોકોવિચ સામે શાનદાર રમતનું પ્રદર્શન કર્યુ હતું. ઓપેલ્કાની અપૂર્વ સર્વિસ અને રિટર્ન્સ સામે 24 ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ વિજેતા જોકોવિચ કંઈ કરી શક્યો નહોતો અને તેનો 7-6 (8-6) અને 6-3થી સીધા સેટમાં પરાજય થયો હતો. પહેલા સેટમાં જોકોવિચે પોતાના હરીફને પડકાર આપવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેના પ્રયાસ તેને જીતાડી શકે તેટલા પુરતા નહોતા. જોકોવિચ બ્રિસબેન ઓપનમાં સરળતાથી જીત મેળવવાની આશા સાથે મેદાનમાં ઉતર્યો હતો પરંતુ વિશ્વના પૂર્વ નંબર 17 ખેલાડી એવા 27 વર્ષીય ઓપેલ્કાએ માત્ર 40 મિનિટમાં જ જોકોવિચને પરાજય આપીને સ્પર્ધા બહાર કરી દીધો હતો. ઓપેલ્કા 2022 થી 2024 વચ્ચે લગભગ બે વર્ષ સુધી થાપા અને કાંડાની સર્જરી કરાવવાને કારણે મેદાનથી દૂર રહેવા મજબૂર બન્યો હતો. સમગ્ર મેચમાં પોતાની પકડ ધરાવતા ઓપેલ્કાએ 16 એસ ફટકાર્યા હતા.



# કેચ પકડવા માટે બે ખેલાડીઓ ખરાબ રીતે અથડાયા હતા

(એજન્સી) સિડની | તા 04

બિગ બેશ લીગમાં એક એવો અકસ્માત થયો છે જેણે ફેન્સને હેરાન કરી દીધા છે. સિડની થંડર્સ અને પર્થ સ્કોર્ચર્સ વચ્ચે રમાયેલી મેચમાં કેચ લેવા માટે બે ખેલાડીઓએ પોતાના જીવ દાવ પર લગાવ્યા. કેચ લેવાનો પ્રયાસ કરતી વખતે ડેનિયલ સેમ અને કેમેરોન બેનક્રોફ્ટ એકબીજા સાથે ખરાબ રીતે અથડાયા. બંને ખેલાડીઓ વચ્ચેની અથડામણ એટલી જોરદાર હતી કે સેમ-બેનક્રોફ્ટને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. બંનેની સ્થિતિ હાલ ખતરાની બહાર હોવાનું કહેવાય છે.આ દુર્ઘટના પર્થ સ્કોર્ચર્સની ઈનિંગની 16મી ઓવરમાં થઈ હતી. કૂપર કોનોલીએ લોકી ફર્ગ્યુસનના બોલ પર હવામાં શોટ રમ્યો હતો. ડેનિયલ સેમ અને કેમેરોન બ્રાનફોફ્ટ બંને આ કેચ પકડવા દોડ્યા હતા. બંનેએ એકબીજા સામે જોયું પણ ન હતું અને સેમ અને બેનક્રોફ્ટ વચ્ચે જોરદાર મુકાબલો થયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે બંને ખેલાડીઓ થોડીવાર માટે મેદાનમાં પડ્યા રહ્યા અને તાત્કાલિક તબીબી ટીમને સપોર્ટ માટે બોલાવવામાં આવી. જેના કારણે લગભગ 20 મિનિટ સુધી રમત બંધ થઈ ગઈ હતી. ડેનિયલ સેમને સ્ટ્રેચર પર મેદાનની બહાર લઈ જવામાં આવ્યો હતો, જ્યારે મેદાન છોડતી વખતે બેનક્રોફ્ટના નાકમાંથી સતત લોહી વહી રહ્યું હતું. બંને ખેલાડીઓને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.



# ત્રેવડી સદી ફટકારનાર ભારતીય બેટ્સમેને બનાવ્યો વર્લ્ડરેકોર્ડ

નવી દિલ્હી | તા 04

ટેસ્ટ ક્રિકેટમાં ભારત માટે ત્રેવડી સદી ફટકારનાર કરુણ નાયરે નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. કરુણે વિજય હજારે ટ્રોફીમાં એક કે બે નહીં પરંતુ ચાર સદી ફટકારી છે. આ ચાર સદી સાથે કરુણ લિસ્ટ-A ક્રિકેટમાં આઉટ થયા વિના સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. કરુણ નાયરે 2010માં બનાવેલા જેમ્સ ફ્રેન્કલિનના રેકોર્ડને તોડી નાખ્યો છે. કરુણે ઉત્તર પ્રદેશ સામે રમાયેલી મેચમાં 101 બોલમાં 112 રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ ઈનિંગ દરમિયાન કરુણે 11 ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા, જેના આધારે વિદર્ભે માત્ર 2 વિકેટ ગુમાવીને 308 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. કરુણે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

કરુણ નાયરે લિસ્ટ-એ ક્રિકેટમાં તે સ્થાન હાંસલ કર્યું છે, જે વિશ્વનો કોઈ અન્ય બેટ્સમેન પહોંચી શક્યો નથી. કરુણ લિસ્ટ-એ ક્રિકેટમાં આઉટ થયા વિના સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. કરુણે પાંચ મેચમાં ચાર સદી ફટકારી હતી. ખાસ વાત એ છે કે કરુણ પાંચમી મેચમાં આઉટ થયો હતો. કરુણે જમ્મુ-કાશ્મીર સામે 112 રનની શાનદાર ઈનિંગ રમીને વિજય હજારે ટૂર્નામેન્ટની શરૂઆત કરી હતી. આ પછી તેને છત્તીસગઢ સામે અણનમ 44 રન બનાવ્યા હતા. ભારતીય બેટ્સમેને ચંદીગઢ સામે 163 રનની બીજી સદી રમી હતી, જ્યારે તમિલનાડુ સામે પણ તેને 111 રનની અણનમ ઈનિંગ રમી હતી. ઉત્તર પ્રદેશ સામે 112 રનની ઈનિંગ રમીને તેણે લિસ્ટ-એ ક્રિકેટમાં આઉટ થયા વિના સૌથી વધુ રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. કરુણે ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન જેમ્સ ફ્રેન્કલિનના રેકોર્ડને તોડી નાખ્યો છે. ફ્રેન્કલિને વર્ષ 2010માં આઉટ થયા વિના 527 રન બનાવ્યા હતા. કરુણના બેટે ઉત્તર પ્રદેશ સામે પણ ધૂમ મચાવી હતી અને તેને 112 રનની શાનદાર ટ્રોફીમાં પ્રથમ વખત કુલ 542 રન બનાવીને આઉટ થયો હતો. વિજયના રથ પર સવાર વિદર્ભ વિજય હજારે ટૂર્નામેન્ટમાં વિદર્ભની ટીમ વિજયના રથ પર સવાર છે.



# રોહિત ગંભીર વચ્ચે વાતચીત બંધ?

(એજન્સી) સિડની | તા 04

ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ટીમ ઈન્ડિયાના ખરાબ પ્રદર્શનની સાથે એક પછી એક મોટા ખુલાસા થઈ રહ્યા છે. ભારતીય ટીમના ડ્રેસિંગ રૂમમાં બધું બરાબર નથી ચાલી રહ્યું. સિડની ટેસ્ટમાં રોહિત શર્માને પ્લેઈંગ 11માંથી બહારનો રસ્તો દેખાડવામાં આવ્યો હતો. હિટમેનની જગ્યાએ ટીમની કમાન જસપ્રીત બુમરાહને સોંપવામાં આવી છે. પાંચમી ટેસ્ટ પહેલા એક તસવીર પણ વાયરલ થઈ હતી, જેમાં હેડ કોચ ગૌતમ ગંભીર, રોહિત શર્મા અને બુમરાહ સાથે જોવા મળ્યા હતા. પરંતુ હવે જે ખુલાસો થયો છે તેને ભારતીય ક્રિકેટ અને તેના તમામ ફેન્સને હેરાન કરી દીધા છે.

ગંભીર અને રોહિત વચ્ચેની વાતચીત બંધ? ગૌતમ ગંભીર અને રોહિત શર્માને લઈને મીડિયાના લેટેસ્ટ રિપોર્ટમાં મોટો ખુલાસો થયો છે. મીડિયા રિપોર્ટ મુજબ ગંભીર અને રોહિત વચ્ચેની વાતચીત બંધ થઈ ગઈ છે. રોહિત-ગંભીર અને બુમરાહ પાંચમી ટેસ્ટ પહેલા સિડનીની પિચનું નિરીક્ષણ કરવા આવ્યા હતા. પરંતુ આ દરમિયાન ગંભીર અને રોહિતે એકબીજા સાથે વાત કરી ન હતી.



# રોહિત અમારો લીડર છે: પંતનું દર્દ છલકાયું

(એજન્સી) સિડની | તા 04

સિડનીમાં 3 જાન્યુઆરીથી શરૂ થયેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 5 મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહી છે. જેમાં ભારતીય ટીમ પહેલી ઈનિંગમાં 185 રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી સ્કોટ બોલેન્ડે સૌથી વધુ 4 વિકેટ ઝડપી હતી. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ હવે સ્ટમ્પ સુધીમાં એક વિકેટના નુકસાને 9 રન બનાવી લીધા છે. બુમરાહે ખ્વાજાને આઉટ પેવેલિયન ભેગો કર્યો હતો. રોહિતે પોતાને આ મેચથી દૂર રાખ્યો હતો અને તેની જગ્યાએ જસપ્રીત બુમરાહે ટીમની કેપ્ટનશીપ કરી હતી. ટોસ સમયે બુમરાહે કહ્યું હતું કે, 'સ્વાભાવિક છે કે અમારા કેપ્ટન (રોહિત શર્મા)એ પણ પોતાની નેતૃત્વ ક્ષમતા બતાવી છે. તેણે આ મેચમાં આરામ કરવાનું પસંદ કર્યું છે. આ દર્શાવે છે કે અમારી ટીમમાં ઘણી એકતા છે. જેમાં કોઈ સ્વાર્થ નથી. જે પણ ટીમના હિતમાં હશે તે જ અમે કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.'

# ઘાયલ થયા પછી પણ હિંમત ન હાર્યો પંત

(એજન્સી) સિડની | તા 04

ટીમ ઈન્ડિયા સિડની ટેસ્ટની પહેલી ઈનિંગમાં 185 રનના સ્કોર પર ઓલ આઉટ થઈ ગઈ. આ માટે ઋષભ પંતે 40 રનની મહત્ત્વની ઈનિંગ રમી. પંત આ ઈનિંગ દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગયો પરંતુ તેણે હાર માની નહીં. ઋષભ પંતે આ મેચ દરમિયાન સિક્સરનો એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો. તેણે સચિન તેંડુલકર સહિત ઘણા દિગ્ગજ ખેલાડીઓને પાછળ છોડી દીધા છે. ઋષભ પંત ભારતની પહેલી ઈનિંગ દરમિયાન નંબર પાંચ પર બેટિંગ કરવા આવ્યો. તેણે આ દરમિયાન 98 બોલનો સામનો કરતાં 40 રન બનાવ્યા. પંતની આ ઈનિંગમાં 3 ચોગ્ગા અને 1 સિક્સર સામેલ રહ્યાં. તેને બોલેન્ડે આઉટ કરી દીધો. પંત આ ઈનિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થઈ ગયો. તેના હાથ પર બોલ વાગ્યો.

# અધવચ્ચે મેચ છોડી બુમરાહને સ્ટેડિયમ બહાર લઈ જવાયો

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા સામે 5મી ટેસ્ટ મેચ રમી રહી છે. આ સીરીઝની 5મી ટેસ્ટ મેચની વચ્ચે ભારતીય ટીમ અને ફેન્સ માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. આ મેચમાં ટીમ ઈન્ડિયા હજુ પણ મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી હતી ત્યાં જ જસપ્રિત બુમરાહને અચાનક મેદાન છોડવું પડ્યું. તેને મેદાન છોડતો જોઈને દરેક ચાહકોના ધબકારા વધી ગયા. જસપ્રીત બુમરાહ આ સિરીઝ દરમિયાન ટીમ ઈન્ડિયા માટે સૌથી સફળ બોલર રહ્યો છે. મેદાન છોડ્યા બાદ બુમરાહ ટીમ ઈન્ડિયાના મેડિકલ સ્ટાફ સાથે સ્કેન માટે સ્ટેડિયમની બહાર જતો જોવા મળ્યો હતો. તેનો વીડિયો સામે આવ્યો છે. ભારતીય સ્ટાર બોલર જસપ્રીત બુમરાહ આ સિરીઝ દરમિયાન શાનદાર ફોર્મમાં છે. તેમની કેપ્ટન્સીથી લઈને બોલિંગ સુધી બંને શાનદાર રહ્યા છે. ટીમ ઈન્ડિયાને આ સમયે બુમરાહની જરૂર છે. આ સિરીઝમાં બુમરાહનું પ્રદર્શન અન્ય તમામ ખેલાડીઓ કરતા ઘણું સારું રહ્યું છે. તેણે આ સિરીઝમાં કુલ 32 વિકેટ લીધી છે. જે સૌથી વધુ છે. તો સામે ઓસ્ટ્રેલિયા તરફથી કોઈ બોલરે આવું પ્રદર્શન કર્યું નથી. આ સિવાય બુમરાહ આ મેચમાં ટીમ ઈન્ડિયાનો કેપ્ટન પણ છે.



# કેનેડાનો વધુ એક મોટો નિર્ણય જાહેરાત કરી

## માતા-પિતા અને દાદા-દાદીની પર્મેનન્ટ રેસિડેન્સીની સ્પોન્સરશિપને અટકાવી

(એજન્સી) કેનેડા તા 04

કેનેડાએ હાલના કેસોના બેકલોગને સાફ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે માતા-પિતા અને દાદા દાદીની પર્મેનન્ટ રેસિડેન્સીની સ્પોન્સરશિપ માટેની નવી અરજીઓ સ્વીકારવાનું અસ્થાયી રૂપે અટકાવ્યું છે. ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે નિર્દેશ જાહેર કર્યો છે. કેનેડા ગેઝેટમાં પ્રકાશિત થયેલો નિર્દેશ મુજબ, ફેમિલી રિ-યુનિયન માટે સરકારની પ્રતિબદ્ધતાને દેખાડે છે પરંતુ ગયા વર્ષે સબમિટ કરવામાં આવેલી અરજીઓની પ્રક્રિયાને પ્રાથમિકતા આપે છે. મિલરે નોંધ્યું હતું કે આ નિર્ણય સરકારના વ્યાપક ઈમિગ્રેશન લક્ષ્યો સાથે સમાંતર છે.

ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે નિર્દેશ જાહેર કર્યો છે. ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે નિર્દેશ જાહેર કર્યો છે.

### કેનેડાના રસ્તા પર ભારતીય વિદ્યાર્થીઓનું અપમાન !

#### ભારતીયોને પરેશાન કરવાના વીડિયો સામે આવ્યા

RTN એ ડિસેમ્બર 2024માં પણ એક આવો જ વીડિયો શેર કર્યો હતો. જેમાં એક માણસ રાત્રિભોજન કરી રહેલા કપલને પરેશાન કરી રહ્યો છે. આરટીએનનું કહેવું છે કે આ એ જ વ્યક્તિ છે અને વીડિયોમાં દેખાતું કપલ ભારતીય છે. આ વીડિયો વાયરલ થતાં જ ગુસ્સામાં જોવા મળ્યા હતા. એક યુઝરે લખ્યું કે 44 મિલિયન વધુ ઈમિગ્રન્ટ્સ તેમની અર્થવ્યવસ્થા ચલાવી રહ્યા છે.



#### કેનેડામાં સામાન્ય ભારતીયો પણ લોકોના ગુસ્સાનો ભોગ બની રહ્યા છે.

હાલમાં જ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં જોઈ શકાય છે કે વીડિયોમાં એક વ્યક્તિ જાતિવાદી ટિપ્પણી કરી રહ્યો છે. તેમને 'રિફ્યૂજી' અથવા શરણાર્થી પણ કહે છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે વીડિયોમાં દેખાતા લોકો ભારતીય વિદ્યાર્થીઓ છે.RTN કેનેડાના સત્તાવાર X હેન્ડલ પરથી એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે. એવું પણ લખવામાં આવ્યું છે કે, 'એક વ્યક્તિએ વીડિયો બનાવીને કેનેડા આવતા ભારતીયોનું અપમાન કર્યું.

#### કામગીરીને ફરીવ્યવસ્થિત કરવા માટે

અન્ય ઈમિગ્રેશન સ્ટ્રીમ્સમાં પણ નવી સ્પોન્સરશિપને અટકાવી છે. તેના ઈમિગ્રેશન સ્તરની યોજનાના ભાગ રૂપે, જે આગામી ત્રણ વર્ષમાં એકંદર વપરાશમાં ઘટાડો કરવાનો ટાર્ગેટ રહેશે. સરકાર આ વર્ષે ફેમિલી રિ-યુનિયન પ્રોગ્રામથી સબમિટ કરવામાં આવેલી 15,000 જેટલી અરજીઓને સ્વીકારવાનો ટાર્ગેટ રાખ્યો છે. અને તે અપમાન કરનાર વ્યક્તિ વિદેશી છે . અંદાજે 38 સેકન્ડના આ વીડિયોમાં જોઈ શકાય છે કે રેકોર્ડિંગ કરનાર વ્યક્તિ સામે હાજર કેટલાક લોકો પર સવાલ ઉઠાવી રહી છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે વીડિયોમાં દેખાતા યુવક-યુવતીઓ ભારતીય છે કે નહીં.

#### સ્પોન્સરશિપ એપ્લિકેશન માટે સરેરાશ પ્રક્રિયા સમય 24 મહિનાનો હતો.

પેરેન્ટ્સ એન્ડ ગ્રાન્ડ-પેરેન્ટ્સ પ્રોગ્રામ હેઠળ, 20,500 અરજીઓ સ્વીકારવાના ટાર્ગેટ સાથે, 2024માં 35,700 રેન્ડમલી પસંદ કરાયેલ લોકોને અરજીઓ સબમિટ કરવા માટે આમંત્રિત કર્યા હતા. મિલરે રજૂ કરેલા ઈમિગ્રેશન પર સંસદમાં 2024ના એન્યુઅલ રિપોર્ટ મુજબ, 2023ના અંત સુધીમાં ઈન્વેન્ટરીમાં 40,000 થી વધુ માતા-પિતા અને દાદા દાદીની પર્મેનન્ટ રેસિડેન્સીની સ્પોન્સરશિપ હતી.

**પોલીસે કહ્યું કે તે આત્મહત્યાની ઘટના છે, 6 દિવસ પહેલા જ તેની પત્ની સાથે બ્રેકઅપ થયું હતું**

# અમેરિકામાં ટેસ્લા ટ્રક બ્લાસ્ટ આતંકવાદી હુમલો નથી

(એજન્સી) વોશિંગ્ટન | તા 04

અમેરિકાના લાસ વેગાસમાં 1 જાન્યુઆરીએ ટ્રમ્પ હોટલની બહાર થયેલા ટ્રક બ્લાસ્ટને FBI એ આત્મહત્યાની ઘટના ગણાવી છે. આ બ્લાસ્ટને કારણે 7 લોકો ઘાયલ થયા હતા. FBIએ ટેસ્લા ટ્રકની અંદર મૃત મળી આવેલા માણસની ઓળખ કોલોરાડોના એક અમેરિકન સૈનિક મેથ્યુ લીવેલ્સબર્ગર (37) તરીકે કરી છે. ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ, મેથ્યુએ થોડા દિવસો પહેલા તેની પત્ની સાથે ઝઘડો કર્યો હતો, ત્યારબાદ તેણે તેની સાથે સંબંધો તોડી નાખ્યા હતા. મેથ્યુને એક પુત્રી પણ છે. એવી શંકા છે કે લીવેલ્સબર્ગરની પત્નીને તેના અફેરની જાણ થઈ હતી. નાતાલના બીજા દિવસે, લીવેલ્સબર્ગરની તેની પત્ની સાથે આ જ મુદ્દા પર ઝઘડો થયો હતો. આ પછી તે કોલોરાડો સ્પ્રિંગ્સમાં પોતાના ઘરે જવા રવાના થયો હતો.



### બ્લાસ્ટ પહેલા પોતાને ગોળી મારી

મેથ્યુ યુએસ આર્મીમાં 19 વર્ષથી કામ કરી રહ્યો હતો. બ્લાસ્ટ પહેલા તેણે પોતાને માથામાં ગોળી મારી હતી. ટ્રકમાં આતસબાજીની વસ્તુઓ પણ રાખવામાં આવી હતી. આગ કેવી રીતે લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી. FBIએ એમ પણ કહ્યું કે તેમની પાસે એવી કોઈ માહિતી નથી કે જે લીવેલ્સબર્ગરને કોઈપણ આતંકવાદી સંગઠન સાથે જોડે. FBIએ કહ્યું કે આ ઘટનામાં સામેલ વ્યક્તિ મેથ્યુ લીવેલ્સબર્ગર (37 વર્ષ) સેનામાંથી થોડા દિવસની રજા પર આવ્યો હતો. લાસ વેગાસ આવતા પહેલા તેણે 28 ડિસેમ્બરે ટેસ્લા ટ્રક ભાડે લીધી હતી. FBI એ જણાવ્યું હતું કે નવા વર્ષના દિવસે ન્યૂ ઓર્લિયન્સ ટ્રક હુમલા અને તે જ દિવસે લાસ વેગાસમાં સાયબરટ્રક વિસ્ફોટ વચ્ચે હજુ સુધી કોઈ કનેક્શન મળ્યું નથી.

# શ્રીલંકાને લલચાવવા ચીને 46 લાખ બાળકોને યુનિફોર્મ અને ગરીબોને મફતમાં રાશન આપ્યું

(એજન્સી) કોલંબો | તા 04

શ્રીલંકાને લલચાવવામાં ચીન કોઈ કસર નથી છોડી રહ્યું. માનવીય સહાયના બહાને ચીને શ્રીલંકામાં સૌથી મોટી ચાલ શાળાનાં બાળકોને મદદના નામે ચલાવી છે. આ વર્ષે શ્રીલંકાની સરકારી શાળાનાં તમામ 46 લાખ બાળકોને યુનિફોર્મ આપ્યા છે. જ્યારે 2023 અને 2024માં ચીને અનુક્રમે 32 અને 37 લાખ બાળકોને સ્કૂલ ડ્રેસ સપ્લાય કર્યા હતા. આ સાથે પૂર્વીય શ્રીલંકામાં પૂરગ્રસ્ત લગભગ 50 હજાર પીડિતોને મફતમાં રાશન પણ ચીન તરફ વિતરણ કરવામાં આવી રહ્યું છે. ચીન દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં મેડિકલ કેમ્પ પણ લગાવાયા છે. ગયા વર્ષે નવેમ્બરના અંતમાં આવેલા પૂરને એક મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં ચીન દ્વારા હજુ પણ કેમ્પ ચલાવવામાં આવી રહ્યા છે. ફ્રી રાશનની સાથે ટેન્ટ પણ લગાવવામાં આવ્યા છે. કોલંબોસ્થિત થિન્ક ટેન્ક ફેક્ટમના આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત ઉદિતા દેવપ્રિયાનું કહેવું છે કે ચીનની મદદ પાછળ એક મોટી વ્યૂહરચના છે. શ્રીલંકા પર ચીનનું 64 હજાર કરોડ રૂપિયાનું દેવું છે. આ શ્રીલંકાના કુલ વિદેશી દેવાના 20% જેટલું છે. ચીન તેના પર ભારે વ્યાજ પણ વસૂલે છે. તાજેતરમાં ચીને પણ શ્રીલંકાને વ્યાજ ચૂકવવામાં રાહત આપી છે.

શ્રીલંકામાં સામાન્ય લોકોમાં ચીનની છબી ખરડાઈ રહી હતી. આ ઉપરાંત ચીનની નજર બીઆરઆઈ (બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ) પર પણ છે. આ અંતર્ગત ચીને શ્રીલંકામાં વિશેષ રોકાણ કર્યું છે. ચીન શ્રીલંકામાં પોર્ટ, એરપોર્ટ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પોતાની હાજરી વધારવા માગે છે. દેવપ્રિયાનું કહેવું છે કે શ્રીલંકામાં ચીનનો પ્રવેશ ભારતનાં હિતોની વિરુદ્ધ છે.

# સાઉથ કોરિયામાં પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ ધરપકડથી બચ્યા

(એજન્સી) સિઓલ | તા 04

દક્ષિણ કોરિયાના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ યુન સુક-યોલની શુક્રવારે ધરપકડ થઈ શકી નથી. યોલ 3 ડિસેમ્બરે દેશમાં માર્શલ લૉ લાગુ કરવા બદલ ફોજદારી તપાસનો સામનો કરી રહ્યો છે. મંગળવારે સિઓલ કોર્ટે યોલે વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું હતું. દક્ષિણ કોરિયામાં મોટા અધિકારીઓના કૌભાંડોની તપાસ માટે રચાયેલી એજન્સી (CIO) ના અધિકારીઓ અને પોલીસ તેમને કસ્ટડીમાં લેવા માટે પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ યુન સુક યેઓલના ઘરે પહોંચી હતી, પરંતુ યોલની સુરક્ષામાં લાગેલા 200 જેટલા ગાર્ડોએ તેમને ગેટ પર જ રોક્યા. આ દરમિયાન યુનના ઘરની બહાર પ્રદર્શનકારીઓની ભીડ એકઠી થઈ ગઈ અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. હકાલપટ્ટી કરાયેલા રાષ્ટ્રપતિની ધરપકડને લઈને લગભગ 6 કલાક સુધી હોબાળો થયો હતો, પરંતુ પોલીસ તેમની ધરપકડ કરી શકી ન હતી.યુનની ધરપકડ કરવા માટે ઘરની બહાર ડઝનબંધ પોલીસ બસો અને અનેક અધિકારીઓ તહેનાત કરવામાં આવ્યા હતા.

આ પછી પોલીસ અધિકારીઓ અને CIO ટીમના 20 સભ્યો ઘર તરફ આગળ વધ્યા. વિરોધ વધતો જોઈને વધુ 150 પોલીસ આવી પહોંચી.આમાંની મોટાભાગની પોલીસ સંકુલની અંદર પ્રવેશી હતી, જોકે તેમને સેના અને દેખાવકારોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તમને જણાવી દઈએ કે દક્ષિણ કોરિયામાં સુરક્ષાની જવાબદારી સેનાના જવાનો પર રહે છે.

# મોદીએ જીલ બાઈડેનને 17 લાખનો હીરો આપ્યો

## અમેરિકી રાષ્ટ્રપતિના પત્નીને 2023ની સૌથી મોંઘી ગિફ્ટ, પોતાની પાસે નહીં રાખી શકે




**બોક્સ બનાવવા માટે કર્ણાટકના મૈસૂરથી ચંદન લાવવામાં આવ્યું હતું.**

**આ સિવાય બાઈડેન અને તેમના પરિવારને યુક્રેનના રાજદૂત પાસેથી એક બ્રોચ મળ્યો હતો જેની કિંમત લગભગ 12 લાખ રૂપિયા છે. તે જ સમયે, રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સકીએ બાઈડેનને 2 લાખ રૂપિયાથી વધુની કિંમતનો કોલાજ આપ્યો હતો. આ સિવાય તેને ઈજિપ્તના રાષ્ટ્રપતિ અને તેમની પત્ની પાસેથી એક બ્રોચ, બ્રેસલેટ અને ફોટો આલ્બમ મળ્યું જેની કિંમત અંદાજે 3 લાખ 86 હજાર રૂપિયા હતી.**

(એજન્સી) વોશિંગ્ટન | તા 04

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 2023 માં તેમની યુએસ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ બાઈડેનની પત્ની યુએસ ફર્સ્ટ લેડી જીલ બાઈડેનને સૌથી મોંઘી ભેટ આપી હતી. અમેરિકાના વિદેશ મંત્રાલયે આ માહિતી આપી છે. પીએમ મોદીએ જીલ બાઈડેનને આપેલા હીરાનું વજન 7.5 કેરેટ છે અને તેની કિંમત 20 હજાર ડોલર (રૂ. 17 લાખથી વધુ) છે. તે કાર-એ-કલમદાની નામના પ્રખ્યાત કાશ્મીર પેપર બોક્સમાં પેક કરીને ભેટમાં આપવામાં આવ્યું હતું. ઈકો-ફ્રેન્ડલી હીરો, બનાવવામાં સોલાર-વિન્ડ એનર્જીનો ઉપયોગ આ એક ઈકો-ફ્રેન્ડલી ડાયમંડ છે જેમાં તેને બનાવવા માટે સૌર અને પવન ઊર્જાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ હીરો પ્રતિ કેરેટ માત્ર 0.028 ગ્રામ કાર્બન ઉત્સર્જન કરે છે. જો કે, જીલ બાઈડન આ ભેટનો ઉપયોગ કરી શકશે નહીં. તેને 'વ્હાઈટ હાઉસ'ની ઈસ્ટ વિંગમાં ડિસ્પ્લે માટે મૂકવામાં આવશે. આ બોક્સ જયપુરના કારીગરોએ બનાવ્યું હતું. બોક્સમાં વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના નમૂનાઓ કોતરેલા હતા. બોક્સની અંદર ભગવાન ગણેશની ચાંદીની મૂર્તિ હતી. આ મૂર્તિ કોલકાતાના ચાંદીના કારીગરોના પરિવાર દ્વારા બનાવવામાં આવી છે.પીએમ મોદી સપ્ટેમ્બર 2023માં ક્વાડ સમિટમાં ભાગ લેવા માટે અમેરિકાની 3 દિવસની મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તે બાઈડેનને મળ્યો. ખાસ ભેટ પણ આપી હતી. તે ચંદનથી બનેલું એક જટિલ રીતે બનાવેલું બોક્સ હતું.

# બશાર અલ-અસદને ઝેર આપીને મારવાનો પ્રયાસ

(એજન્સી) મોસ્કો | તા 04

રશિયામાં રહેતા સિરિયાના પૂર્વ રાષ્ટ્રપતિ બશાર અલ અસદની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બ્રિટિશ અખબાર ધ સન અનુસાર, 59 વર્ષીય અસદ રવિવારે ગંભીર રીતે બીમાર પડ્યા હતા. તેમને ગંભીર ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. આ પછી ડોક્ટરોએ તેમની તપાસ કરી. ટેસ્ટ બાદ તેમના શરીરમાં ઝેર હોવાની પુષ્ટિ થઈ હતી. રિપોર્ટ અનુસાર, સોમવારે તેમની તબિયતમાં સુધારો થયો હતો અને હવે તે સારી સ્થિતિમાં છે. દરમિયાન, રશિયન અધિકારીઓ ગુનેગારને શોધવામાં વ્યસ્ત છે.

# લદ્દાખમાં ચીનના ભૌગોલિક પ્રદેશ સામે ભારતનો વિરોધ

(એજન્સી) લદ્દાખ | તા 04

લદ્દાખના કેટલાક વિસ્તારોને પોતાનો હોવાનો દાવો કરતા ચીન સામે ભારતે વિરોધ નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, ચીન તેના હોતાન પ્રાંતમાં બે નવા ભૌગોલિક પ્રદેશ (જીલ્લા) બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આનો કેટલોક ભાગ લદ્દાખમાં આવે છે. લદ્દાખ પર ચીનના ગેરકાયદે કબજાને ભારતે ક્યારેય સ્વીકાર્યું નથી. ચીનના નવા ભૌગોલિક પ્રદેશની જાહેરાતથી ભારતના સાર્વભૌમત્વ પર કોઈ અસર નહીં થાય. તેમજ આ વિસ્તાર પર ચીનના ગેરકાયદેસર અને બળજબરીપૂર્વકના કબજાને માન્યતા આપવામાં આવશે નહીં. અમે રાજદ્વારી માધ્યમો દ્વારા આ અંગે ફરિયાદ કરી છે. પ્રવક્તાએ કહ્યું કે, ભારતને આ નદીનું પાણી ડાઉનસ્ટ્રીમમાં મળે છે અને અમે તેનો ઉપયોગ કરીએ છીએ,

તેથી અમે રાજદ્વારી માધ્યમો દ્વારા ચીનની તરફ સતત ચિંતા વ્યક્ત કરી છે. અમે ચીની પક્ષને વિનંતી કરી છે કે આ પ્રવૃત્તિઓ દ્વારા બ્રહ્મપુત્રાના ડાઉનસ્ટ્રીમ રાજ્યોના હિતોને નુકસાન ન પહોંચાડે. રિપોર્ટ્સ અનુસાર ચીન તિબેટ વિસ્તારમાં દુનિયાનો સૌથી મોટો ડેમ બનાવી રહ્યું છે. આ ડેમ યાર્લુંગ ત્સાંગપો નદી પર બનાવવામાં આવશે. આ નદી ભારતમાં બ્રહ્મપુત્રા બને છે અને બાંગ્લાદેશમાં તેને જુમના નદી કહેવામાં આવે છે. ચીને હાલમાં જ આ ડેમ પ્રોજેક્ટને મંજૂરી આપી છે.

# ભયંકર મહામારીનો અડ્ડો બન્યું ચીન

(એજન્સી) વુહાન | તા 04

પાંચ વર્ષ પહેલા ચીનના વુહાનથી ઉદભવેલા કોરોના વાયરસે સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું હતું. અને હવે ફરી એકવાર ચીનમાંથી એક નવો વાઈરસ ફેલાઈ રહ્યો હોવાના અહેવાલ છે. હ્યુમન મેટાપ્યુમોવાયરસ (HMPV) નામનો આ વાયરસ કોવિડ-19 જેવા લક્ષણોનું કારણ બને છે, ખાસ કરીને નાના બાળકોમાં. આ પહેલીવાર નથી કે જ્યારે ચીનને આવી મહામારીનો સામનો કરવો પડ્યો હોય. વિશ્વનો બીજો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ચીન મહામારીના પ્રકોપનું કેન્દ્ર બની ગયું છે. પણ સવાલ એ છે કે આવું કેમ થાય છે? શા માટે ચીન વારંવાર આવા ખતરનાક રોગોનો સામનો કરે છે? નવેમ્બર 2002 માં, સાર્સ વાયરસ એટલે ચીનથી શરૂ થયો.

# શપથ પહેલા ટ્રમ્પ પર ઘેરાયા સંકટના વાદળ

## પોર્ન સ્ટાર કેસમાં કોર્ટ 10 જાન્યુઆરીએ સંભળાવાશે સજા



(એજન્સી) વોશિંગ્ટન | તા 04

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના શપથ ગ્રહણ પહેલા એક નવી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. NYT અનુસાર, પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને મોઢું બંધ રાખવા માટે પૈસા ચૂકવવાના કેસમાં ટ્રમ્પને 10 જાન્યુઆરીએ સજા સંભળાવવામાં આવશે. શુક્રવારે, આ કેસના જજ જુઆન માર્કોને કહ્યું કે ટ્રમ્પ સજા સંભળાવતી વખતે વ્યક્તિગત રીતે અથવા વર્ચ્યુઅલ રીતે કોર્ટમાં હાજર થઈ શકે છે. ગયા વર્ષે મે મહિનામાં મેનહટન કોર્ટે ટ્રમ્પ સામે 34 આરોપો ઘડ્યા હતા, જેમાં પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને મોઢું બંધ રાખવા માટે પૈસા આપવાનો આરોપ પણ સામેલ છે.

આ પૈસા એટલા માટે આપવામાં આવ્યા હતા કે સ્ટોર્મી ટ્રમ્પ સાથેના તેના સેક્સુઅલ રિલેશનને જાહેર ન કરે. ટ્રમ્પના પ્રવક્તા સ્ટીવન ચ્યુંગે આ નિર્ણયની નિંદા કરતા કહ્યું કે તે સુપ્રીમ કોર્ટના ઈમ્યુનિટી ડિસીજન અને કાયદાશાસ્ત્રનું સીધું ઉલ્લંઘન છે. આ ગેરકાયદે મામલો ક્યારેય કોર્ટમાં લાવવામાં આવ્યો ન હતો. બંધારણની માંગ છે કે તેને તાત્કાલિક ફગાવી દેવી જોઈએ. પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સે પણ પોતાના પુસ્તક 'ફુલ ડિસ્ક્લોઝર'માં ટ્રમ્પને મળવાનો ઉલ્લેખ કર્યો છે.

### જજે કહ્યું- 20 જાન્યુઆરી પહેલા ટ્રમ્પને સજા કરવી જરૂરી છે

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જજ જુઆન માર્ચેનનું કહેવું છે કે શપથ લીધા બાદ ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદથી મુક્ત કરવામાં આવશે. આથી કોર્ટ આ કેસમાં 20 જાન્યુઆરી પહેલા સજા સંભળાવે તે જરૂરી છે. મર્ચેને કહ્યું કે ટ્રમ્પ દોષિત ઠરે તો પણ તેમને કોઈ કાયદાકીય સજાનો સામનો કરવો પડશે નહીં. આ મામલો લગભગ પુરો થઈ ગયો છે. ટ્રમ્પના પ્રવક્તા સ્ટીવન ચેયુંગનું કહેવું છે કે આ ગેરકાયદેસર કેસને ક્યારેય કોર્ટમાં લાવવામાં આવ્યો ન હતો.

# સાયન્સ સિટી ખાતે 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ' યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ




અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ' (ભારતીય માનક મેળા) યોજવામાં આવ્યો. આ કાર્નિવલ વિજ્ઞાન શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ અમદાવાદ, સાયન્સ સિટી, અમદાવાદ અને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્નિવલના ઉદ્ઘાટન સમારંભમાં સાયન્સ અને ટેકનોલોજી વિભાગનાં અગ્ર સચિવ મોના ખંધારે જણાવ્યું હતું કે, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના ૭૮મા સ્થાપના દિવસના ઉપલક્ષ્યમાં સાયન્સ સિટી ખાતે 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને અત્યારથી સ્ટાન્ડર્ડ્સનું શું મહત્ત્વ છે? સ્ટાન્ડર્ડ્સ કેમ જરૂરી છે? તેમજ વિજ્ઞાન, ટેક્નોલોજી અને રોજિંદા જીવનમાં સ્ટાન્ડર્ડ્સ કેટલા ઉપયોગી છે, તેની સમજ બાળકોમાં અત્યારથી કેળવાય એ માટે આ 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ થકી બાળકોમાં ખૂબ સારી સમજ કેળવાશે, એવું તેમણે ઉમેર્યું હતું. આ આયોજન બદલ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સને અભિનંદન પાઠવતાં મોના ખંધારે કહ્યું કે, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ એ અત્યાર સુધીમાં ૨૫૦૦૦ જેટલા સ્ટાન્ડર્ડ્સ બનાવ્યા છે. આ ઉપરાંત હાલમાં પણ જ્યા જરૂર છે ત્યાં ઝડપથી ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ બનાવવાની પ્રકિયા ચાલી રહી છે. સાયન્સ સિટી ખાતે આયોજિત 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'માં સ્વાગત પ્રવચન આપતા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ અમદાવાદના ડાયરેક્ટર સુમિત સેંગરે જણાવ્યું હતું કે, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સનો ૬ જાન્યુઆરીએ ૭૮મો સ્થાપના દિવસ છે, એના ઉપલક્ષ્યમાં 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને માનક અને ગુણવત્તા પ્રત્યે જાગૃત કરવાનો છે, કેમ કે આ વિદ્યાર્થીઓ જ્યારે દેશનું ભવિષ્ય સંભાળશે ત્યારે તેઓ અગાઉથી માનક અને ગુણવત્તાના તમામ પાસાંઓથી અવગત હશે. આ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો ૨૦૪૭માં વિકસિત ભારતનો જે સંકલ્પ છે, એમાં આ પહેલ ઉપયોગી સાબિત થશે, એમ તેમણે ઉમેર્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, બીઆઇએસએ શૈક્ષણિક સંસ્થાઓમાં 'સ્ટાન્ડર્ડ ક્લબ'ની રચના કર્યા બાદ શિક્ષકો અને વિદ્યાર્થીઓને સભ્યો તરીકે સામેલ કરીને તેમજ યુવાનોને ગુણવત્તા માટે બ્રાન્ડ એમ્બેસેડર બનાવીને ગુણવત્તા વિશે જાગૃતિ લાવવા માટે એક પ્રશંસનીય પહેલ હાથ ધરી છે.

## ખાતમુર્હુત

### સંખેડા તાલુકાના નાગરવાડા થી ઝાપા ના નવીન બ્રિજનું ખાતમુર્હુત કરવામાં આવ્યું



કમલેશ પટેલ | સંખેડા

આજરોજ નાગરવાડા થી જાપા ગામના બ્રિજનુ ખાતમુર્હુત છોટાઉદેપુર લોકસભાના જનપ્રિય સાંસદ શ્રી જશુભાઈ રાઠવા અને 139 વિધાનસભાના લોકપ્રિય 108 ધારાસભ્ય અભેસિંગભાઈ તડવીના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી શ્રીમતી અરુણાબેન તડવી, જીતુભાઈ માછી, રાજુભાઈ તરબદા , બરોડા ડેરીના ડિરેક્ટર રમેશભાઈ બારીયા, ગામના સરપંચ શ્રી, ગામના આગેવાન ભરતભાઈ તડવી, મંગલસિંહ તેમજ ગામના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પુલની રકમ 592.32 લાખ જેને ટેન્ડરની અંદાજિત રકમ647.46 લાખ થાય છે ને કુલ લંબાઈ 96 મીટર 8 ગાળા તથા એપ્રોચ રોડની કામગીરી લીધેલ છે. જેથી નાગરવાડા અને જાપા ગામમાં કેટલા કિલોમીટરનું અંતર બચી જશે જેના લીધે વિદ્યાર્થી તેમજ આજુબાજુ ગામના લોકોને ઘણો મોટો ફાયદો થશે.

## રોજગાર

### 10 જાન્યુઆરીના રોજ નગરપાલિકા ટાઉનહોલ પાલનપુર ખાતે જીલ્લાકક્ષાનો રોજગાર ભરતીમેળો યોજાશે



માહિતી બ્યુરો | પાલનપુર

આગામી ૧૦ જાન્યુઆરીના રોજ સવારે ૦૯.૦૦ કલાકે નગરપાલિકા ટાઉન હોલ, જહાંઆરા બાગ, ફાયર સ્ટેશનની બાજુમાં, પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓ પાસે ખાલી રહેલ નોકરી માટેની જગ્યાઓ ભરવા માટે ભરતીમેળાનું આયોજન કરાયું છે. ખાનગીક્ષેત્રની કુલ ૧૦૯૪ ખાલી જગ્યાઓ પર કર્મચારીઓની પસંદગી માટે ૨૧ નોકરીદાતા હાજર રહેનાર છે. આ ભરતીમેળામાં ભાગ લેવા ઈચ્છુક ૧૮ થી ૩૫ વર્ષની ઉંમરના તેમજ એસ.એસ.સી./એચ.એસ.સી/આઇ.ટી.આઇ/ડીપ્લોમા/સ્નાતક/અનુસ્નાતકની લાયકાત ધરાવનાર પુરુષ તથા મહિલા ઉમેદવારોને તેમની ઉંમર,જાતિ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલ,આધાર કાર્ડની નકલ અને બાયોડેટાની ત્રણ થી ચાર નકલો સાથે સ્વ-ખર્ચે રૂબરુ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. આ ભરતી મેળા અંતર્ગત આપવામાં આવતી સેવા નિ:શુલ્ક છે. તેમ રોજગાર અધિકારીશ્રી (વ્ય.મા) પાલનપુર દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## કોમ્પિટિશન

### મોડાસા તાલુકા કક્ષાએ 'કુકીંગ કોમ્પિટિશન ફોર અલ્પાહાર' યોજાઇ

રાકેશ મહેતા | ધનસુરા



મોડાસા તાલુકામાં કુકિંગ કોમ્પિટિશનમાં મધ્યાહન ભોજનની સંચાલક બહેનો અને ભાઈઓએ ભાગ લીધો હતો. મોડાસા તાલુકામાં જિલ્લા સેવા સદન ખાતે આયોજિત કુકિંગ કોમ્પિટિશનમાં મધ્યાહન ભોજનની બહેનોએ પોતાની કુશળતાનું પ્રદર્શન કરીને સૌને ચોંકાવી દીધા છે. આ સ્પર્ધામાં કઠોળ અને સુખડીની વિવિધ વાનગીઓ બનાવવાનો સમાવેશ થતો હતો.મધ્યાહન ભોજનની બહેનોએ પોતાની કલાત્મકતા અને રસોઈની જુસ્સાને આ સ્પર્ધામાં ઉતારી હતી. તેમણે કઠોળની વિવિધ વાનગીઓ જેવી કે મિક્સ કઠોળ, ચણા, મગ, મઠ વગેરે અને સુખડીની વિવિધ પ્રકારની વાનગીઓ જેવી કે , સુખડીની બરફી રાગીની સુખડી,શીંગની સુખડી વગેરે બનાવી હતી. દરેક વાનગી પોતાનામાં અનોખી અને સ્વાદિષ્ટ હતી.આવી અનેક પ્રકારની વાનગીઓ મધ્યાહન ભોજનની બહેનો દ્વારા શાળાના બાળકો માટે બનાવવામાં આવે છે.જેમાં બાળકોને પૂરતું પ્રોટીન અને પૌષ્ટિક અલ્પાહાર મળી રહે એના માટેનું સુંદર આયોજન સરકાર દ્વારા કરવામાં આવે છે.

## નશામુક્તિ

### સુઈગામ કોલેજ ખાતે નશામુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



માહિતી બ્યુરો | પાલનપુર

સરકારી વિનયન કોલેજ, સુઈગામ ખાતે નશામુક્તિ અંગે એક અતિ મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરીના માર્ગદર્શન હેઠળ, કોલેજના એન્ટી-ડ્રગ ક્લબ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભરડવાના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નશામુક્તિ અંગેની વકતૃત્વ સ્પર્ધા રખાયો હતો જેમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ નશાના દુષ્પરિણામો અને નશામુક્ત જીવનના મહત્વ વિશે વાત કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનારા વિદ્યાર્થીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભરડવા દ્વારા આકર્ષક ઈનામો આપવામાં આવ્યા હતા. તમામ પ્રતિભાગી વિદ્યાર્થીઓને પણ પેન ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના ૧૧૧ વિદ્યાર્થીઓ, તમામ કોલેજ સ્ટાફ, ૦૨ મેડિકલ ઓફિસરશ્રીઓ અને આશાવર્કર બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં તબીબી અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, દર વર્ષે ગુજરાતમાં અને દેશમાં હજારો લોકો નશાને કારણે મૃત્યુ પામે છે. આવી સ્થિતિમાં આવા કાર્યક્રમો દ્વારા જાગૃતિ ફેલાવવી ખૂબ જરૂરી છે.

### ગોરવા ભાગવત કથાના આરંભ પૂર્વે પોથીયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયાં

કમલેશ પટેલ | સંખેડા



વડોદરા ગોરવા ગામ ખાતે ભાગવત કથાનો આરંભ પવિત્ર ધનુર માસ માં પુરુષોત્તમ શક્તિ મંડળના સહકારથી હરિધામ મંદિર સહયોગ સોસાયટી પાછળ બ્રહ્મા વિષ્ણુ મહેશ ડુપ્લેક્સ બાજુમાં ગોરવા ગામે ભાગવત કથાનો આરંભ થયો છે. ભાગવત કથાના આરંભ પૂર્વે પોથીયાત્રા નીકળી હતી જેમાં ગોરવા ઉપરાંત આસપાસના ગામના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.

વડોદરાના ગોરવા ગામમાં ભાગવત કથાનો આરંભ થયો છે. સમસ્ત ગોરવા ગામ દ્વારા ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલું છે. પહેલા દિવસે જ વ્યાસપીઠ ઉપર પરમ પૂજ્ય રૂપેશ સીતારામ સ્વમુખે કથાનું રસપાન કરાવવામાં આવ્યું. આ કથાનો આરંભ આજથી થયો છે. કથાના આરંભ પૂર્વે પોથી યાત્રા નીકળી હતી.

**જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા માછીમારોને**

### સરકાર શ્રી ની NFDP પોર્ટલ માં રજીસ્ટ્રેશન કરવા જાહેર કર્યો પરિપત્ર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



જાફરાબાદ મત્સ્યોદ્યોગ મદદનીશ કચેરી દ્વારા પરિપત્ર જાહેર કરી માછીમાર ભાઈઓને જણાવવામાં આવ્યું કે આવનાર સમય માં સરકારશ્રી ની તમામ સહાય NFDP પોર્ટલમાં જેનું રજીસ્ટ્રેશન કરાવેલ હશે તેઓને જ આપવાનું સરકારશ્રી ના વિચારણા હેઠળ છે. તો તમામ માછીમારો એ પોતાનું રજીસ્ટ્રેશન NFDP પોર્ટલ પર પોતાની રીતે અથવા ફિશરીઝ ગાર્ડ પાસે અથવા CSC સેન્ટર દ્વારા અચૂક કરાવી લેવા ખાસ સૂચના આપવામાં આવી છે.વધુમાં આવનાર સમયમાં ટોકન લેવા માટે કે ટોકનમાં ખલાસીના નામ ચડાવવા માટે તમામ ખલાસીનો મોબાઈલ આધારકાર્ડ સાથે ફરજિયાત લિંક કરાવવા પડશે તો જ તેમાં OTP આવશે ત્યારબાદ જ ટોકન લઈ શકાશે કે ખલાસીઓના નામ ટોકન માં ચડી શકશે. આ બાબત પણ વિચારણા હેઠળ છે. તમામે ફરજિયાત પોતાનું NFDP પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરાવી લેવું અને પોતાના મો. ને આધાર કાર્ડ સાથે લિંક કરાવી લેવા ખાસ સૂચના આપવામાં આવે છે.અન્યથા ભવિષ્યમાં ટોકન ના લઈ શકાય કે કોઈ ખલાસીનું નામ ટોકનમાં ના ચડે તેના માટે સ્વયં પોતે જ જવાબદાર રહેશે.જેની દરેક માછીમારે ખાસ ગંભીર નોંધ લેવા Assistant Director of Fisheries Jafrabad દ્વારા પરિપત્ર જાહેર કરી સરકાર શ્રી ની વિવિધ યોજના માટે NFDP પોર્ટલ માં રજીસ્ટ્રેશન કરવા માટે જાન કરવામાં આવી છે.

# જાફરાબાદમાં પોસ્ટ ઓફિસની બાજુમાં લાખોના ખર્ચે બનાવેલી શૌચાલય નર્કાગાર જેવી હાલતમાં

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



જાફરાબાદ ની પોસ્ટ ઓફિસ ની બાજુમાં આવેલ શૌચાલય ગંદકીથી ખદબદી રહીં હોય પરંતુ જવાબદાર અધિકારી ના ધ્યાન ઉપર ક્યારે આવશે ?? અહીં આવતા પોસ્ટ ઓફિસ ના ખાતાં ધારકો આ દુર્ગંધ મારતી શૌચાલય થી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. પરંતુ પાલિકાના સેનીટેશન વિભાગ દ્વારા આંખ આડા કાન કરી રહ્યા હોય તેવું જોતા લાગી રહ્યું છે. આ પોસ્ટ ઓફિસ ની શૌચાલય ની અંદર પ્રવેશવાથી એટલી દુર્ગંધ મારી રહીં હોવાથી લોકોને ઉલટી થઈ જાય તેવી દુર્ગંધ આવી રહી છે. પરંતુ પાલિકા દ્વારા શૌચાલય ની સાફસફાઈ કરવામાં આવતી નથી અખબાર ના માધ્યમથી સમાચારો પ્રસિદ્ધ થાય ત્યારબાદ જવાબદાર અધિકારી આળસ મરડી થોડી ઘણી સાફસફાઈ કરી પાણી ઢોળી ફોટા સેશન કરી ઉચ્ચ અધિકારીઓ ના મોકલી દેવામાં આવે છે. પરંતુ શૌચાલય ગંદકી થી ખદબદી રહીં હોય છે. ચેમ્બરમાંથી બહાર નીકળી જવાબદાર અધિકારી જોવા તથા ડોકાવા પણ આવતા નથી નાગરિકો વિવિધ કરવેરા ભરવા છતાં દુર્ગંધ મારતાં ઉકળડાઓ ખદબદતી શૌચાલય જોવા મળે છે. શહેરીજનો પાલિકાની નિષ્ક્રિયતાથી ત્રાહિમામ શહેરીજનો પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ સારી એવી સુવિધા આપવામાં પાલિકા નિષ્ફળ જાહેર શૌચાલયો દેશી દારૂ ની કોથળી ઓથી ખદબદતી રહ્યા શૌચાલય બંદર ચોકમાં આવેલ યુરીનલ બ્લોક શૌચાલય કે જ્યાં આમજનતા તથા મુસાફરો વેપારીઓ માટે ની શૌચાલય હોય પરંતુ તેમાં યુરીનલના દેશી દારૂની કોથળી ઓથી ખદબદી રહેલી અને દુર્ગંધ મારતુ શૌચાલય ની પાલિકા ના જવાબદાર અધિકારી દ્વારા સાફસફાઈ કરવામાં પણ આવતું ન હોવાથી નાગરિકો પાલિકા ની નિષ્ક્રિયતાથી ત્રાહીમામ પોકારી ઊઠ્યા છે.

### વાઘોડિયાથી વડોદરા તરફ જતા બાઇક ચાલક ને ઢોરે અડફેટેમાં લેતા બાઇક સવારનું મોત

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા થી વડોદરા તરફ જતા બે સવારી બાઇક ચાલક ને રખડતા ઢોરે અડફેટે માં લેતા બાઇક સવાર ઉછળી ને રોડ પર પટકાતા ગંભીર ઈજાઓ ના કારણે બાઇક ચાલક નું ઘટનાસ્થળે મૃત્યુ નીપજ્યું હતું વાઘોડિયા નજીક આવેલ ગુગલીયાપુરા ગામે રહેતા મૂળ દાહોદ ના બે યુવાનો કડીયા કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા જેમણે કાપડીયા કામ ની લગતી સામગ્રી અંગે વાઘોડિયા નગર ની દુકાને ખરીદવા જતી વેળા એ વાઘોડિયા મધ્ય ગુજરાત વીજ કંપની ની કચેરી પાસે માર્ગે એકાએક રખડતું ઢોર આવી ચડતા બાઇક સવાર ને શિગડે ભેરવતા બાઇક ચાલક ઉછળી ને રોડ પર પટકાતા ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે બાઇક પર અન્ય ઇસમ ને પણ ઓછી વતી ઈજાઓ પહોંચતા તેને નજીક ના હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો છે.

### વઘઈ - સાપુતારા | કાર - બાઈક વચ્ચે અકસ્માત, બાઈક ચાલકનું મોત



ડાંગ | તા.04

ડાંગ જિલ્લાનાં વઘઈ - સાપુતારા રોડ પર એક મોટરસાયકલ ઉપર ત્રણ સવારી બેસાડી મોટરસાયકલ ચાલકે મોટરસાયકલને પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી કારને ટક્કર મારી દેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.જેમાં મોટરસાયકલ ચાલકનું મોત નિપજ્યું હતુ.ડાંગ જિલ્લાના વઘઈ - સાપુતારા રોડ ઉપર આવેલ દેવીપાડા ગામથી આગળ હનુમાનજી મંદિરથી આગળ રોડ ઉપર મોટર સાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ ઉપર બીજા ઈસમોને ત્રણ સવારી બેસાડી રોડની તેના પોતાની સાઈડની લેન છોડીને પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી કિયા ગાડીને અથડાવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

### વાઘોડિયા તાલુકાના ગામના યુવકનો મૃતદેહ તળાવમાંથી મળી આવતા ચકચાર

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના ગામે રહેતા યુવક નો મૃતદેહ ના તળાવમાંથી મળતા ચકચાર મચી જવા પામી ગુતાલ ગામ નો રહીશ મહેન્દ્રસિંહ ગણપતભાઈ પરમાર ઉ વર્ષ 25 પોતાના કાકા ને ત્યાં રહીને ઘરકામ ની મદદ કરતા હતા ગુરુવારે સવારે 7-30 વાગેમહેન્દ્ર શોચક્રિયા માટે ગામના તળાવ પાસે ગયો હતો ત્યારબાદ મહેન્દ્ર પરત ન ફરતા પરીવાર જનો એ શોધખોળ આરંભી હતી ત્યાર બાદ 10-30ની આસપાસ ગામના વ્યક્તિ ની નજર તળાવના કિનારે પડતા યુવકની તરતી લાશ જોવા મળતા તે વ્યક્તિ એ ગુમ થયેલા મહેન્દ્ર ના પરીવારજનો જાત કરતા તરત જ ગામના તળાવે આવી જોતા મહેન્દ્ર નો મૃતદેહ છે ની ખાતરી કરતા મહેન્દ્ર ના પરીવારજનો એ વાઘોડિયા પોલીસ સ્ટેશન ની હદ માં આવતા આજવા આઉટ પોસ્ટ પોલીસ ચોકી એ જાણ કરતા આજવા આઉટ પોસ્ટ ના જમાદારે મહેન્દ્ર નો મૃતદેહ કબજે કરી જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપેલ.

# આણંદ કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ રાજ્યપાલની અધ્યક્ષતામાં યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓને પ્રાકૃતિક કૃષિ માટે વિવિધ સંશોધનો હાથ ધરી મહત્તમ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરિત કરવા આહ્વાન કર્યું છે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે જમીન બિનઉપજાઉ બની છે અને જમીનના ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઘટ્યું છે. માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ સામે ગંભીર પડકારો ઊભા થયા છે. આ તમામ સમસ્યાઓનો ઉકેલ એક માત્ર પ્રાકૃતિક કૃષિ છે.આણંદ કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ આજે રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આણંદ ખાતે યોજાયો હતો. આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલે વિવિધ વિદ્યાશાખાના ૫૮૦ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી તથા ૪૩ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે સુવર્ણચંદ્રક એનાયત કર્યા હતા. રાજ્યપાલશ્રીએ શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ સંશોધનકર્તા અને શ્રેષ્ઠ વિસ્તરણકર્તાનું બહુમાન કર્યું હતું. તેમણે યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલનું વિમોચન પણ કર્યું હતું. કાર્યક્રમમાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ વર્ચ્યુઅલી જોડાયા હતા.ગુજરાતનું પ્રાકૃતિક કૃષિ અભિયાન હવે 'રાષ્ટ્રીય મિશન' બની ગયું છે તેમ જણાવતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, PM મોદીએ દેશને વિવિધ ક્ષેત્રે વિશ્વ પટલ પર આગળ વધારવા સાથે કૃષિ અને પશુપાલનના વિકાસ માટે નિર્ણયો લીધા છે.

## પુસ્તક વિમોચન

### જેતપુરની કંસારા સમાજની નવોદિત લેખિકા નેન્સી સોલંકીની પ્રથમ નવલકથા "અનકહી"નું સોમવારે વિમોચન કરાશે



મહેશ એલ.સોની | નખત્રાણા

શ્રી મારૂ કંસારા જ્ઞાતિની નેન્સી સોલંકીની પ્રથમ નવલકથા 'અનકહી' નું સોમવારે વિમોચન કરવામાં આવનાર છે. મજાની વાત એ છે કે સાહિત્ય ક્ષેત્રમાં આ અગાઉ નેન્સીની કોઈ કૃતિ કોઈ અખબાર કે મેગેઝિનમાં હજુ સુધી પ્રકાશિત થયેલ નથી છતાંય સાહિત્યના મેદાન માં પ્રથમ વખત એક 'સિક્સર' મારી એક હિન્દી નવલકથા 'અનકહી' લખીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે.

વિષયને અનુરૂપ નવલકથામાં આગળના પાને એમાં હવે શું હશે ?... એવી ઉત્કંઠા જાળવી રાખી એનું આબેહૂબ ચિત્રણ કરવું એ ખૂબ અઘરી વાત છે. પણ નેન્સી પોતાની નવલકથામાં વાચકોની ઉત્કંઠા વધારવામાં સફળ થશે એવી અહિના સાહિત્ય પ્રેમીઓએ જણાવ્યું હતું.

જૂનાગઢના પરગણા એવા જેતપુરના હર્ષાબેન દિલીપ ભાઈ સોલંકીની પુત્રી નેન્સી આમતો હાલ નોબેલ યુનિવર્સીટી જૂનાગઢમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે પોતાની ફરજ નિભાવી રહી છે. અને પોતાની freelance digital marketing agency પણ ચલાવી રહી છે. જેમાં તે વિદ્યાર્થીઓને ડિજિટલ માર્કેટિંગ જેવા વિષયો વિશે માર્ગદર્શન આપી રહી છે.

નેન્સીએ 2024 માં UGC NET ની પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરી છે. નેન્સી શિક્ષણમાં વિદ્યાર્થી ઓની સાથે સંવાદાત્મક અને વ્યવહારિક અભિગમ માટે જાણીતી છે. તેમજ ડિજીટલ માર્કેટિંગ વ્યવહાર માટે પણ કુશળતા ધરાવે છે. જેમાં SEO , સોશીયલ મિડીયા માર્કેટિંગ અને કન્ટેન્ટ ક્રિયેકશન સામેલ છે. નેન્સી ની પ્રથમ નોવેલ 'અનકહી' જીવનના ભાવાત્મક અને માનસિક ચડાવ ઉતાર થી રૂબરૂ કરાવે છે. આ નોવેલ દ્વારા તેણીની પ્રબળ પ્રતિબદ્ધતા અને સમાજ માટે સકારાત્મક પ્રભાવ પાડવા માટેની ઈચ્છા દર્શાવી રહી છે.

## વર્કશોપ

### બનાસકાંઠામાં પીસી-પીએનડીટી એક્ટ અંગે જાગૃતિ વર્કશોપ યોજાયો

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જીલ્લામાં પીસી અને પીએનડીટી એક્ટ અંગે જાગૃતિ ફેલાવવા અને તેના અમલીકરણને વધુ મજબૂત બનાવવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જિલ્લાના તમામ સોનોગ્રાફી ધારક ડોક્ટરોને એક્ટ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ વર્કશોપમાં પીસી અને પીએનડીટી એક્ટના નિષ્ણાત વકીલ વિપુલભાઈ કંસારાએ એક્ટની વિવિધ જોગવાઈઓ અને તેના અમલીકરણ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ, સુરજ હોસ્પિટલના ડૉ. ગીરધરભાઈ પટેલે સોનોગ્રાફી મશીનોના રીન્યુઅલ, રજિસ્ટરોની જાળવણી અને સ્વચ્છતા અંગે ઉપસ્થિત ડોક્ટરોને માર્ગદર્શન આપ્યું હતું.

વર્કશોપમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. બી.બી. સોલંકીએ ઉપસ્થિત તમામ ડોક્ટરોને પીસી અને પીએનડીટી એક્ટનું પાલન કરવા અને લાભાર્થીઓને કાયદાકીય જોગવાઈઓ મુજબ સેવાઓ આપવા અપીલ કરી હતી.

આ વર્કશોપમાં જિલ્લાના વિવિધ ભાગોમાંથી મોટી સંખ્યામાં સોનોગ્રાફી ધારક ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપના અંતે ડૉ. તપન ગાંધીએ ઉપસ્થિત તમામ ડોક્ટરોનો આભાર માની વર્કશોપને પૂર્ણ કર્યો હતો.

## મૌનરેલી

### માંડવીના ગોધરા ગામે દલિત યુવતીની હત્યા : યુવતીને ન્યાય અપાવવા આજે ભૂજ ખાતે મૌનરેલી યોજાઇ

મહેશ એલ.સોની | નખત્રાણા



કચ્છના માંડવી તાલુકાના ગોધરા ગામે દલિત યુવતીના એકતરફી પ્રેમમાં અંધ બનેલા યુવાને વહેલી સવારમાં યુવતની હત્યા કરી દેતા યુવતીને ન્યાય અપાવવા આજે ભુજ મધ્યે યોજાયેલી મૌનરેલીમાં તમામ સમાજના લોકો વિશાળ સંખ્યામાં જોડાઈ દિકરી ને ન્યાયની મળે એવી માંગણી કરી હતી. આજે ભુજ મધ્યે યોજાયેલી વિશાળ રેલી માં દરેક સમાજના મોટી સંખ્યામાં લોકોની સાથે સાધુ સંતો પણ જોડાયા હતા.

આ રેલીમાં મહિલાઓ વિશાળ સંખ્યામાં જોડાઈ ને મૃત્યુ પામનારા ગૌરી ગરવાને ન્યાય અપાવવા તેમજ ગરવા સમાજની દિકરીને બહેરેમીથી રહેંસી ક્રૂર હત્યા કરનાર આરોપીને ફાંસીની સજા અપાવવા કરી માંગ રેલી માં કરવામાં આવી હતી. આ રેલીમાં દિકરીઓને સુરક્ષા આપો ,બેટી બચાઓ, દેશ બચાઓ, ગૌરીકે હત્યારો કો ફાંસી દો ના બેનરો નજરે પડ્યા હતા.

મૌનરેલી યોજાયા બાદ કચ્છ કલેકટરને આવેદન પત્ર પાઠવી મૃત્યુ પામનાર દિકરી ગૌરી ગરવાને ન્યાય આપવાની માંગ કરાશે . આ રેલીમાં કચ્છ મોરબીના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ગાંધીધામ ના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી સાથે મોટી સંખ્યામાં અગ્રણીઓ પણ જોડાયા હતા.

## ભરતી

### 20 જાન્યુઆરીના રોજ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફીસ,પાલનપુર ખાતે વોક-ઇન ઇન્ટરવ્યુ યોજાશે

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ (PLI) / રુરલ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ (RPLI) અંતર્ગત એજન્ટ તરીકે કામ કરવા ઈચ્છતા ઉમેદવારોએ પોતાના બાયોડેટા સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ઉંમરનું પ્રમાણપત્ર, આધાર કાર્ડ, પાનકાર્ડ, શૈક્ષણિક લાયકાત અંગેના અસલ પુરાવા અને દરેકની ખરી નકલ સાથે તા.૨૦.૦૧.૨૦૨૫ ના રોજ પહેલો માળ, સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફીસ, બનાસકાંઠા વિભાગની કચેરી, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર ખાતે સવારે ૧૧:૦૦ કલાકે હાજર રહેવું.

શૈક્ષણિક લાયકાત,ધોરણ ૧૦ પાસ અને ૧૮ વર્ષથી ઉપરના રહેશે. બનાસકાંઠા જીલ્લાના રહેવાસી, કમ્પ્યુટરની જાણકારી ધરાવનાર, સ્થાનિક જગ્યાઓના જાણકારને પ્રાથમિકતા આપવામાં આવશે. કોઈપણ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં કામ કરતા એજન્ટ આવકાર્ય નથી. પંસદગી થયેથી રૂ.૫૦૦૦/- (NSC/KVP) સિક્યુરિટી ડીપોઝીટ પેટે ભરવાના રહેશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

સિટી એક્સપ્રેસ
SUNDAY 05 JANUARY-2025
AHMEDABAD

## બાવળામાં ગટરનું તૂટેલું ઢાંકણુ તેમજ કુંડી દુર્ઘટના નોતરશે

બાવળા | બાવળામાં ગર્લ્સ સ્કુલ રોડ ઉપર વરસાદી પાણીનો નિકાલ નહીં થતો હોવાથી દર વર્ષે આ રોડ ઉપર ઢીંચણસમા પાણી ભરાઈ જાય છે.જેથી પાલિકા તંત્ર દ્વારા ગયા વર્ષે વરસાદી પાણીનાં નિકાલ માટે લાખો રૂપિયાનાં ખર્ચે ધોળકા રોડથી ગર્લ્સ સ્કૂલ ચોકડી સુધી અંડરગ્રાઉન્ડ ગટર નાંખવામાં આવી છે.જેમાં આ રોડ પર ગટરનું ઢાંકણુ તૂટી જતાં અહીંથી પસાર થતા લોકો અને વાહનચાલકોમાં અકસ્માતની દહેશત છે. આ અંડરગ્રાઉન્ડ ગટરનું કામ કોન્ટ્રાકટરે એકદમ હલકી કક્ષાનું કર્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

## આગામી બે દિવસ ઠંડીમાં આંશિક રાહત યથાવત્ રહેશે

ગાંધીનગર | ગાંધીનગરમાં ભર શિયાળે ગત મહિનામાં કમોસમી વરસાદ પડ્યો હતો. ગાંધીનગર સહિતના વિસ્તારોમાં અમુક દિવસથી ઠંડીની ઓછી અસર વર્તાઈ રહી છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં ઠંડી અને વાતાવરણને લઈને આગાહી કરી છે. જેમાં આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ તફાવત ન હોવાની આગાહી કરી છે. આ પછી તાપમાનમાં 2-3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. આજે ગાંધીનગરમાં તાપમાનનો પારો 16 ડિગ્રી નોંધાયો છે. સમગ્ર ગુજરાતમાં આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નથી.



# રાજકોટથી ખેલ મહાકુંભનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટથી ખેલ મહાકુંભ 3.0નો શુભારંભ કરાવ્યો હતો. ત્યારે મુખ્યમંત્રીની સાથે રમતગમત મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ રાજ્યકક્ષાના તૃતીય રમતોત્સવ માટે 71 લાખ 30 હજારથી વધુ રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલ મહાકુંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મહત્વનું છે કે, રાજ્યના યુવાનો રમત ગમત ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરે તે આશયથી વર્ષ 2010માં સરકાર દ્વારા ખેલ મહાકુંભ શરૂ કરવામાં આવ્યો હતો ત્યારે આ વખતે આ ખેલ મહાકુંભમાં રેકોર્ડબ્રેક ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ત્યારે આજે રાજકોટથી રાજ્યવ્યાપી ખેલ મહાકુંભ 3.0નો પ્રારંભ થયો છે. જાણકારી મુજબ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તેમજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત ખેલ મહાકુંભ 3.0નો શુભારંભ સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સ મેદાન ખાતે આજે સાંજે 5.30 વાગ્યાથી શરૂ કરવામાં આવ્યો છે. આ ખેલ મહોત્સવમાં રાજયભરમાંથી અસંખ્ય ખેલાડીઓ જુદી જુદી ઈવેન્ટમાં ભાગ લેવા માટે આવનાર છે. ત્યારે આ માં ભાગ લેનાર વિજેતા શાળાઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે. જેમાં ભાગ લેનારને 45 કરોડ સુધીના ઈનામો જીતવાની તક અન્ય યોજનાનો લાભ પણ મળશે.



ભાગ લેનાર વિજેતા શાળાઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે

### દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલ મહાકુંભનું આયોજન

ખેલ મહાકુંભ 3.0માં શારિરીક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, વોલીબોલ અને સ્વીમીંગમાં ભાગ લઇ શકશે. માનસિક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, સાયકલીંગ, બોચી, વોલીબોલ, બાસ્કેટબોલ, સ્વીમીંગ, રોલર સ્કેટીંગ, હેન્ડબોલ, ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ક્રિકેટ, ફૂટબોલ, સોફ્ટબોલ જેવી રમતોમાં ભાગ લઈ શકશે. અંધજન દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસ, બહેરામુંગા દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસ, વોલીબોલ તેમજ સેરેબલ પાલ્સી દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, રમતમાં ભાગ લઇ શકશે.

# BZ ગ્રૂપના કૌંભાડી ભૂપેન્દ્રસિંહ ઝાલાના કોર્ટે વધુ 3 દિવસના રિમાન્ડ કર્યા મંજૂર

(એજન્સી) અમદાવાદ | તા 04

મહાઠગ ભૂપેન્દ્રસિંહ ઝાલાના વધુ 3 દિવસના રિમાન્ડ આજે કોર્ટે મંજૂર કર્યા હતા,અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ઝાલાના રિમાન્ડ મંજૂર કર્યા છે,બીજી તરફ સીઆઈડી ક્રાઈમે ઝાલાના 6 દિવસના રિમાન્ડ માંગ્યા હતા અને કોર્ટે 3 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાની વાત સામે આવી છે,રિમાન્ડ પૂર્ણ થતા ભૂપેન્દ્ર ઝાલાને કોર્ટમાં કરાયો હતો રજૂ.. કોર્ટે અગાઉ તેના સાત દિવસના રિમાન્ડ,ઝાલા મહેસાણાના દવાડા ગામની સીમમાં આવેલા એક ફાર્મ હાઉસમાંથી ઝડપાયો હતો.



બીઝેડ ગ્રૂપની ઓફિસની આસપાસ જેટલી દુકાનો આવેલી છે તે લોકોના પણ નિવેદન લેવામાં આવ્યા છે

### દુકાન માલિકનું ફરથી CID ક્રાઈમે લીધું નિવેદન

પ્રાંતિજની બીઝેડની ઓફીસ ફરીથી ખોલીને સીઆઈડી ટીમ દ્વારા દુકાન માલિકનું ફરીથી નિવેદન લેવામાં આવ્યું છે અને અન્ય લોકોની પણ પૂછપરછ કરવામાં આવી છે,દુકાનમાં કોણ આવતુ હતુ અને કોણ જતું હતુ કયારે દુકાન ખુલતી હતી અને બંધ થતી હતી તેને લઈ તપાસ હાથધરી છે,મુખ્ય એજન્ટ નિલેશ પટેલ ફરાર થઈ ગયો છે જેને લઈ સીઆઈડી ક્રાઈમ તપાસ કરી રહી છે.

### પૂછપરછમાં થયા અનેક ખુલાસા

ઝાલાની પૂછપરછમાં તેના બેંક અકાઉન્ટથી માંડીને તેણે કોને કોને મોંઘીદાટ ગિફ્ટસ આપી હતી. મોંઘાદાટ મોબાઈલ્સ આપ્યા હતા, કઈ રીતનું રોકાણ કર્યું હતું, કોણે કોણે તેમાં રોકાણ કર્યું હતું, આ તમામ બાબતોને લઈને પૂછપરછ કરવામાં આવી, જેમાં મોટા ખુલાસાઓ થઈ ચૂક્યા છે અને હજુ વધુ રિમાન્ડની માગણી સીઆઈડી ક્રાઈમ કરી શકે છે.

## પકવાનથી ઈસ્કોન સર્કલ વચ્ચેનો રોડ ડસ્ટ ફ્રી બનશે

# SG હાઈવેને ડસ્ટ ફ્રી કરવાના પાયલોટ પ્રોજેક્ટનો ભાગ, સફેદ શર્ટ પહેર્યું હોય તો પણ ડાઘ નહીં પડવાનો દાવો

(એજન્સી) અમદાવાદ | તા 04

સરખેજથી ગાંધીનગર સુધીના સંપૂર્ણ એસજી હાઈવેને ડસ્ટ ફ્રી બનાવાશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે હાલમાં ઈસ્કોનથી પકવાન સર્કલ વચ્ચેનો અંદાજે પોણા બે કિમીના રૂટ પર કામગીરી શરૂ થઈ ગઈ છે. મ્યુનિ., ઔડા, ગુડા અને નેશનલ હાઈવે ઓથોરિટી મળી આ પ્રોજેક્ટ ચાલવશે.

પકવાનથી ઈસ્કોન સર્કલ સુધીનો રોડ ડસ્ટ ફ્રી કરવાની કામગીરી 8 મહિનામાં પૂરી થશે. એવો દાવો કરવામાં આવે છે કે, સફેદ શર્ટ પહેરીને આ રૂટ પર નીકળો તો પણ ડાઘ પડશે નહીં. એસજી હાઈવે પર મુખ્ય રોડ અને સર્વિસ રોડ વચ્ચેની જગ્યામાં કાફે, ગાર્ડન, વોકવે, સાઈકલ ટ્રેક જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે. લોકો વાહનો યોગ્ય રીતે પાર્ક કરી શકે અને ટ્રાફિક ન થાય તે માટે સર્વિસ રોડ અને ડેવલપ થનારા એરિયા વચ્ચે પાર્કિંગની સુવિધા ઊભી કરવામાં આવસે. 1 કિલોમીટર ડસ્ટ ફ્રી રોડ તૈયાર કરવા માટે અંદાજે 25થી 30 લાખ ખર્ચ થશે. ધૂળિયા રોડથી લોકોને બચાવવા પહેલીવાર મુખ્ય રોડ પર આ પ્રકારનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.




પ્રોજેક્ટના ભાગરૂપે એસ.જી. હાઈવે પર રોડની સાઈડમાં આવેલા કાફે, રેસ્ટોરાં કે લારીઓ હટાવવામાં આવશે. નવા પ્રોજેક્ટમાં મુખ્ય રોડ અને સર્વિસ રોડ વચ્ચે બનનારી કાફે અને રેસ્ટોરાંનું કદ નાનું રાખવામાં આવશે. આ ઉપરાંત જગ્યાનો ઉપયોગ લોકોને ઉપયોગી થાય તે પ્રકારની સુવિધાઓ ઊભી કરવાનો છે. મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા અનુસાર જે રીતે એરપોર્ટ રોડને આઈકોનિક રોડ તરીકે ડેવલપ કરવામાં આવ્યો છે એવી જ રીતે એસજી હાઈવેનો વિકાસ કરાશે. પહેલા તબક્કાની કામગીરી શરૂ થઈ ગઈ છે. લોકો માટે ઉપયોગી સુવિધા સ્થપાશે. હાલના એસ.જી હાઈવેની સાઈડમાં જગ્યા ખાલી છે. આ જગ્યાને કારણે ધૂળ ઉડવાની સમસ્યા ઉભી થાય છે. નવા પ્રોજેક્ટમાં આ જગ્યામાં લોકોને ઉપયોગી વિવિધ સુવિધા ઊભી કરાશે. ત્યારબાદ કોર્પોરેશનનો સર્વિસ રોડ તૈયાર કરાશે, સાથે આ જ રોડ પર પાર્કિંગની સુવિધા પણ રહેશે. ત્યારબાદ રહેઠાણનો વિસ્તાર હોવાથી ત્યાં વોલ રહેશે. જેથી ધૂળ આવવાનો કોઈ મુદ્દો ઊભો થશે નહીં.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેકનિકલ સુપરવાઈઝર ભરતીકાંડ મુદ્દે કોંગ્રેસનો ઉગ્ર વિરોધ



અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગ માટે 93 ટેકનિકલ સુપરવાઈઝરની ભરતીકાંડમાં હેડક્લાર્કને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે, ત્યારે AMC ટેકનિકલ સુપરવાઈઝર ભરતીમાં કૌભાંડ મામલે અમદાવાદમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો. આ વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના મોટા નેતા સહિત સ્થાનિક કાર્યકરો જોડાયા હતા અને ભરતી કૌભાંડમાં સંડોવાયેલા શખસો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટેકનિકલ સુપરવાઈઝરોની ભરતી પ્રક્રીયા સમયે ત્રણ ઉમેદવારોને મળેલા માર્કસમાં ચેડાં કરાયેલા તપાસમાં જણાઈ આવતા આ ત્રણે ઉમેદવારોને આપવામાં આવેલી પ્રોબેશન ઉપરની નિમણૂંક રદ કરવામાં આવી હતી. ઉપરાંત સેન્ટ્રલ ઓફિસમાં ફરજ બજાવતા હેડકલાર્ક પુલકીત સથવારાને સસ્પેન્ડ કરી ખાતાકીય તપાસ શરુ કરવામાં આવી હતી.

### ટેકનિકલ સુપરવાઈઝર ભરતી મામલે કોંગ્રેસનો વિરોધ

કૌભાંડને લઈને કોંગ્રેસના નેતાઓએ આજે શનિવારે વિરોધ પ્રદર્શન કર્યો હતો. જ્યારે સમગ્ર મામલે અમદાવાદ મેયર પ્રતિભા જૈન દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને જવાબદાર કોર્પોરેશનના અધિકારી સામે કાર્યવાહી કરવા જણાવ્યું. પત્રમાં લખ્યું હતું કે, 'હેડકલાર્ક સિવાય મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઉપરની કેડરમાં ફરજ બજાવતા અધિકારીઓની ભૂમિકા અંગે પણ તપાસ થવી જરુરી છે.

## અમદાવાદ સ્ટેશન પર

## પ્રસ્તાવિત બ્લોકને કારણે કેટલીક મેમુ/પેસેન્જર ટ્રેન સેવાઓ અમદાવાદ-વટવા વચ્ચે આંશિક રદ રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસના કામના સંદર્ભમાં આરએલડીએ દ્વારા પ્રસ્તાવિત બ્લોકને કારણે 10 જાન્યુઆરી 2025 થી આગળની સૂચના સુધી અમદાવાદ-વડોદરા વચ્ચે દોડતી મેમુ/પેસેન્જર ટ્રેન સેવા અમદાવાદને બદલે વટવા સ્ટેશનથી ચાલશે. તદનુસાર, કેટલીક ટ્રેનોના આગમન/પ્રસ્થાનના સમયમાં ફેરફાર થશે. જેની વિગતો નીચે મુજબ છે.શોર્ટ ઓરીજીનેટ થનારી ટ્રેનો (1.) 10 જાન્યુઆરી, 2025 થી ટ્રેન નંબર 69108 અમદાવાદ-વડોદરા મેમુ અમદાવાદને બદલે વટવાથી 07:30 કલાકે ઉપડશે અને 10:20 કલાકે વડોદરા પહોંચશે.(2.) 13 જાન્યુઆરી, 2025 થી ટ્રેન નંબર 69114 અમદાવાદ-વડોદરા મેમુ અમદાવાદને બદલે વટવાથી 05:40 કલાકે ઉપડશે.(3.)10 જાન્યુઆરી, 2025 થી ટ્રેન નંબર 69102 અમદાવાદ-વડોદરા મેમુ અમદાવાદને બદલે વટવાથી 17.40 કલાકે ઉપડશે અને 20.15 કલાકે વડોદરા પહોંચશે.

# રાજ્યભરમાં ચકચાર જગાવનાર ચાંદની હત્યા કેસનો આરોપી પાલારા જેલમાંથી ફરાર

(એજન્સી) અમદાવાદ | તા 04

રાજ્યમાં ભારે ચકચાર જગાવનાર ચાંદની હત્યા કેસમાં શહેરની ખાસ ગણાતી પાલારા જેલમાં છેલ્લા સાડા પાંચ વર્ષથી સજા ભોગવી રહેલો જુનાગઢનો પાકા કામનો કેદી ફરાર થઇ ગયો છે આરોપી હાઈકોર્ટના હુકમથી સાત દિવસના વચગાળાના જામીન પર મુક્ત થયો હતો જે બાદ પરત હાજર ન થતા તેને શોધવા પોલીસ વિભાગ દોડતું થયું છે. પ્રાપ્ત વિગતો મુજબ મુળ જુનાગઢના બીલખા રોડ પર રહેતો આરોપી મહેશ ઉર્ફે ભદો મુળજી ચૌહાણ ભુજની પાલારા જેલમાં છેલ્લા સાડા પાંચ વર્ષથી હત્યા અને બળાત્કારના ગુનાની સજા ભોગવતો હતો.આરોપી મહેશે સહ આરોપી મોહન હમીર ગોહેલ સાથે મળી વર્ષ 2007 માં જુનાગઢની ઉપલા દાતારની તળેટીમાં બનાવને અંજામ આપ્યો હતો.રાજકોટની 15 વર્ષીય ચાંદની અને તેની બહેનપણીને જંગલમાં લઇ જઈ ચાંદનીની હત્યા નીપજાવી તેની બહેનપણી પર બળાત્કાર કર્યો હતો. જે ઘટનાના રાજ્યભરમાં ઘેરા પડઘા પડ્યા હતા.જે ગુનામાં પાકા કામના કેદી તરીકે રહેલો આરોપી મહેશ હાઈકોર્ટના હુકમથી સાત દિવસના વચગાળાના જામીન પર છુટ્યો હતો.26 નવેમ્બરના પાલારા જેલમાંથી નીકળ્યા બાદ આરોપીને 4 ડીસેમ્બરના પાલારા જેલમાં પરત હાજર થવાનું હતું.પરંતુ આરોપી જેલમાં હાજર ન થઈ ફરાર થઈ ગયો હતો.જેથી પાલારાના જેલર ગ્રુપ-2 ના એ.જી.વ્યાસે આ મામલે ભુજ શહેર બી ડીવીઝન પોલીસ મથકે પ્રિઝન એક્ટ તળે ગુનો નોધાવ્યો છે.આરોપીને ઝડપી લેવા જુનાગઢ એ ડીવીઝન પોલીસ મથકે પણ જાણ કરવામાં આવી છે.

## ગાંધીનગરમાં તસ્કરોનો તરખાટ

## પાર્ક કરેલી કારના દરવાજાના કાચનું રબ્બર કાઢી લેપટોપની ચોરી કરી

(એજન્સી) ગાંધીનગર | તા 04

ગાંધીનગરના સેકટર - 11 હોટલ હવેલી સામે પાર્ક કરેલી કારનાં દરવાજાના કાચનું રબ્બર કાઢી નાખી કોઈ અજાણ્યો ઓમ 25 હજારની કિંમતનું લેપટોપ ચોરીને નાસી જતાં સેકટર - 7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરનાં સેકટર - 11 કોમર્શિયલ વિસ્તાર ચારેય તરફથી સીસીટીવી કેમેરાથી ઘેરાયેલો હોવા છતાં તસ્કરોએ સિફતપૂર્વક કારનો કાચ તોડયા વિના માત્ર રબ્બર કાઢી નાખીને ચોરીને અંજામ આપવામાં આવ્યો આવ્યો હોવાની ફરિયાદ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. ગાંધીનગરના સેક્ટર - 4 ખાતે રહેતો મૂળ દાહોદનાં ફતેપુરા ગામનો વતની અતુલ મગનભાઈ ડામોર સેક્ટર-25 જીઆઈડીસીમાં નોકરી ઉપરાંત રાતના સમયે ડોમીનોઝ પીઝામાં પણ પાર્ટ ટાઈમ કામ કરે છે. ગત તા. 30 મી ડિસેમ્બરની રાતે અતુલ અલ્ટો ગાડી લઈ સેક્ટર - 11 માં આવેલ ડોમિનોઝ પીઝામાં નોકરી ઉપર ગયો હતો. એ વખતે તેણે પોતાની કાર હોટલ હવેલી સામેના ભાગે પાર્ક કરી હતી.

# આચાર્યની ભરતીનો પ્રારંભ: અમદાવાદ જિલ્લાની 41 ખાલી જગ્યા પર ભરતી શરૂ

(એજન્સી) અમદાવાદ | તા 04

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં આગામી 13 જાન્યુઆરી 2025થી મહા કુંભમેળાની શરૂઆત થવા જઈ રહી છે. કરોડો લોકો આ મહા કુંભમળાનો લ્હાવો લેવા આતુર છે, ત્યારે ગુજરાતીઓ પણ વિવિધ માધ્યમથી પ્રયાગરાજ પહોંચવા માટે ઉતાવળા બન્યા છે. બસ અથવા તો ટ્રેન મારફતે લાખો લોકો ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પ્રયાગરાજ જશે, ત્યારે હવે અમદાવાદથી પ્રયાગરાજ માટે મહા કુંભમેળાને ધ્યાને રાખી દરરોજ સ્પેશિયલ ફ્લાઈટ શરૂ કરવામાં આવશે. આગામી 12 જાન્યુઆરીથી 28 ફેબ્રુઆરી દરમિયાન રાઉન્ડ ટ્રીપમાં અમદાવાદથી પ્રયાગરાજ માટેની દરરોજ ફ્લાઈટ મુસાફરોને મળશે. આ ઉપરાંત પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે અને મહા કુંભમેળા દરમિયાન મુસાફરોના વધારાના ધસારાને સમાવવા માટે મુંબઈ સેન્ટ્રલ-લખનઉ, ભાવનગર ટર્મિનસ-લખનઉ અને સાબરમતી-લખનઉ વચ્ચે વિશેષ ભાડા પર ત્રણ વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. 13 જાન્યુઆરીથી શરૂ થતાં મહા કુંભમેળાના એક દિવસ પૂર્વેથી જ સ્પાઈસ જેટ એરલાઈન્સ દ્વારા 12 જાન્યુઆરીની સવારે 8:10 કલાકે અમદાવાદથી ફ્લાઈટ SG655 તેની પ્રથમ ઉડાન ભરશે તથા 1 કલાક 45 મિનિટ બાદ પ્રયાગરાજ એરપોર્ટ પર પહોંચશે એટલે કે, આ ફ્લાઈટ સવારે 9:55 કલાકે પ્રયાગરાજ એરપોર્ટ પર લેન્ડ કરશે. આ ઉપરાંત સાંજે 4:30 કલાકે સ્પાઈસ જેટની ફ્લાઈટ SG658 પ્રયાગરાજ એરપોર્ટથી ટેકઓફ થશે અને 2 કલાક 15 મિનિટ બાદ સાંજે 6:45 કલાકે અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થશે. ઉલ્લેખનીય છે કે, આ ફ્લાઈટ 12 જાન્યુઆરીથી 28 ફેબ્રુઆરી દરમિયાન દરરોજ ઉપલબ્ધ રહશે, જેમાં હાલમાં તો ભાડું ક્યારેક રૂ. 7000 તો કોઈ દિવસે રૂ. 20,000 સુધીનું છે, પરંતુ ભાડામાં ફેરફાર થઈ શકે છે. મહત્વનું છે કે, લોંગ વીકેન્ડમાં વેકેશન માણવા ઈચ્છતા ગુજરાતીઓ માટે પણ સ્પાઈસ જેટ એરલાઈન્સ દ્વારા વિચારવામાં આવ્યું છે. કારણ કે, આ વર્ષે 26 જાન્યુઆરી રવિવારના દિવસે છે તે પહેલાં 25 જાન્યુઆરીએ શનિવાર હોવાથી સ્પાઈસ જેટ એરલાઈન્સ દ્વારા 25 જાન્યુઆરીથી 29 જાન્યુઆરી એમ બે દિવસ દરમિયાન રાઉન્ડ ટ્રીપમાં વધુ એક અમદાવાદથી પ્રયાગરાજ માટે ફ્લાઈટ ઉડાવવામાં આવશે. જેમાં સવારે 5:35 કલાકે અમદાવાદથી ઉડાન ભરી સવારે 7:20 કલાકે પ્રયાગરાજ પહોંચશે. તથા સવારે 8:00 વાગ્યે પ્રયાગરાજથી ઉડાન ભરીને સવારના 9:50 કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચશે.

## વધુ એક નકલી અધિકારી ઝડપાયો

## PSI-ડે. મામલતદારના આઈકાર્ડથી આરોપી લોકો પર રૌફ જમાવતો

અમદાવાદ | રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી નકલીની બોલબાલા વધુને વધુ જોવા મળી રહી છે, ત્યારે વધુ એક નકલી પીએસઆઈ તેમજ ડેપ્યુટી મામલતદાર ઝડપાયો છે. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી, જેના કારણે અધિકારી બનીને ફરતો આરોપી ઝડપાઈ ગયો છે. આરોપી પાસેથી પોલીસના બે નકલી આઈકાર્ડ તેમજ એક ડેપ્યુટી મામલતદારનું આઈકાર્ડ મળી આવ્યુ છે. આરોપીની પૂછપરછ કરતા તે લોકો પર રૌફ મારવા માટે નકલી અધિકારી બન્યો હોવાની કબુલાત કરી છે. આ સાથે જ પરિવહન દરમિયાન ટોલટેક્ષ ન ભરવા ડે. મામલતદારના કાર્ડનો ઉપયોગ કરતો હતો. આ ઉપરાંત તે વીવીઆઈપી સુવિધા સાથે હોટલોમાં પણ મફતામાં રોકાણ કરતો. આ અંગેની વિગત એવી છે કે, મણીનગર પોલીસને બાતમી મળી હતી કે કિરીટ અમીન નામનો શખ્સ મણીનગર વિસ્તારમાં પોલીસની ઓળક આપીને ફરી રહ્યો છે અને હોટલોમાં પણ મફતમાં રોકાય છે. કિરીટ પોતાનું એક્ટિવા લઈને મણીનગર રેલવે સ્ટેશનથી કાંકરીયા તરફ પસાર થવાનો છે. મણીનગર પોલીસે વોચ ગોઠવીને ઉભા હતા ત્યારે મણીનગર રેલવે સ્ટેશનથી એક એક્ટિવા ચાલક પસાર થયો હતો. પોલીસે શંકાના આધારે એક્ટિવા ચાલકને અટકાવીને તેની પૂછપરછ કરી હતી.

# મહાકુંભ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળમંત્રીએ વૉટર એમ્બ્યુલન્સને ફ્લેગ ઓફ કર્યું





નિ:શુલ્ક વોટર એમ્બ્યુલન્સને ફ્લેગ ઓફ કર્યું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

બોટાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વરદ્હસ્તે અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતેથી 'મહાકુંભ-૨૦૨૫ 'માટે 'નિ:શુલ્ક વોટર એમ્બ્યુલન્સ'ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પ્રયાગરાજ ખાતે આગામી સમયમાં યોજાનાર મહાકુંભ-૨૦૨૫માં આવતા શ્રદ્ધાળુઓ માટે સુધાંશુ મહેતા ફાઉન્ડેશન દ્વારા પ્રયોજિત વોટર એમ્બ્યુલન્સ આશીર્વાદરૂપ સાબિત થશે. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગ વ્યાસ, પૂર્વ મેયરશ્રી, કલેક્ટર શ્રી મેહુલ દવે, સંગઠનના સભ્યો શ્રી રત્નાકરજી, શ્રી રૂચિર ભટ્ટ, શ્રી કેતન પટેલ, શ્રી યજ્ઞેશ દવે તેમજ સુધાંશુ મહેતા ફાઉન્ડેશનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...